પાના ૮, કિંમત રૂ.૨, તા. ૧૮-૦૫-૨૦૨૬-સોમવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૧ ● અંક : ૧૩૩ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in pratapdarpan_official pratapdarpansrt@gmail.com pratapdarpan_official11

# ભારત-સ્વીડનને એકબીજાનો સાથ જરૂરી: મોદી

## આતંકવાદ માનવતા માટે ખતરો, તેની સામે ભારત લડાઈ ચાલુ રાખશે : યુરોપિયન રાઉન્ડ ટેબલ ફોર ઈન્ડસ્ટ્રીઝને સંબોધતા વડાપ્રધાન

નવી દિલ્હી, તા. ૧૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદી સ્વીડનની મુલાકાતે છે. તેમણે ગોથેનબર્ગમાં 'યુરોપિયન રાઉન્ડ ટેબલ ફોર ઈન્ડસ્ટ્રી'ને સંબોધિત કરતી વખતે આતંકવાદ પર ચિંતા વ્યક્ત કરી.મોદીએ કહ્યું કે, વર્તમાન તણાવપૂર્ણ વૈશ્વિક માહોલમાં ભારત અને સ્વીડન જેવા લોકતાંત્રિક દેશો વચ્ચે ગાઢ સહયોગ અત્યંત જરૂરી છે. ભારત અને સ્વીડન આ વાત પર સહમત છે કે આતંકવાદ સમગ્ર માનવતા માટે જોખમી છે.

તેમણે કહ્યું કે, પહેલગામ આતંકી હુમલા બાદ ભારતને મળેલા સમર્થન માટે અમે સ્વીડનના વડાપ્રધાન ક્રિસ્ટરસનના આભારી છીએ. અમે આતંકવાદ અને તેનું સમર્થન કરનારાઓ સામે અમારી લડાઈ ચાલુ રાખીશું.



પીએમ મોદીને સ્વીડનમાં 'રોયલ ઓર્ડર ઓફ પોલર સ્ટાર કમાન્ડર ગ્રાન્ડ ક્રોસ' સન્માનથી સન્માનિત કરવામાં આવ્યા છે. આ કોઈપણ દેશના વડાપ્રધાન અથવા સરકારના વડાને આપવામાં આવતું સ્વીડનનું સર્વોચ્ચ સન્માન છે.

ગોથેનબર્ગ શહેરમાં રવિવારે આયોજિત કાર્યક્રમ દરમિયાન પીએમ મોદીને આ સન્માન પ્રદાન કરવામાં આવ્યું. આ પ્રસંગે સ્વીડનના વડાપ્રધાન ઉલ્ફ ક્રિસ્ટરસન સહિત અનેક વરિષ્ઠ નેતાઓ હાજર રહ્યા હતા. આ મોદીને મળેલું ૩૧મું આંતરરાષ્ટ્રીય સન્માન છે.

મોદી ૮ વર્ષ પછી સ્વીડન પહોંચ્યા છે. આ પહેલા તેમણે ૨૦૧૮માં સ્વીડનની મુલાકાત લીધી હતી. PM મોદીનું વિમાન જેવું સ્વીડનની સીમામાં પહોંચ્યું હતું, સ્વીડિશ ફાઈટર જેટ્સે તેને સુરક્ષા આપતા એસ્કોર્ટ કર્યું. સ્વીડનના વડાપ્રધાન ઉલ્ફ ક્રિસ્ટરસન PM મોદીને રિસીવ કરવા ગોથેનબર્ગ એરપોર્ટ પર પહોંચ્યા હતા.

# બિહારના શેખપુરામાં ગરમીથી સ્કૂલની ૨૭ છોકરીઓ બેભાન

### યુપીના બાંદામાં તાપમાન ૪૬.૪ ડીગ્રી: મધ્યપ્રદેશ, રાજસ્થાન સહતિ ૨૨ શહેરોમાં પારો ૪૩ ડીગ્રી પાર

નવી દિલ્હી, તા. ૧૮

રાજસ્થાન, મધ્ય પ્રદેશ સહિત મેદાની વિસ્તારોના ૯ રાજ્યોમાં આજે ભીષણ ગરમીનું એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. હવામાન વિભાગ મુજબ આ રાજ્યોમાં ઘણા જિલ્લાઓનું તાપમાન ૪૫ઝ નો આંકડો પાર કરી જશે.પંજાબ, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી, મહારાષ્ટ્રનો વિદર્ભ-મરાઠવાડા અને તેલંગાણા પણ આજે યલો એલર્ટ પર છે.ગરમીનો આ દોર છેલ્લા એક અઠવાડિયાથી ચાલુ છે. રવિવારે UPનું બાંદા ૪૬.૪C સાથે દેશનું સૌથી ગરમ શહેર રહ્યું. રાજસ્થાનના બીકાનેર-બાડમેરમાં પારો ૪૫°C અને MPના ખંડવામાં ૪૪.૫°C નોંધાયો.

આ તરફ, બિહારમાં બે પ્રકારનું હવામાન છે. ઘણા જિલ્લાઓમાં ઉકળાટ અને ગરમીથી લોકો પરેશાન છે, જ્યારે કેટલીક જગ્યાએ વરસાદ પડી રહ્યો છે. શેખપુરાના કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયમાં શનિવારે સાંજે પ્રાર્થના દરમિયાન ૨૭ વિદ્યાર્થીનીઓ બેહોશ થઈને પડી ગઈ. તમામને શેખપુરા સદર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે.

ગરમીએ પોતાનો પ્રભાવ બતાવવાનું શરૂ કરી દીધું છે. દિવસની સાથે રાત પણ તપવા લાગી છે. આ સપ્તાહે રાજ્યના પશ્ચિમીની સાથે ઉત્તરી અને પૂર્વીય ભાગોમાં પણ ગરમી તેજ બનશે. હવામાન વિભાગે ૧૮ અને ૧૯ મેના રોજ ૧૯ જિલ્લાઓમાં હીટવેવનું યલો એલર્ટ જાહેર કર્યું છે. આ શહેરોનું તાપમાન ૪૨ થી ૪૫ ડિગ્રી સુધી પહોંચવાની સંભાવના છે. આ તરફ, કોટામાં ગાયોને ગરમીથી બચાવવા માટે પાણીનો છંટકાવ કરવામાં આવી રહ્યો છે.

# ફતેહપુરમાં ગેસ સિલીન્ડર ફાટતા નવ લોકો ઘાયલ

### ઘરમાં રાત્રી સમયે ગેસ લીકેજ બાદ પ્રચંડ ધડાકો

નવી દિલ્હી, તા. ૧૮

ફતેહપુર. ઉત્તર પ્રદેશના ફતેહપુર જિલ્લામાં એક દુઃખદ ઘટનામાં, ગેસ સિલિન્ડર લીકેજ થયા બાદ મોટો વિસ્ફોટ થયો હતો. નવ લોકો ઘાયલ થયા હતા. આ ઘટના કલ્યાણપુર પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના પિલખીની ગામમાં બની હતી, જ્યાં બે રૂમવાળા ઘરમાં ગેસ લીકેજ થવાથી અચાનક વિસ્ફોટ થયો હતો. રવિવારે રાત્રે લગભગ ૯ વાગ્યે આ ઘટના બની હતી જ્યારે સંતોષ લોધીની પત્ની કલાવતી ઘરમાં રાંધી રહી હતી. રસોઈ બનાવતી વખતે ગેસ પાઈપ લીકેજ થઈ ગઈ હોવાનું કહેવાય છે. ઘરની અંદર છ લોકો આગમાં ફસાઈ ગયા હતા, જ્યારે તેમને બચાવવા દોડી આવેલા ત્રણ અન્ય લોકો પણ બળી ગયા હતા. આ ઘટનાથી વિસ્તારમાં ગભરાટ ફેલાયો હતો. માહિતી મળતાં, પોલીસ અને એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે પહોંચી હતી, અને તમામ ઘાયલોને તાત્કાલિક માલવાન મેડિકલ કોલેજમાં લઈ જવામાં આવ્યા હતા. નવ લોકોમાંથી આઠ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા અને તેમને વધુ સારવાર માટે કાનપુર રિફર કરવામાં આવ્યા હતા. આ

અનુસંધાન પાના ૭ પર

# ઓસ્લોના નોર્વેમાં શાહી દંપતિ સાથે મોદીની મુલાકાત

### કાલે અંતિમ તબક્કામાં ઈટલી પહોંચશે વડાપ્રધાન મોદી

ઓસલો, તા. ૧૮

છેલ્લા ૪૩ વર્ષમાં પ્રથમ વખત ભારતના કોઈ વડાપ્રધાનની નોર્વે યાત્રામાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી યુરોપના આ દેશના પાટનગર-ઓસ્લો ખાતે પહોંચ્યા હતા. પાંચ દેશોના પ્રવાસે રહેલા શ્રી મોદી કાલે સ્વીડન બાદ ઓસ્લો પહોંચ્યા હતા.

નોર્વેથી લગભગ ૭૦ કંપનીઓ ભારતમાં ખાસ કરીને શીપીંગ તથા હાઈડ્રો ઈલેકટ્રીસીટીમાં કાર્યરત છે તથા આ દેશની કંપની ઈકિવાનોર ભારતમાં એલપીજી નિકાસ કરે છે. મોદીની આ યાત્રામાં ભારત નાર્ડીક સમીટ યોજાશે જેમાં ડેનમાર્ક, ફિનલેન્ડ, આઈસલેન્ડ, સ્વીડન, નોર્વેનું સંયુક્ત સંગઠન છે.દુનિયામાં નાર્ડીક દેશો વચ્ચે અમેરિકા પછી ભારત જ એક દેશ છે જે આ પ્રકારનું પ્લેટફોર્મ ધરાવે છે તથા તેમાં બ્લુ-ઈકોનોમી, રક્ષા ગ્રીન ટેકનોલોજી, ડીજીટલ, ૬જી ટેકનોલોજી જીયોથર્મલ-ઉર્જા તથા ગ્લોબલ વોર્મિંગમાં કામ કરે છે.

શ્રી મોદી વડાપ્રધાન જોનાસ સ્ટોર સાથે દ્વીપક્ષીય બેઠક યોજશે તથા નોર્વેના રાજા હેરાલ્ડ પંચમ અને રાની સોન્જાને પણ મળશે. નોર્વેની ઈકોનોમી ખૂબજ સમૃદ્ધ છે તેના પેન્શન ફંડનું ભારતમાં રોકાણ છે.

આમ મોદીની આ મુલાકાત ભારતમાં ઉર્જા જરૂરિયાતોમાં મહત્વની બની રહેશે. શ્રી મોદી તેમના પ્રચારના અંતિમ તબક્કામાં ઈટલી જશે જ્યાં તેઓ વડાપ્રધાન જયોર્જીયા એલોની સાથે દ્વીપક્ષીય મંત્રણા યોજશે.

# બિહારના સાસારામમાં ટ્રેનના જનરલ ડબ્બામાં આગ લાગી

### રેલ્વેના તમામ મુસાફરો સુરક્ષિત બહાર નિકળી ગયા

નવી દિલ્હી, તા. ૧૮

બિહારના ભભુઆ-સાસારામ-પટના ઈન્ટરસિટી એક્સપ્રેસ (ટ્રેન નંબર ૫૩૨૧૨)માં સોમવારે અચાનક આગ લાગી ગઈ. આગ ટ્રેનની જનરલ બોગી D૩ માં લાગી હતી. ત્યારબાદ બોગીમાંથી ધુમાડો અને જ્વાળાઓ ઉઠવા લાગી.

ઘટના સમયે ટ્રેન પ્લેટફોર્મ પર ઉભી હતી. આગ લાગતા જ મુસાફરો વચ્ચે નાસભાગ જેવી સ્થિતિ સર્જાઈ. લોકો પોતાનો જીવ બચાવવા માટે ઉતાવળમાં ટ્રેનમાંથી ઉતરવા લાગ્યા. ઘણા મુસાફરો પોતાનો સામાન છોડીને પ્લેટફોર્મ તરફ ભાગ્યા હતા.

નજરેજોનારના જણાવ્યા મુજબ, પહેલા કોચની અંદરથી તીવ્ર બળવાની ગંધ અનુભવાઈ. ત્યારબાદ બોગીની અંદર ધુમાડો ભરાવા લાગ્યો અને આગની જ્વાળાઓ દેખાઈ.

ટ્રેન સવારે ૬.૪૫ વાગ્યે સાસારામથી ઉપડવાની હતી. ડબ્બામાં આગ ટ્રેન ઉપડતા પહેલા લાગી ગઈ હતી. આગ લાગ્યા બાદ ટ્રેનને રદ કરી દેવામાં આવી છે. ગઈકાલે એટલે કે રવિવારે ત્રિવેન્દ્રમથી હઝરત નિઝામુદ્દીન (દિલ્હી) જઈ રહેલી રાજધાની એક્સપ્રેસ (ગાડી નંબર ૧૨૪૩૧)માં આગ લાગી હતી.

અનુસંધાન પાના ૭ પર

# કેરળના મુખ્યમંત્રી બનતા સતીશન

નવી દિલ્હી, તા. ૧૪

કોંગ્રેસના નેતા વીડી સતીશને કેરળના મુખ્યમંત્રી પદના શપથ લીધા. રાજ્યપાલ આર્લેકર, મુખ્યમંત્રી પછી તેમના મંત્રીમંડળના ૨૦ મંત્રીઓને શપથ લેવડાવ્યા હતા. આ સમારોહ તિરુવનંતપુરમના સેન્ટ્રલ સ્ટેડિયમમાં યોજાયો હતો.આ સમારોહમાં રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી પણ હાજર રહ્યા હતા. પૂર્વ મુખ્યમંત્રી પી. વિજયન, ભાજપ નેતા રાજીવ ચંદ્રશેખર અને કોંગ્રેસ શાસિત તમામ રાજ્યોના મુખ્યમંત્રીઓએ પણ હાજરી આપી હતી. શશિ થરૂર તેમના વિદેશ પ્રવાસને કારણે ગેરહાજર રહ્યા હતા.



### મુખ્યમંત્રી સાથે સમગ્ર કેબિનેટે શપથ લીધાઃ રાહુલ-પ્રિયંકા સહિત લેફ્ટ અને ભાજપના નેતાઓ પણ હાજર

૬૦ વર્ષમાં આ પહેલી વાર છે જ્યારે કેરળમાં મુખ્યમંત્રી સાથે સમગ્ર મંત્રીમંડળે એકસાથે શપથ લીધા. સતીશન પહેલા કેરળના ત્રીજા મુખ્યમંત્રી, આર.શંકરે ૧૯૬૨માં તેમના સંપૂર્ણ મંત્રીમંડળ સાથે શપથ લીધા હતા. જોકે, ૧૯૬૪માં અવિશ્વાસ પ્રસ્તાવ બાદ તેમની સરકાર પડી ગઈ હતી.

વી.ડી. સતીસનના નેતૃત્વ હેઠળની કેરળ સરકારમાં એમ. લીજુ, કે.એમ.શાજી, પી.કે.બશીર અને વી.ઈ. અબ્દુલ ગફૂરને કેબિનેટ મંત્રી પદના શપથ લીધા.

સાથે જ શિબુ બેબી જોન, અનૂપ જેકબ, સી.પી.જોન અને એ.પી.અનિલ કુમારને કેબિનેટ મંત્રી પદના શપથ લીધા.

કેરળ સરકારના કેબિનેટ મંત્રીમાં પીકે કુન્હાલીકુટ્ટી, સન્ની જોસેફ, કે મુરલીધરન અને મોન્સ જોસેફે કેબિનેટ મંત્રી પદના શપથ લીધા હતા. આ પહેલા રમેશ ચેન્નીથલાએ પણ કેબિનેટ મંત્રી પદના શપથ લીધા હતા.

કેરળના મંત્રી પી.સી.વિષ્ણુનાથે કહ્યું, "આ એક ગર્વની ક્ષણ અને એક મોટી જવાબદારી છે. ટૂંક સમયમાં વિભાગોનો નિર્ણય લેવામાં આવશે. અમારા બધા કાર્યકર્તાઓ ખુશ છે,

અનુસંધાન પાના ૭ પર

# ચારધામ યાત્રામાં ઉમટયું શ્રદ્ધાળુઓનું ઘોડાપુર

### ભગવાનના દર્શન માટે ૧ કિ.મી.થી વધુની લાઈન લાગી

નવી દિલ્હી, તા. ૧૮

ઉત્તરાખંડમાં ચારધામ યાત્રા દરમિયાન શ્રધ્ધાળુઓની ભારે ભીડ સતત વધતી રહી છે કેદારનાથ, બદરીનાથ અને ગંગોત્રી ધામમાં દર્શન માટે લાંબી લાઈનો લાગી રહી છે.

સૌથી વધુ દબાણ કેદારનાથ યાત્રા માર્ગ પર જોવા મળી રહ્યું છે. જયાં સોનપ્રયાગથી માંડીને ગૌરી કુંડ સુધી યાત્રીઓની ભારે ભીડ ઉમટી રહી છે. વીક-એન્ડ પર દેશભરમાંથી પહોંચેલા હજારો શ્રધ્ધાળુઓના કારણે પ્રશાસનને ભીડને નિયંત્રણ કરવામાં ઘણી મુસીબતોનો સામનો કરવો પડી રહ્યો છે.

ગંગોત્રી ધામમાં શુક્રવારે લગભગ એક કિલોમીટર લાંબી લાઈન લાગી હતી, જયારે કેદારનાથ ધામમાં દર્શન માટે કેટલાય કલાકો સુધી રાહ જોવી સામાન્ય બાબત બની ગઈ છે. પંચ કેદારયાત્રામાં સામે રૂદ્રનાથ મંદિરના કપાટ ગ્રીષ્મકાલીન દર્શન માટે આજે સોમવારે ખોલાશે.

# લખીમપુરમાં ટ્રક મેજીક સાથે અથડાતા ૧૦ મુસાફરોના મોત

### મેજિક વાહનનો કચ્ચરઘાણ નિકળી જતા તમામ ૧૦ લોકોનાં કરૂણ મોત

નવી દિલ્હી, તા. ૧૮

UPના લખીમપુર ખીરીમાં સોમવારે સવારે ૭.૩૦ વાગ્યે રોડ અકસ્માતમાં ૧૦ લોકોના મોત થયા. અહી પૂરપાટ ઝડપે આવતા ટ્રકે સામેથી આવી રહેલા મેજિક વાહનને

ટક્કર મારી. મેજિકમાં ૨ મહિલાઓ સહિત કુલ ૧૦ લોકો સવાર હતા. અકસ્માતમાં બધાના જીવ ગયા.ટક્કર એટલી ભયાનક હતી કે મેજિક ઘસડાતું ૧૦ ફૂટ દૂર જઈને અટક્યું. તેમાં બેઠેલા લોકોના માથા ફાટી ગયા. એક વ્યક્તિનો આખો ચહેરો ઓળખ ન થાય તેવો થઈ ગયો. લોકો સીટની વચ્ચે જ ફસાઈ ગયા. બે લોકો ઉછળીને બહાર રોડ પર પડ્યા. આસપાસ હાજર લોકો ઘટનાસ્થળે પહોંચ્યા. પોલીસને જાણ કરી. રાહત કાર્ય શરૂ કર્યું.

પોલીસે ઘટનાસ્થળે પહોંચીને એક ઘાયલને નજીકની હોસ્પિટલમાં પહોંચાડ્યો. સારવાર દરમિયાન તેણે પણ દમ તોડી દીધો. પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું કે મેજિક વાહન લખીમપુરથી સિસૈયા તરફ જઈ રહ્યું હતું. તેને બહરાઈચથી આવી રહેલા ટ્રકે સામેથી ટક્કર મારી. ટ્રકની સ્પીડ ખૂબ જ વધારે હતી. અચાનક બેકાબૂ થઈ ગયો. અકસ્માત બાદ ટ્રક ચાલક ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો.પોલીસે મૃતદેહોનો કબજો લઈને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા છે. અકસ્માત જિલ્લા મુખ્યાલયથી ૪૦ કિમી દૂર પીલીભીત-બસ્તી હાઈવે પર અદલીસપુર ગામ પાસે થયો.ખમરિયાના સીઓ શમશેર બહાદુર સિંહે જણાવ્યું- પોલીસે ટ્રકને કબજે લીધો છે. ડ્રાઈવરની શોધખોળ ચાલી રહી છે. જ્યારે, સીએચસી ખમરિયાના અધિક્ષક ડો. અમિત કુમાર સિંહે જણાવ્યું- અકસ્માત બાદ ૨ મહિલાઓ અને ૭ પુરુષોના મૃતદેહ અહી લાવવામાં આવ્યા હતા. ઘણા મૃતદેહો ખરાબ રીતે કચડાઈ ગયા હતા. એક ગંભીર રીતે ઘાયલ પુરુષને જિલ્લા હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યો હતો, પરંતુ રસ્તામાં તેનું પણ મૃત્યુ થયું હતું.

# ક્રુડનો ભાવ ૧૧૧ ડોલર ડોલર સામે રૂપિયો ૯૬.૨૮

### અમેરિકા-ઈરાન વચ્ચે સમજૂતી નહીં થતા ક્રૂડ તેલના ભાવોમાં આગ

નવી દિલ્હી, તા. ૧૮

મધ્ય પૂર્વમાં ફરી તનાવ વધવા સાથે નવેસરથી મહાયુધ્ધ થવાના ભણકારો હેઠળ ક્રૂડતેલ સળગ્યું હતું અને કરન્સી માર્કેટમાં રૂપિયો નવા તળીયે ધસી ગયો હતો.અમેરિકા-ઈરાન વચ્ચેના યુધ્ધમાં સીઝફાયર હોવા છતાં કોઈ સમજુતી થતી નથી.પરમાણુ તથા હોર્મુઝ મામલે મડાગાંઠનો ઉકેલ આવતો નથી. બન્ને દેશો એક બીજાની શરતો ફગાવી રહ્યા છે તેવા સમયે વિશ્વસ્તરે ગભરાટનો માહોલ છે. આ દરમિયાન યુએઈના ન્યુક્લીયર મથક પર ડ્રોન હુમલો થતાં ગભરાટ વધુ વકર્યો હતો. તનાવ ગંભીર બનવાની ભીતિ વ્યક્ત થવા લાગી હતી.વૈશ્વિક ઘટનાક્રમો વચ્ચે આજે ડબલ્યૂટીઆઈ ક્રૂડ ઉંચકાઈને ૧૦૭.૫૫ ડોલર થયું હતું. જ્યારે બ્રેન્ટ ક્રૂડના ૧૧૧.૦૭ ડોલર હતા. ભારતને કરન્સી મોરચે પણ માર હોય તેમ ડોલર સામે રૂપિયો ૩૧ પૈસા ગગડીને ૯૬.૨૮ના નવા તળીયે ધસી ગયો હતો.

કરન્સી માર્કેટમાં રૂપિયાના ઘટવાથી ભારતને બેવડો માર પડી રહ્યો છે તમામ ક્રુડ તેલ, ખાતર, સોના-ચાંદી, ઈલેકટ્રોનિકસ સહિતની તમામે તમામ ચીજોમાં ભાવ વધારાનો ડામ લાગવાના પગલે હવે લોકલ માર્કેટમાં પર મોંઘવારી ડાકલા વાગે તેવો ભય સર્જાઇ રહ્યો છે. નિષ્ણાંતો આવતા દિવસોમાં હજુ રૂપિયો દબાણ હેઠળ જ રહેવાની ચેતવણી આપી રહ્યા છે. તેના કારણે અર્થતંત્ર પર મોટો પડકાર ઉભો થઇ શકે છે.

# અમેરિકામાં એર-શોમાં બે ફાઈટર જેટ હવામાં અથડાયા

### ભયાનક હવાઈ દુર્ઘટનામાં ચાર ક્રૂ મેમ્બરો સુરક્ષિત

નવી દિલ્હી, તા. ૧૮

અમેરિકામાં રવિવારે બે EA-18G ગ્રોલર ફાઈટર જેટ ક્રેશ થયા. આ દુર્ઘટના ઈડાહો સ્થિત માઉન્ટેન હોમ એર ફોર્સ બેઝ પર એર શો દરમિયાન થઈ.ન્યૂઝ એજન્સી AP અનુસાર, બંને વિમાનોમાં સવાર તમામ ૪ ક્રૂ મેમ્બર દુર્ઘટનાના થોડા સેકન્ડ પહેલા સુરક્ષિત રીતે ઈજેક્ટ થઈ ગયા. સોશિયલ મીડિયા પર સામે આવેલા વીડિયોમાં પણ ચાર પેરાશૂટ દેખાયા છે.માઉન્ટેન હોમ એર ફોર્સ બેઝના પ્રવક્તાએ જણાવ્યું કે દુર્ઘટનાના તરત જ બાદ એર ફોર્સ બેઝને લોકડાઉન કરી દેવામાં આવ્યું. દિવસના બાકીના કાર્યક્રમો રદ કરી દેવામાં આવ્યા. ઈમરજન્સી રિસ્પોન્ડર્સ ઘટનાસ્થળે હાજર છે અને દુર્ઘટનાની તપાસ શરૂ કરી દેવામાં આવી છે.એવિએશન સેફ્ટી એક્સપર્ટ જેફ ગુઝેટીના મતે, મિડ-એર ટક્કરમાં સામાન્ય રીતે ઈજેક્ટ થવાની તક મળતી નથી. આ કિસ્સામાં, બંને વિમાનો ટકરાયા પછી થોડા સમય માટે જોડાયેલા રહ્યા, જેના કારણે ક્રૂને બહાર નીકળવાનો સમય મળી ગયો.

અમેરિકી હવામાન વિભાગના મતે, અકસ્માત સમયે હવામાન સ્વચ્છ હતું અને વિઝિબિલિટી સારી હતી. પ્રાથમિક દ્રષ્ટિએ આ પાયલોટિંગ એરર લાગી રહી છે, જોકે તેની સત્તાવાર પુષ્ટિ તપાસ બાદ થશે.

ગનફાઈટર સ્કાયઝ એર શો ૮ વર્ષ પછી યોજાઈ રહ્યો હતો. લશ્કરી વિમાનોના પ્રદર્શન અને એરિયલ ડેમોન્સ્ટ્રેશન જોવા માટે હજારો લોકો પહોંચ્યા હતા. આયોજનની તૈયારી લગભગ ૨ વર્ષથી ચાલી રહી હતી.

આ અકસ્માતે માઉન્ટેન હોમ એર શોના જૂના અકસ્માતોની યાદ પણ તાજી કરી દીધી. ૨૦૧૮માં અહીં એક હેંગ ગ્લાઈડર પાયલટ રનવે પર ક્રેશમાં માર્યો ગયો હતો. ૨૦૦૩માં પણ એર શો દરમિયાન થંડરબર્ડ્સનું એક જેટ ક્રેશ થયું હતું, જોકે પાયલટ બચી ગયો હતો.



# કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલ દ્વારા સ્વ-ગણતરી કરાઈ

## પોર્ટલ પર ઓનલાઈન વિગતો ભરી નાગરિકોને ડિજિટલ 'સ્વ-ગણતરી'માં જોડાવા અનુરોધ

સુરત, તા.૧૮

ભારત સરકાર દ્વારા રાષ્ટ્રના ભાવી વિકાસ અને સુવ્યવસ્થિત આયોજન માટે 'સ્વ વસતી ગણતરી - ૨૦૨૭' ની પ્રક્રિયાને સૌથી મહત્વપૂર્ણ રાષ્ટ્રીય અભિયાન તરીકે જાહેર કરાઈ છે. ભારત સરકાર દ્વારા પૂરી પાડવામાં આવેલી વિશેષ ડિજિટલ સુવિધા 'સ્વ-ગણતરી' અભિયાન અંતર્ગત સુરત ખાતેથી કેન્દ્રીય જળશક્તિમંત્રી સી.આર. પાટીલે અભિયાનના પ્રથમ દિવસે જ પોતાના નિવાસસ્થાનેથી ઓનલાઈન પોર્ટલ પર પરિવારની વિગતો ભરીને આ રાષ્ટ્રીય કાર્યમાં પોતાનું સક્રિય ભાગીદારી નોંધાવી હતી.

આ અવસરે કેન્દ્રીય જળશક્તિમંત્રી સી.આર. પાટીલે વિશેષ સંદેશ પાઠવીને જણાવ્યું હતું કે, વસ્તી ગણતરી એ આંકડાકીય પ્રક્રિયા સાતે દેશના નીતિ નિર્માણ અને વિકાસ યોજનાઓનો મજબૂત પાયો છે. આ પ્રક્રિયા દ્વારા પ્રાપ્ત થતી વિગતોના આધારે જ સરકાર આરોગ્ય, શિક્ષણ, આવાસ, રોજગાર અને પરિવહન જેવા મહત્વના ક્ષેત્રોમાં સંસાધનોનું યોગ્ય વિતરણ અને જનકલ્યાણકારી યોજનાઓનું અસરકારક અમલીકરણ સુનિશ્ચિત કરે છે. સચોટ આંકડાઓ જ વિકાસના લાભોને સાચા લોકો અને છેવાડાના વિસ્તારો સુધી પહોંચાડવામાં મદદરૂપ સાબિત થાય છે.

આ મહા-અભિયાનના પ્રથમ તબક્કા તરીકે, ૧૭ મે ૨૦૨૬ થી ૩૧ મે ૨૦૨૬ દરમિયાન 'સ્વ-ગણના' પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. આ આધુનિક પહેલ અંતર્ગત નાગરિકોને પોતાના ઘરે બેઠા જ ઓનલાઈન માધ્યમથી પોતાની સાચી અને સંપૂર્ણ માહિતી નોંધાવવાની સુવિધા આપવામાં આવી છે. કેન્દ્રીય મંત્રીએ દેશના તમામ નાગરિકોને આ પ્રક્રિયામાં સક્રિયપણે જોડાવા અને રાષ્ટ્ર નિર્માણમાં પોતાનું અમૂલ્ય યોગદાન આપવા ભાવભરી અપીલ કરી છે. તેઓએ વધુમાં ઉમેર્યું કે, જનગણના ૨૦૨૭ ને સફળ, સચોટ અને સર્વસમાવેશી બનાવીને આપણે એક સશક્ત ભારતની દિશામાં આગળ

અનુસંધાન પાના ૭ પર

# અધિક માસમાં ઓલપાડમાં શ્રી સિધ્ધનાથ મહાદેવના ભક્તો દર્શનાર્થે ઉમટી પડયા

## હાલમાં મંદિરના પ્રવેશદ્વાર સહિત ભવ્ય એકઝીટ ગેટનું નિર્માણ કાર્યરત

સુરત, તા.૧૮

ઓલપાડ:-પવિત્ર અધિક માસનો શુભ આરંભ શરૂ થતા જ ઓલપાડ તાલુકાના સરસ મુકામેના પ્રાચીન શિવમંદિર શ્રી સિધ્ધનાથ મહાદેવજીના દર્શનાર્થે ભક્તો ઉમટી પડયા હતાં. ઓલપાડ તાલુકાના સરસ મુકામે આવેલ શિવભક્તોની આસ્થાનું પ્રાચીન અને ઐતિહાસિક શ્રી સિધ્ધનાથ મહાદેવ મંદિર આવેલ છે.આ મંદિરના પરિસરમાં પ્રવેશદ્વાર સહિત ભવ્ય એકઝીટ ગેટના ખાતમુહૂર્ત,શિલાન્યાસ અને પૂજનવિધિનો કાર્યક્રમ સુરત ડિસ્ટ્રિક્ટ પ્રિન્સિપાલ જજ શ્રી રાહુલભાઈ ત્રિવેદી સાહેબના વરદહસ્તે સંપન્ન થયો હતો. જેસલમેરના યલો સંગેમરમરના પથ્થરથી બનનાર આ બંન્ને ગેટ



ઉપર શિવ પરિવારનું સ્થાપન કરવામાં આવનાર છે.આ પ્રસંગે સુરત ડિસ્ટ્રિક્ટ પ્રિન્સિપાલ જજ શ્રી રાહુલભાઈ ત્રિવેદી સાહેબે બંન્ને ગેટના નિર્માણ કાર્યમાં યોગદાન આપવા કોઈપણ ભક્તોને દાન રકમની અપીલ કરી ન હતી.પરંતુ તેમણે શિવભક્તોને શ્રી સિદ્ધનાથ મહાદેવજીમાં શ્રદ્ધા રાખી દર્શનનો લ્હાવો લેવા માટે અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે નામદાર ઓલપાડ કોર્ટના પ્રિન્સિપાલ સિનિયર સીવીલ જજ શ્રી એન.ડી. શર્મા સાહેબ, એડીશનલ સિનિયર સીવીલ જજ દીપ્તીબેન એમ.પંડયાજી, સીવીલ કોર્ટના રજીસ્ટાર શ્રી વાય.એમ.ખેંગાર સહિત અન્ય શુભેચ્છકોએ પણ શિવજીના દર્શન કર્યા હતાં.

# સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા દ્વારા એમએસએમઈ મેગા આઉટરીચ કેમ્પેઇનનું સફળ આયોજન



સુરત, તા.૧૮

સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા, રીજનલ ઓફિસ સુરત દ્વારા તા. ૧૬ મે ૨૦૨૬ના રોજ રાજહંસ ઈન્ડસ્ટ્રિયલ પાર્ક ખાતે MSME મેગા આઉટરીચ કેમ્પેઈનનું સફળ આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમ કોર્પોરેટ જનરલ મેનેજર શ્રી રાજ કોકિલ સિંહ તથા રીજનલ હેડ શ્રી નિશાંત રંજનના માર્ગદર્શન હેઠળ યોજાયો. કેમ્પેઈન દરમિયાન બેંક દ્વારા MSME માટેની વિવિધ યોજનાઓ રજૂ કરવામાં આવી, જેમાં વણકરો અને ટેક્સટાઈલ મેન્યુફેક્ચરિંગ પ્રવૃત્તિઓ માટે સેન્ટ ટેક્સટાઈલ, કેપ્ટિવ સોલાર પ્રોજેક્ટ્સ માટે સેન્ટ સોલાર ઉદ્યમ સુરક્ષા, સેન્ટ હોટેલ, સેન્ટ એન્જિનિયરિંગ તથા અન્ય વિવિધ યોજનાઓનો સમાવેશ થાય છે. આ યોજનાઓ સ્પર્ધાત્મક વ્યાજદર અને સરળ ક્રેડિટ સુવિધા સાથે ઉપલબ્ધ છે. ઉપરાંત, બેંક દ્વારા MSME e-Advisroy Services તથા Cent e-Trade Protal અંગે પણ માહિતી આપવામાં આવી. મુલાકાત દરમિયાન કોર્પોરેટ જનરલ મેનેજર શ્રી રાજ કોકિલ સિંહ અને રીજનલ હેડ શ્રી નિશાંત રંજનએ FOSTA (Federation of Surat Trade & Textile Associations) ના પ્રમુખ તેમજ Southern Gujarat Chamber of Commerce and Industry ના પ્રતિનિધિઓ સાથે MSME ક્ષેત્રના વિકાસ અને પરસ્પર લાભદાયી વ્યવસાયિક તકો અંગે વિસ્તૃત ચર્ચા કરી. આ કેમ્પેઈનને ઉદ્યોગકારો અને ઔદ્યોગિક એકમો તરફથી ઉત્તમ પ્રતિસાદ મળ્યો. કેમ્પ દરમિયાન ૧૦૩ કરોડના સૅન્કશન પ્રાપ્ત થયા તથા ૪૧૮ કરોડના બિઝનેસ લીડ્સ જનરેટ કરવામાં સફળતા મળી. આ પહેલ ઉદ્યોગકારોને નવા વ્યવસાય શરૂ કરવા તથા વર્તમાન વ્યવસાયના વિસ્તરણમાં મદદરૂપ બનશે અને MSME ક્ષેત્રમાં રોજગાર સર્જન તથા આર્થિક વિકાસને પ્રોત્સાહન આપશે.

# કુંકણી ગામે ૭૩ વર્ષીય વૃદ્ધાએ ઝેરી દવા પી કરેલો આપઘાત

## વૃદ્ધા પ્રેશર અને મોતિયાની બિમારીથી પિડાતી હતી

સુરત, તા.૧૮

ઓલપાડ તાલુકાના કાંઠા વિસ્તારના કુંકણી ગામે રહેતી ૭૩ વર્ષીય વૃદ્ધાએ પ્રેશર અને મોતિયાની બિમારીની પીડા સહન ન થતા તેમણે ઘાસ મારવાની ઝેરી દવા ગટગટાવી મોતને વ્હાલું કર્યું છે. કુંકણી ગામે જશુબેન છગનભાઈ પટેલ (ઉ.વ.૭૩)નામની વૃદ્ધા તેના સ્વર્ગસ્થ પતિના ફેમિલી પેન્શનના સહારે પોતાનું જીવન ગુજારતી હતી. પ્રેશરની બિમારીથી પિડાતી આ વૃદ્ધાને આંખે મોતિયો હોવાથી તે બિમારીના કારણે કંટાળી ગઈ હતી.જેથી તેમણે ગત શનિવાર, તા.૧૬ ના રોજ સવારે- ૭:૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરમાં પડેલ ઘાસ મારવાની ઝેરી દવા ગટગટાવી હતી. જો કે આ બાબત ની જાણ થતા વૃદ્ધાના પરિવાર જનો તેમને સારવાર અર્થે સુરત શહેરના અડાજણ ખાતેની એક ખાનગી હોસ્પિટલ લઈ ગયા હતાં.જ્યાં ચાલુ સારવાર દરમ્યાન બપોરે- ૨:૪૦ વાગ્યેના સમયે વૃદ્ધાને મોત ભરખી ગયું હતું. આ બાબતે મૃતક વૃદ્ધાના પુત્ર અજય છગનભાઈ પટેલે ઓલપાડ પોલીસ મથકમાં જાણ કરી હતી. જેના પગલે પોલીસે કાયદેસર નો ગુનો નોંધી વધુ તપાસ એ.એસ. આઈ.રણજીત ભાઈ કરી રહ્યા છે.

# ૧૭ થી ૩૧ મે સુધી નાગરિકો ઘરે બેઠા 'સ્વ-ગણતરી' કરી શકશે

સુરત, તા.૧૮

કેન્દ્ર સરકાર દ્વારા ૧૭મી મે થી ૩૧મી મે, ૨૦૨૬ દરમિયાન નાગરિકો માટે ૧૫ દિવસની એક વિશેષ સુવિધા આપવામાં આવી છે, જેના ભાગરૂપે કોઈપણ નાગરિક વસ્તીગણતરીના સત્તાવાર પોર્ટલ se.census.gov.in પર જઈને પોતાના ઘર અને પરિવાર સંબંધિત માહિતી જાતે અને અત્યંત સરળતાથી ઓનલાઈન ભરી શકે છે. આ સુવિધાથી સમયની બચત થશે, ડેટા વધુ સચોટ બનશે અને નાગરિકોની તમામ માહિતી સંપૂર્ણપણે ગુપ્ત અને સુરક્ષિત રહેશે. સ્વ-ગણતરી (Self-Enumeration) માટે નાગરિકો પોતાના મોબાઈલ કે કમ્પ્યુટરના માધ્યમથી સરળ સ્ટેપ્સ દ્વારા આ પ્રક્રિયા પૂર્ણ કરી શકશે, જેમાં સૌપ્રથમ સત્તાવાર પોર્ટલ se.census.gov.in પર જવાનું રહેશે. ત્યાર બાદ પોતાના મોબાઈલ નંબર પર OTP મેળવીને લોગિન કરવાનું રહેશે. લોગિન કર્યા બાદ પોતાનું રાજ્ય, જિલ્લો અને સ્થાનિક વહીવટી વિગતો પસંદ કરવાની રહેશે. ડિજિટલ નકશા પર પોતાના ઘરનું ચોક્કસ સ્થાન ચિહ્નિત (Mark) કરવાનું રહેશે. ઘર અને પરિવાર સંબંધિત તમામ જરૂરી માહિતી ઓનલાઈન ફોર્મમાં ભરવાની રહેશે. ત્યારબાદ ફોર્મ સબમિટ કર્યા પછી નાગરિકને એક યુનિક SE ID (સેલ્ફ એન્યુમેરેશન આઈડી) મળશે, જેને સુરક્ષિત રાખવાનો રહેશે. આગામી સમયમાં જ્યારે વસ્તીગણતરી કરનાર (ગણતરીકાર) તમારા ઘરે મુલાકાત લેશે, ત્યારે તેમને માત્ર આ SE ID આપવાનો રહેશે, જેનાથી તેઓ માહિતીની ત્વરિત પુષ્ટિ (Verify) કરી લેશે. અત્રે ઉલ્લેખનીય છે કે, જો કોઈ નાગરિક આ નિયત ૧૫ દિવસના સમયગાળા દરમિયાન

અનુસંધાન પાના ૭ પર



# કવયિત્રી હેમાંગિની ભટ્ટના પ્રથમ પુસ્તક 'કાવ્યપુંજ'નું વિમોચન

## સમારંભમાં ૧૫ પુસ્તકોનું વિમોચન એક સાથે કરાયું

સુરત, તા.૧૮

વડોદરા ખાતે શબ્દ વાવેતર સાહિત્ય પરિવાર દ્વારા આયોજિત, ચતુર્થ સ્નેહમિલન તથા સુંદર ભવ્ય કવિ સંમેલન, કાવ્ય વિમોચનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાત અને મહારાષ્ટ્ર માંથી કવિઓ, લેખકો ઉપસ્થિત થયા હતાં. ૧૫ પુસ્તકોનું વિમોચન એકસાથે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વાર્તાકાર શ્રી રાઘવજી માધડ, ગઝલકાર શ્રી નૈષધ મકવાણા, બાળ સાહિત્યકાર શ્રી નટવર ગોહિલની ઉપસ્થિતિમાં કવયિત્રી હેમાંગિની ઉમંગ ભટ્ટ ,''હસુ'' ના પ્રથમ પુસ્તક ''કાવ્યપુંજ'' નું પણ વિમોચન કરવામાં આવ્યું હતું. તેઓ અખિલ ભારતીય સેવાદળ સૂરત શહેરના જુના કાર્યકર છે. યુવક મહોત્સવ ની અનેક સ્પર્ધાઓમાં તેઓએ પારિતોષિકો મેળવ્યા હતા. તેઓ મૂળ મણિયારા શેરી, મહિધરપુરા સુરતના છે. હાલ વડોદરામાં રહે છે.સૂરત શહેર સેવાદળ કાઉન્સિલના પ્રમુખ પ્રભુદાસ ટી. પટેલ, ઉપપ્રમુખ ધીરુભાઈ સોનારીયાવાળા, જિલ્લાધીનાયક મોહમ્મદ ઈકબાલ શેખ, ડો. હંસાબેન પટેલ, ફાલ્ગુની મહેતા, શીરીનબાનું પઠાણ વિગેરેએ તેઓને અભિનંદન આપ્યા હતા.

તેમની રચનાઓમાં પ્રકૃતિ, પ્રેમ, સમાજ, વિરહ, મિલન, જીવનનાં મૂલ્યો, રામાયણ, શ્રીમદ્ ભગવદ્ ગીતા, સાચો પ્રેમ, વેલેન્ટાઈન ડે, પર્યાવરણ, ઋતુ સૌંદર્ય જેવાં વિષયો સાંકળી લેવામાં આવ્યા છે. કાવ્યપુંજમાં ભજન, સ્તુતિ, ગરબા, બાળગીતો, ઋતુ ગીતો, તહેવાર ગીતો, ગઝલ, દેશભક્તિ ગીતો, દોહા છંદોબદ્ધ કાવ્યો વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે. નાનાં,મોટાં, યુવાનો સૌ કોઈને ગમી જાય, તેવું આ પુસ્તક કાવ્યપુંજ છે.

અનુસંધાન પાના ૭ પર



# અઝીમુશ્શાન લગ્ન સમારંભ

## દુલ્હનોને ૧૭૩ ચીજ-વસ્તુઓ ભેટમાં અપાઈ

સુરત, તા.૧૮

સુરત શહેર ખાતે આજરોજ તારીખ ૧૭/૦૫/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે ઉમરવાડા વિસ્તારમાં એક અઝીમુશ્શાન લગ્ન સમારોહનું કાર્યક્રમ રાખવામાં આવ્યું હતું.જેમાં છ દુલ્હા અને છ દુલ્હન નું નિકાહ મોલાના અલીમ સાહેબના સુભહસ્તે પડાવવામાં આવ્યા? હતા. આ કાર્યક્રમનુ આયોજન હાજી અખ્તર તરફથી કરવામાં આવ્યું જેમાં દરેક દુલ્હા અને દુલ્હનને ૧૭૩ આઈટમો દહેજ પેટે આપવામાં આવ્યું અને ૨૦૦૦ લોકોને જમવાનું મૂકવામાં આવ્યું હતું. આ નિકાહ સમુહ લગ્ન કાર્યક્રમમાં સલાબતપુરા પોલીસ સ્ટેશનના પી.આઈ સાહેબ શ્રી ત્ન છ ત્નછહ્વઈત્નછએ છ દુલા અને છ દુલ્હનને આશીર્વાદ આપ્યા હતા. જેમાં મુખ્ય મહેમાન ધર્મેસ ગાંધી,નાગમલ પરવાકર, શૈલેષ રાયકા,લાલખાન પઠાણ, ઐયુબભાઈ,નુરુભાઇ, સફીભાઈ, એકતા યુવક મંડળના પ્રમુખ શ્રી હાજી જબ્બારખાન અને પઠાણ ફેમિલી તરફથી આ કાર્યક્રમને સફળ બનાવવામાં ભારી જહેમત ઉપાડી હતી.

# અંભેટા ગામે ડાંગર પરાણીની બરખી ભરેલ ટેમ્પામાં આગ

## રોડ ક્રોસ કરતા એચ.ટી.લાઈનનો તાર અડી જતા આગ ભભૂકી ઉઠી

સુરત, તા.૧૮

ઓલપાડ તાલુકાના અંભેટા ગામ નજીક રોડ પરથી ડાંગર પરાણીની બરખીઓ ભરીને પસાર થતા ટેમ્પાને દ.ગુ.વીજ કંપની ની એચ.ટી.લાઈન નો તાર અડી જતા ટેમ્પામાં આગ ભભૂકી ઉઠી હતી.ભભુકેલી આ આગથી મુંગા પશુઓના મુખે ઘાસચારો પહોંચે તે પહેલા જ બળીને ખાખ થઈ જતા મુંગા પશુઓનો ખોરાક છીનવાયો છે.સ્થાનિક લોકોના કહેવા મુજબ બે દિવસ પહેલા પણ પરાણી ભરેલ એક ટેમ્પામાં લાગેલી આગ કાબુમાં લેવા અમોને સફળતા મળી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ હાલમાં ખેડૂતોના ખેતરમાં ડાંગર કાંપણીની સિઝન પુરજોશમાં ચાલી રહી છે.જેથી ડાંગર કાંપણી બાદ ખેડૂતો બચેલ પરાણીની બરખીઓ બનાવી પશુપાલકોને આ ઘાસચારો વેચી ડાંગર પાકના ખર્ચમાં રાહત મેળવતા આવ્યા છે.પરંતુ ઘણી વખત આ બરખીઓ મુંગા પશુઓના મુખે પહોંચે તે પહેલા જ બળીને ખાખ થઈ જતા મુંગા પશુઓનો ખોરાક છીનવાયાની ઘણી ઘટનાઓ પ્રકાશમાં આવતી હોય છે.આવી જ એક ઘટના ઓલપાડ તાલુકાના કાંઠા વિસ્તારના અંભેટા ગામે પ્રકાશમાં આવી છે.આજે શુક્રવાર,તા.૧૬ ના રોજ

અનુસંધાન પાના ૭ પર

# જેટલો મોટો સંઘર્ષ હશે જીત પણ એટલી શાનદાર હશે.પ્રિન્સ મહિડા

## સાયણ ખાતે યુનિટી પ્રીમિયર યુ.એલ.એલ-૩ ક્રિકેટ ટુર્નામેન્ટ

સુરત, તા.૧૮

એકતા માં અનેકતા સુત્રો સાથે યુવાનોની કૌશલ્યતા અને પ્રતિભા ને બહાર લાવવા,યુવાનોમાં એકતામાં વધારો થાય તેવાં ભાવ સાથે ઓલપાડ તાલુકાનાં સાયણ ગામ ખાતે વી.કે.૧૮ ક્રિકેટ ક્લબ ગ્રાઉન્ડ ખાતે"યુનિટી પ્રીમિયર લેગ્યુએ-૨૦૨૬ નાં ત્રીજા વર્ષ નિમિત્તે સાયણ ની આજુબાજુ ગામનાં અનેક મહાનુભાવો ઉપસ્થિત માં ક્રિકેટ ટુર્નામેન્ટ નો પ્રારંભ કરવામાં આવ્યો હતો

ઓલપાડ તાલુકા નાં સાયણ સહિત આજુબાજુ ગામોનાં યુવાનો ની એકતા માં વધારો થાય તેવાં ભાવ સાથે સાયણ ખાતે આવેલ વી.કે-૧૮ ક્રિકેટ ક્લબ ગ્રાઉન્ડ ખાતે ક્રિકેટ ટુર્નામેન્ટ નો પ્રારંભ પ્રસંગે ઓલપાડ તાલુકા રાજપૂત સમાજના યુવા અગ્રણી,યુવાનો પ્રેરણા સ્તોત,સુરત જિલ્લા કરણી સેના નાં પ્રવક્તા,ઓલપાડ તાલુકા પરિયા ગામના યુવા પ્રિન્સ મહિડા દ્વારા ક્રિકેટ ટુર્નામેન્ટ માં યુવાનોનાં ઉત્સાહમાં વધારો કરવા માટે વિશેષ ઉપસ્થિત રહી હતી. તેમણે ટુર્નામેન્ટ નો પ્રારંભ કરી જણાવ્યું હતું કે આવી ટુર્નામેન્ટનું આયોજન કરવાને કારણે યુવાનોની એકતામાં વધારો થશે.ક્રિકેટ માં બહાર આવવા માટેનું આ એક માધ્યમ મળી રહેશે.આયોજન કરનાર આયોજક મિત્રોને અભિનંદન પાઠવી તમામ યુવાનોને શુભેચ્છાઓ પાઠવી હતી.વધુમાં તેમણે જણાવ્યું હતું કે સાયણ વિસ્તાર સહિત આજુબાજુ નાં ૧૫ જેટલાં ગામોનાં યુવાનો આ ક્રિકેટની રમતમાં ભાગ લઈ ૬ જેટલી ટીમો બનાવવામાં આવી હતી.પ્લેયરસ ઓકશન પદ્ધતિથી બનાવવામાં આવી હોવાનું જણાવ્યું હતું.દરેક ટીમોને ૫ મેચ રમાડવામાં આવશે વિજેતા અને રનસઅપ ટીમ ટ્રોફી અને કેશ પ્રાઈઝ આપવામાં આવશે તેમ જણાવ્યું હતું અને તમામ ટીમોને શુભેચ્છાઓ પાઠવી હતી.

# સુરતમાં હેરિટેજ અને ટુરિઝમને વિકસાવવા કમિશનરની બેઠક

## દુર્લભ વારસાની જાળવણી માટે વિવિધ સૂચનાઓ આપતા નગરજનો



સુરત, તા.૧૮

સુરત મહાનગરપાલિકાના માન. કમિશનર શ્રી એમ. નાગરાજનની અધ્યક્ષતામાં ચોક બજાર સ્થિત ઐતિહાસિક કિલ્લા ખાતે આવેલ કોન્ફરન્સ રૂમમાં તા.૧૬/૦૫/૨૦૨૬ ના રોજ સુરત શહેરના હેરિટેજ અને ટુરિઝમને વિકસાવવા માટે અને તે અંગેની ચર્ચા કરવા માટે એક મીટિંગનું આયોજન કરવામાં આવેલ, જેમાં સુરત શહેરના માન. પોલીસ કમિશનરશ્રી અનુપમસિંહ ગેહલોત તથા માન. પૂર્વ કેન્દ્રિય રાજ્યમંત્રી, વસ્ત્ર અને રેલવે મંત્રાલય, ભારત સરકાર શ્રીમતી દર્શનાબેન જરદોશ તેમજ સુરત શહેર ખાતેના વિવિધ ક્ષેત્રોના અગ્રગણ્ય મહાનુભાવો જેમકે ઈતિહાસકાર, પત્રકાર, લેખક, આર્કિટેક્ટ, પ્રાધ્યાપક, ઈન્ફ્લુએન્સર, હોટેલીયર અને ટુર ઓપરેટર ઉપસ્થિત રહેલ, જેમાં માન મ્યુનિ. કમિશનરશ્રી દ્વારા સુરત શહેરના ઐતિહાસિક વારસાને સસ્ટેનેબલ બનાવવા પર ભાર મુક્યો જેમાં નવી પેઢીને પણ સામેલ કરી હેરિટેજમાં સામાન્ય લોકોને રસ પડે તેવા પ્રયત્ન કરવા સમાજના તમામ વર્ગ, વિશેષજ્ઞો, સંસ્થાઓ સામુહિક રીતે સુરત મહાનગરપાલિકા સાથે રહી આ દિશામાં હકારાત્મક અભિગમ રાખી આગળ વધવા હાંકલ કરી હતી. સમયાંતરે આવા પ્રકારની મિટિંગનું આયોજન કરવા તેમજ મૂળ સુરતી ઓળખને ''મેડ ઈન સુરત'' બ્રાન્ડ હેઠળ લોકપ્રિય કરવા વિવિધ પ્રકારના ટુરિઝમ જેમકે બિઝનેસ ટુરિઝમ, કલ્ચરલ ટુરિઝમ, ફુડ ટુરિઝમ, હેરિટેજ ટુરિઝમ તરિકે

અનુસંધાન પાના ૭ પર

# પાંચ માસથી ફરાર આરોપીને ઝડપી પાડતી એસઓજી પોલીસ

સુરત, તા.૧૮

સુરત ગ્રામ્ય એસ.ઓ.જી.પોલીસે ઓલપાડ પોલીસ મથકના એન.ડી.પી.એસ.ગુનામાં છેલ્લા પાંચ માસથી નાસતો- ફરતો આરોપી આખરે પોલીસના સકંજામાં આવી જતા સાયણથી પકડી લીધો છે. સુરત ગ્રામ્ય એસ.ઓ.જી.પોલીસની ટીમ ગત શુક્રવાર,તા.૧૫ ના રોજ ઓલપાડ પોલીસ મથકની હદમાં પેટ્રોલિંગ કરી રહી હતી.તે દરમ્યાન શાખાના એ.એસ.આઈ.ભુપેન્દ્ર અંબિકા પ્રસાદ અને હે.કો.પ્રકાશ વાલજીને બાતમી મળી હતી કે,ઓલપાડ પોલીસ સ્ટેશનમાં સને-૨૦૨૫ માં નોંધાયેલ એન.ડી.પી.એસ.એક્ટના ગુનામાં છેલ્લા પાંચ મહિનાથી નાસતો-ફરતો આરોપી આલોક ઉર્ફે નારાયણ શત્રુઘન નાયક(મુળ કુંબુડી ગામ,તા.ગંગાપુર, જિ.ગંજામ-ઓરીસ્સા)હાલમાં સાયણ વિસ્તારમાં બ્રિજ પાસેના અર્જુન પાર્કમાં રાધે ખાતાના રૂમમાં રહે છે.જેથી પોલીસે છાપો મારી આરોપીને બાતમી સ્થળેથી દબોચી પૂછપરછ કરતા તેણે તેની ઓળખ સાથે ગુનાની કબુલાત કરી હતી. જે કબુલાના પગલે એસ.ઓ. જી.પોલીસે ?પકડાયેલ આરોપી વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી આગળની તપાસ માટે આરોપી આલોકને ઓલપાડ પોલીસને સોંપી દીધો છે.



# દ. ગુજરાત પ્રજાપતિ સમાજનો છઠ્ઠો જીવનસાથી પસંદગી મેળો યોજાયો

## પસંદગી મેળામાં ૩૦૦ યુવક યુવતીઓએ ભાગ લીધો

સુરત, તા.૧૮

સુરતના જહાંગીરપુરાના કોમ્યુનીટી હોલ ખાતે શુભવન્તા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત દક્ષિણ ગુજરાત પ્રજાપતિ સમાજ સુરત આયોજિત છઠ્ઠો પસંદગીમેળો "સજની રે..." નુ આયોજન કરવામા આવ્યુ હતુ. જીવનસાથી પસંદગીમેળાની શરૂઆત સ્વ. નંદુબેન માધવભાઈ પ્રજાપતિ સંચાલિત જીવનદીપ વિદ્યાલય સાયણની વિદ્યાર્થીનીઓની પ્રાર્થનાથી કરવામા આવી હતી.પસંદગી મેળામા ૩૦૦જેટલા યુવક-યુવતીઓએ ભાગ લીધો હતો. સમારંભના અધ્યક્ષ તરીકે પ્રજાપતિ એલ. સી. રાઠોડ જ્યારે મુખ્ય મહેમાન તરીકે એડવોકેટશ્રી કિરીટભાઈ ગજ્જર તથા નિલમબેન અને ભીખાભાઈ કાલીદાસ પ્રજાપતિ તથા રેખાબેન રહ્યા હતા. અતિથિ વિશેષ તરીકે નવનીતભાઈ સરવૈયા તથા દિલીપભાઈ કાકલોત્તર રહ્યા હતા. હાજર રહેલા યુવક-યુવતીઓએ સ્ટેજ પર આવી પોતાનો પરિચય આપ્યો હતો.શ્રી કિરીટભાઈ ગજ્જર તથા મંચસ્થ મહાનુભાવો દ્વારા યુવક-યુવતીઓને સારો જીવનસાથી મળી રહે તે માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. આ પ્રસંગે તાલુકા જિલ્લા તથા કોર્પોરેશન કક્ષાએ ચુંટાયેલા સભ્યો પૈકી માંગરોળ તાલુકામાં શ્રીમતી રેખાબેન, પલસાણા તાલુકામાં શ્રી જીતુભાઈ મિસ્ત્રી, કોર્પો.શ્રીમતી સોનુબેન આંબલિયા, શ્રીમતી જયશ્રીબેન વરીયા તથા શ્રીમતી

અનુસંધાન પાના ૭ પર

# બિહારમાં ગ્રામિણોની આંખની સંભાળ માટે રુ.૧૫૦ કરોડના ખર્ચે વાર્ષિક ૩.૩લાખ આંખની શસ્ત્રક્રિયાની નેમ સાથે ગૌતમ અદાણીની પહેલનો આરંભ

## રાષ્ટ્રવ્યાપી વિસ્તાર માટે રુ.૫૦૦ કરોડનો સંકલ્પ







**મસ્તીચક (બિહાર), ૧૭ મે ૨૦૨૬**

અદાણી ગ્રુપના ચેરમેન શ્રી ગૌતમ અદાણીએ આજે "સેવા હી સાધના હૈ" ની તેમની પરિકલ્પના પર આધારિત રુ.૧૫૦ કરોડના વિરાટ વિઝન કેરની પહેલનો પટનાથી લગભગ ૭૦ કિલોમીટર દૂર મસ્તીચકમાં શિલાન્યાસ પ્રસંગે આ જાહેરાત કરી હતી. આ પહેલના ભાગરુપેદર વર્ષે ૩.૩ લાખ

આંખની શસ્ત્રક્રિયાની ક્ષમતા ધરાવતી વિશ્વની સૌથી મોટી ગ્રામીણ આંખની સંભાળ ઈકોસિસ્ટમ બનાવવામાં આવશે અને દર વર્ષે ૧,૦૦૦ આંખના આરોગ્ય વ્યાવસાયિકોને તાલીમ આપવામાં આવશે. આ પહેલનો પ્રયાસ હિન્દી હાર્ટલેન્ડમાં વંચિત સમુદાયોને ગૌરવ, આશા અને દૃષ્ટિ લાવતી વેળા આંખની સસ્તી સારવારનીગ્રામ્ય કક્ષાએ સવલત અને આંખની સંભાળના-કૌશલ્યને મજબૂત બનાવવાનો છે.

શ્રી ગૌતમ અદાણીએ ઠ પર એક પોસ્ટમાંકહ્યું છે કે "સેવા હી સાધના હૈ" એ એક માત્ર સૂત્ર નથી, પરંતુ કરુણા ભાવને સમાજ માટે સ્થાયી સંસ્થાઓમાં રૂપાંતરિત કરતી એક માર્ગદર્શક ફિલસૂફી છે. દૃષ્ટિ પુનઃસ્થાપિત કરવી એ ફક્ત તબીબી પ્રક્રિયા નથી. પરંતુ માનવ જીવનમાં આશા, આત્મવિશ્વાસ અને ગૌરવને પરત લાવવા વિશે છે," તેમણે બિહારને "એવી ભૂમિ ગણાવતા લખ્યું છે કેઆ રાજયએ રાષ્ટ્રને નવી ચેતના અને ઐતિહાસિક દિશા આપી છે", તેમણે ઉમેર્યું છે કે આ હેતુથી નવા રચાયેલું"અદાણી અખંડ જ્યોતિ ફાઉન્ડેશન"બિહારમાં જન્મેલી સેવાની સુવાસને ભારતભરમાં વસતા વંચિત સમુદાયો સુધી લઈ જવાનો પ્રયાસ કરશે.

અદાણી ગ્રુપની સામાજિક કલ્યાણ અને વિકાસ પાંખઅદાણી ફાઉન્ડેશનબિહાર સ્થિત અગ્રણી ગ્રામીણ આંખ સંભાળ સંસ્થાઅખંડ જ્યોતિ ફાઉન્ડેશન સાથે સહયોગમાંમસ્તીચકમાં અદાણી સેન્ટર ફોર આઈ (છઝઈ) અને અદાણી ટ્રેનિંગ ઇન ઓપ્થેલ્મિક મેડિસિન (છ્ૅસ) ને નાણાકીય સહયોગ પૂરો પાડશે.

સસ્તી સંભાળ, જટિલ પ્રક્રિયાઓ અને મોટા પાયે ગ્રામીણ પહોંચ પર ધ્યાન કેન્દ્રિત કરવા છઝઈ એક અદ્યતન સારવાર અને સર્જિકલ સુવિધાના રુપમાં સેવા આપશેઅને છ્ૅસ ભારતના ગ્રામીણ આરોગ્ય સંભાળનાટીમ વર્કને મજબૂત બનાવવા માટે ઓપ્ટોમેટ્રિસ્ટ, નેત્ર સહાયકો અને સામુહિક આરોગ્ય સંભાળ કર્મચારીઓને તાલીમબધ્ધ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરશે.

બિહાર અને નજીકના પ્રદેશોના અંતરિયાળ ગામોમાં છેવટની વ્યક્તિ સુધી ચક્ષુ સંભાળની સુવિધાના આરંભના પ્રતીકરુપછઝઈનાબેનર હેઠળ ૧૦ દર્દીઓની ક્ષમતાની પરિવહન બસોના કાફલાને ઔપચારિક રીતે લીલી ઝંડી આપવામાં આવી હતી.

શ્રી ગૌતમ અદાણી સાથે અદાણી ફાઉન્ડેશનના અધ્યક્ષા ડૉ. પ્રીતિ અદાણી, અખંડ જ્યોતિ આંખ હોસ્પિટલના સહ-સ્થાપક, સી.ઈ.ઓ. અને એક્ઝિક્યુટિવ ટ્રસ્ટી શ્રી મૃત્યુંજય તિવારી જોડાયા હતા.

શ્રી તિવારીએ આ સહયોગને સમગ્ર ભારતમાં વંચિત સમુદાયો માટે સસ્તી અને સુલભ આંખની સંભાળના વિસ્તરણ માટેની સહિયારી પ્રતિબદ્ધતા તરીકે વર્ણવતા "અખંડ જ્યોતિ આંખ હોસ્પિટલ પર ભરોસો મૂકી પરિવર્તનની આ યાત્રામાં અમને ભાગીદાર તરીકે પસંદ કરવા બદલ શ્રી ગૌતમ અદાણીનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું હતું કે ભારતના અંતરિયાળ ગામોમાં વસતા છેવાડાના વંચિત અસંખ્ય સમુદાય માટે દૃષ્ટિ, અભિમાન, તક અને તેમના સપનાઓને પુનઃસ્થાપિત કરવા માટેની સહિયારી પ્રતિબદ્ધતાની દ્રષ્ટીએ આ ભાગીદારી માળખાગત સુવિધાઓના નિર્માણથી ઘણી વિશિષ્ટ છે. તેમણે શ્રધ્ધા વ્યક્ત કરી હતી કે અમારા સહિયારા પ્રયાસોથી આગામી વર્ષોમાં લાખો માનવ જીવોમાંહકારાત્મક અસર પેદા થશે.

વધુમાંઅદાણી ગ્રુપના નિર્માણાધિન ૨,૪૦૦ મેગાવોટના અલ્ટ્રા-સુપરક્રિટિકલ થર્મલ પાવર પ્લાન્ટ નજીક બિહારના ભાગલપુર જિલ્લામાં પીરપૈંટીમાં ૨૦૦ પથારીની ક્ષમતાની હોસ્પિટલનું નિર્માણ કરવાની યોજનાની અદાણી ફાઉન્ડેશને જાહેરાત કરી હતી. આ હોસ્પિટલનો હેતુ પૂર્વીય બિહારના મોટા ભાગોમાં વસતા સમુદાયો સુધી સારવારના લાભો વિસ્તારીને સસ્તી આરોગ્યસંભાળની પહોંચને વધુ મજબૂત બનાવવાનો છે.

અખંડ જ્યોતિ ફાઉન્ડેશનના ગ્રામ્ય જીવનમાં પરિવર્તન લાવતા કાર્યને બિહારથી આગળ અને ભારતભરમાં સ્થાયી વંચિત પ્રદેશોમાં લઈ જવા માટેશ્રી ગૌતમ અદાણીએ રુ.૫૦૦ કરોડસહિત આમિશનનારોજબ રોજનાકામકાજનાખર્ચ મળી કુલરુ.૭૦૦ કરોડનાવ્યક્તિગત સંકલ્પને આવરીલેતાદેશભરમાં લાંબા ગાળાના માનવતાવાદી અને સામુદાયિક આરોગ્યસંભાળ મિશનને વિસ્તૃત કરવા માટે "અદાણી અખંડ જ્યોતિ ફાઉન્ડેશન" ની સ્થાપનાની પણ જાહેરાત કરી હતી.

રાષ્ટ્ર નિર્માણ કરુણા, સેવા અને લાંબા ગાળાના સામાજિક રોકાણ પર આધારિત હોવું જોઈએ એવા શ્રી ગૌતમ અદાણીના વિશ્વાસને બિહારમાં આરંભાયેલી પહેલ ઉજાગર કરે છે.ગૌતમ અદાણીના ૬૦માં જન્મ દિન પ્રસંગે ૨૦૨૨માંઅદાણી પરિવારે સ્વાસ્થ્ય સંભાળ, શિક્ષણ અને કૌશલ્ય વિકાસ માટે રુ.૬૦,૦૦૦ કરોડ ફાળવવા સંકલ્પ જાહેર કર્યો હતો, એ પછી ગત વર્ષે શ્રી ગૌતમ અદાણીના નાના પુત્ર શ્રી જીત અદાણીના લગ્ન સમારોહ દરમિયાન રુ.૧૦,૦૦૦ કરોડની સામાજિક જવાબદારી અદા કરવાના સંકલ્પની જાહેરાત કરી હતી.

૨૦૨૨થી અદાણી સમૂહે સામાજીક જવાબદારી અદા કરવાના ક્ષેત્રે મોટા પાયે વિવિધ પહેલ મારફતતેના સેવા-નેતૃત્વનો વિસ્તાર કર્યો છે, જેમાં ૨૦૨૫માં પ્રયાગરાજમાં મહાકુંભ દરમિયાન લગભગ ૫૦ લાખ યાત્રાળુઓને સહાય અને તે જ ગાળામાં ઓડિશાના પુરીમાં ભગવાન જગન્નાથ રથયાત્રા દરમિયાન લગભગ ૪૦ લાખ લોકોને નિશુલ્ક ભોજન અને પ્રવાહી નાસ્તાનું વિતરણનો સમાવેશ થાય છે

રુ.૪૦,૦૦૦ કરોડ સુધીના સંચિત રોકાણો અને ભાવિ પ્રકલ્પો સ્થાપવાની પ્રતિબદ્ધતાઓ સાથે .બિહારના સૌથી મોટા ખાનગી ક્ષેત્રના રોકાણકારોમાંના એક તરીકે ઉભરી આવેલા બિહારમાં આ મંગલાચરણ અદાણી સમૂહની બિહારના લોકો પ્રત્યેના કરુણાભાવની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

બિહારમાં ખાનગી ક્ષેત્રનું સૌથી મોટા રુ.૨૭,૦૦૦ કરોડના રોકાણથી ૨,૪૦૦ મેગાવોટ ક્ષમતાના અલ્ટ્રા-સુપરક્રિટિકલ થર્મલ પાવર પ્લાન્ટનો આ રોકાણોમાં સમાવેશ થાય છે.

ઈન્ડિયન ઓઈલ અદાણી ગેસ પ્રાઈવેટ લિ. દ્વારા, અદાણી સમૂહ બિહારના ગયા અને નાલંદા જિલ્લામાં શહેરી ગેસ વિતરણ માળખું સ્થાપી રહ્યું છે, જયારે અદાણી એનર્જી સોલ્યુશન્સ લિ. લગભગ ૩૦ લાખ સ્માર્ટ મીટરની બેસાડીને સમગ્ર ઉત્તર બિહારમાં વીજળી વિતરણ માળખાને અત્યાધુનિક બનાવી રહ્યું છે. ઉપરાંતલગભગ રુ.૩,૦૦૦ કરોડના સંયુક્ત રોકાણથી નવાદા અને મુઝફ્ફરપુર જિલ્લામાં ૬ મિલિયન ટનની વાર્ષિક ક્ષમતાના બેગ્રાઈન્ડીંગ એકમોની સ્થાપના દ્વારા તેના સિમેન્ટ ઉત્પાદનનો વ્યાપ વિસ્તારી રહ્યું છે. બિહારની ઔદ્યોગિક શિકલ બદલાવનારા આ રોકાણોથી નોંધપાત્ર સંખ્યામાં પ્રત્યક્ષ અને પરોક્ષ આજીવિકાના સ્ત્રોતોનું નિર્માણ થશે.

૨૦૦૫માં બિહારના ગ્રામીણ વિસ્તારમાં ૩૦ પથારીની સુવિધા સાથે સ્થપાયેલ અને આજે ભારતની આંખની સંભાળ સંસ્થાઓમાંની એકઅગ્રણીઅખંડ જ્યોતિ આંખની હોસ્પિટલે ૧૪ લાખથી વધુ લોકોને દૃષ્ટિ આપવા ઉપરાંત લાખો સ્ક્રીનીંગ અને આઉટરીચ કન્સલ્ટેશન કર્યા છે.

૧૯૭૬માં કેન્દ્રિય પુરસ્કૃત યોજના તરીકે શરૂ થયેલાભારત સરકારના રાષ્ટ્રીય અંધત્વ અને દ્રષ્ટિ ક્ષતિ નિયંત્રણ કાર્યક્રમ ( દ્ગઁઝ્રમ્ફૈં) સાથે સુસંગત આ સહયોગ એક નિશ્ચિત લક્ષ્ય સુધી સસ્તી આંખની સંભાળ પૂરી પાડવા માટેસમુદાય-સંચાલિત મોડેલ બનાવવાનો પ્રયાસ છે.

આ મંગલાચરણ અદાણી ફાઉન્ડેશનના વિસ્તરી રહેલા વિઝન કેર પ્રોગ્રામ પર વધુ આધાર રાખે છે.અદાણી ફાઉન્ડેશન આગામી ઓગસ્ટમાં તેની સામુદાયિક સેવાના ૩૦ વર્ષ પૂર્ણ કરે છે. ૨૦૨૪માં શરુ થયેલાવિઝન કેર પ્રોગ્રામ અંતર્ગત ૧.૯૩ લાખ આંખોની તપાસ કરી છે અને ભારતના ૧૧ રાજયોમાં ગ્રામીણ પહોંચ, શાળામાં સ્ક્રીનીંગ અને રેફરલ સપોર્ટ દ્વારા ૫૯,૦૦૦ લાભાર્થીઓને પ્રિસ્ક્રિપ્શન આધારિત ચશ્મા આપ્યા છે.

## વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના પ્રયાસોથી 'કલ્પસર યોજના'ને સાકાર કરવાની દિશામાં નોંધપાત્ર પ્રગતિ

# વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના ડ્રીમ પ્રોજેક્ટ 'કલ્પસર પ્રોજેક્ટ'ને નેધરલેન્ડ્સની ટેક્નોલોજીની નવી પાંખો મળી

## ગુજરાતની જળ જરૂરિયાતોને પૂર્ણ કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે કલ્પસર યોજના






વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના પ્રયાસોથી ગુજરાતની મહત્વાકાંક્ષી કલ્પસર યોજનાને સાકાર કરવાની દિશામાં મહત્વપૂર્ણ પ્રગતિ થઈ છે. નેધરલેન્ડ્સના પ્રવાસ દરમિયાન વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ રવિવારે નેધરલેન્ડ્સના વડાપ્રધાન શ્રી રોબ જેટન સાથે નેધરલેન્ડ્સના વિશ્વપ્રસિદ્ધ ડેમ 'અફસ્લુઈટડિજક' (Afsluitdijk)ની મુલાકાત લીધી હતી. તેમણે આ ડેમમાં ઉપયોગમાં લેવામાં આવેલી ટેક્નોલૉજીને ઉદાહરણરૂપ ગણાવી હતી. ઉલ્લેખનીય છે કે, 'Afsluitdijk' અને ગુજરાતની કલ્પસર યોજના વચ્ચે અઢળક સમાનતાઓ છે.

કલ્પસર યોજના માટે ટેકનિકલ સહયોગને લઈને વડાપ્રધાનશ્રીની ઉપસ્થિતિમાં ભારતના જળ શક્તિ મંત્રાલય અને નેધરલેન્ડ્સના ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને વૉટર મેનેજમેન્ટ મંત્રાલય વચ્ચે આશયપત્ર (LoI) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આનાથી યોજનાના અમલીકરણને વધુ વેગ મળશે.

અનિયમિત વરસાદ અને દુષ્કાળ જેવી પરિસ્થિતિઓનો લાંબા સમયથી સામનો કરી રહેલા ગુજરાતને સરદાર સરોવર ડેમના નિર્માણથી રાહત તો મળી છે, પરંતુ લાંબા ગાળાની જળ સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે કોઈ એક યોજના પર નિર્ભર રહેવું જોખમી બની શકે છે. આ કારણોસર તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ખંભાતના અખાતમાં મહત્વાકાંક્ષી કલ્પસર યોજનાની કલ્પના કરી હતી. જોકે, આ યોજના ટેકનિકલી અત્યંત જટિલ અને પડકારજનક છે.

### શું છે કલ્પસર યોજના?

કલ્પસર યોજના હેઠળ ખંભાતના અખાતમાં એક વિશાળ ડેમ બાંધીને સમુદ્રને મળતી સાત નદીઓના જળનો ઉપયોગ કરવાની યોજના છે. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ ખંભાતના અખાત પર મીઠા પાણીનું એક વિશાળ જળાશય બનાવવાનું છે. સાથે જ, તેમાં ભરતીથી ઊર્જા ઉત્પાદન, સિંચાઈ અને પરિવહન માળખાના સમકલિત વિકાસનો પણ સમાવેશ થાય છે.

વર્ષ ૨૦૦૪માં તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના હસ્તે કલ્પસર ડેમની રૂપરેખા નિર્ધારિત કરવા માટે ભાવનગર ખાતે દરિયાઈ સર્વેક્ષણનો ઐતિહાસિક પ્રારંભ કરવામાં આવ્યો હતો. જો કે, આ યોજના બહુ જટિલ હોવાના કારણે તેને સાકાર કરવામાં અનેક પ્રકારની મુશ્કેલીઓ આવી રહી છે. આ મુશ્કેલીઓનો સામનો કરવા માટે સરકાર દ્વારા સતત દ્રઢ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. તાજેતરમાં ૩૦ માર્ચ, ૨૦૨૬ના રોજ ગાંધીનગર ખાતે નેધરલેન્ડ્સની રાજદૂત સુશ્રી મારિસા ગેરાર્ડ્સ સાથેની મુલાકાત દરમિયાન મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે કલ્પસર યોજનાને લઈને મહત્વપૂર્ણ ચર્ચા કરી હતી. આ દરમિયાન 'ઇન્ડો-ડચ' નિષ્ણાત સમૂહની રચના અને ૪૨૪ ભાગીદારી અંગે પણ વિચારણા કરવામાં આવી હતી.

### કલ્પસર યોજનાથી મળશે આ લાભો

કલ્પસર યોજના સાકાર થયા બાદ સૌરાષ્ટ્રના ૯ જિલ્લાના ૪૨ તાલુકાઓમાં અંદાજે ૧૦ લાખ હેક્ટર વિસ્તારમાં સિંચાઈનો લાભ મળશે. આ યોજના દ્વારા દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર વચ્ચેનું અંતર ૨૪૦ કિલોમીટરથી ઘટીને ૬૦ કિલોમીટર જેટલું થઈ જશે. એટલું જ નહીં, આ યોજનાથી અંદાજે ૧૫૦૦ મેગાવોટ પવન ઊર્જા અને ૧૦૦૦ મેગાવોટ સૌર ઊર્જા જેવા નવીનીકરણીય ઊર્જાના સ્ત્રોતોનું ઉત્પાદન પણ થશે. સાથે જ પ્રવાસન અને મત્સ્યઉદ્યોગના વિકાસને પણ પ્રોત્સાહન મળશે.

કલ્પસર યોજનાને સાકાર કરવા માટે સમયાંતરે વિસ્તૃત અભ્યાસ અહેવાલો તૈયાર કરવામાં આવ્યા છે. દરિયાઈ ક્ષેત્રમાં લાંબો અનુભવ ધરાવતી નેધરલેન્ડ્સની વિશ્વ વિખ્યાત સંસ્થા રોયલ હાસ્કોનિંગે કલ્પસર પ્રોજેક્ટના વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટ (DPR)માં સૌથી મહત્વપૂર્ણ 'ક્લોઝર મેથડોલોજી'માં ખૂબ જ મહત્વપૂર્ણ કાર્ય કર્યું છે.

### શું છે 'અફસ્લુઇટડિજક'?

'અફસ્લુઈટડિજક' માત્ર નેધરલેન્ડ્સ જ નહીં પરંતુ વિશ્વની સૌથી પ્રસિદ્ધ એન્જિનિયરિંગ યોજનાઓમાંની એક છે. જળ વ્યવસ્થાપન ક્ષેત્રે તે વિશ્વ માટે ઉત્કૃષ્ટ ઉદાહરણ માનવામાં આવે છે. આશરે ૮૦ વર્ષ પહેલાં તેનું નિર્માણ કરવામાં આવ્યું હતું. આ ૩૨ કિલોમીટર લાંબો બેરિયર ડેમ ઉત્તર સમુદ્રને મીઠા પાણીના તળાવથી અલગ કરે છે. તે નેધરલેન્ડ્સના નીચાણવાળા વિસ્તારોને ગંભીર પૂરથી સુરક્ષિત કરે છે, જે તેને પૂર નિયંત્રણમાં વૈશ્વિક માપદંડ બનાવે છે. તેની સૌથી મહત્વપૂર્ણ વિશેષતા એ છે કે તે સમુદ્રમાંથી ખારા પાણીને રોકે છે, જેથી અંદર મીઠા પાણીનું મોટું જળાશય બને છે. Afsluitdijk પ્રોજેક્ટમાં મીઠા પાણીનો સંગ્રહ, શિપિંગ, પરિવહન જોડાણ અને નવીનીકરણીય ઊર્જા ઉત્પાદનનો સમાવેશ થાય છે.

યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી હંમેશાં દીર્ઘદૃષ્ટિ અને મોટા લક્ષ્યો સાથે લઈને આગળ વધે છે. ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન તેમણે કલ્પસર યોજનાનું સ્વપ્ન જોયું હતું. રાજ્યને જળસંકટની સ્થિતિમાંથી બહાર કાઢીને જળસમૃદ્ધ બનાવવાના સંકલ્પ સાથે તેમણે સરદાર સરોવર જેવી વિરાટ યોજનાને વાસ્તવિકતા બનાવી હતી. દાયકાઓ સુધી રાજકીય અને પર્યાવરણીય અવરોધોનો સામનો કરી રહેલી સરદાર સરોવર યોજનાને સાકાર કરવા માટે તેમણે અડગ ઈચ્છાશક્તિ અને દૃઢ સંકલ્પનો પરિચય આપ્યો.વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી કલ્પસર યોજનાને લઈને શરૂઆતથી આશાવાદી રહ્યા છે. અનેક અડચણો હોવા છતાં તેમણે આ યોજનાને સાકાર કરવાનું સ્વપ્ન જીવંત રાખ્યું છે. જટિલ એન્જિનિયરિંગ અને ટેક્નોલોજીકલ પડકારોને કારણે યોજનામાં વિલંબ થયો હોવા છતાં, તાજેતરના નેધરલેન્ડ્સ પ્રવાસ દરમિયાન વડાપ્રધાનશ્રી દ્વારા 'અફસ્લુઈટડિજક'ની મુલાકાત અને કલ્પસર યોજના માટે ભારત-નેધરલેન્ડ્સ વચ્ચે આશયપત્ર પર હસ્તાક્ષર થવાથી સ્પષ્ટ થાય છે કે વડાપ્રધાન આ યોજનાને લઈને કેટલા ગંભીર અને પ્રતિબદ્ધ છે.ભારતના વિદેશ મંત્રાલય દ્વારા આપવામાં આવેલા નિવેદન મુજબ આ મુલાકાત બંને દેશોની જળ વ્યવસ્થાપન, જળવાયુ અનુકૂલન અને ટકાઉ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે સાથે મળીને કાર્ય કરવાની સંયુક્ત પ્રતિબદ્ધતાને દર્શાવે છે.વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની આ મુલાકાત અને કલ્પસર યોજના માટે આશયપત્ર પર થયેલા હસ્તાક્ષરથી ગુજરાત માટે સુવર્ણ સંભાવનાઓના નવા દ્વાર ખુલ્યા છે. સાથે જ, નેધરલેન્ડ્સ તેના વિશ્વપ્રસિદ્ધ 'અફસ્લુઈટડિજક' પ્રોજેક્ટના ૯૦ વર્ષથી વધુના અનુભવો અને ટેકનિકલ નિપુણતાનો લાભ ભારતને આપશે.આ સહયોગ ૨૯ માર્ચ, ૨૦૨૨ના રોજ ભારત અને નેધરલેન્ડ્સ વચ્ચે થયેલી 'જળ પર ભારત-ડચ વ્યૂહાત્મક ભાગીદારી' પર આધારિત છે. નેધરલેન્ડ્સ પાસે સમુદ્રમાં ડેમ નિર્માણની ઉચ્ચ કક્ષાની ટેકનિકલ નિપુણતા છે અને હવે ગુજરાતને આ વિશેષતાનો સીધો લાભ મળવા જઈ રહ્યો છે, જે રાજ્યની મહત્વાકાંક્ષી કલ્પસર યોજનાને સાકાર કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

## તંત્રી લેખ... -

**સોમવાર, તા. ૧૮ મે ૨૦૨૬**

# અર્થતંત્રનાં હિતમાં જનતા સ્વેચ્છાએ સહકાર આપે

પશ્ચિમ એશિયામાં યુદ્ધ ક્યારે બંધ થશે તેની કોઈ ગેરંટી નથી. ઈરાન અને અમેરિકાએ જાણે દુનિયા આખીને બાનમાં લીધી હોય એવી સ્થિતિ છે. ક્રૂડતેલનો પુરવઠો આસાનીથી વધે એમ લાગતું નથી. દુનિયાના મોટાભાગના દેશોમાં ઊર્જાની કટોકટી છે. પેટ્રોલ - ડીઝલના ભાવ વધી રહ્યા છે, ત્યારે ભારતમાં લોકો ઉપર વધુ બોજ પડે નહીં તેની સાવધાની સરકારે અત્યાર સુધી રાખી છે. ઘરવપરાશના ગેસ સિલિન્ડરની અછત થાય નહીં અને ભાવ વધારવા પડે નહીં તે માટે કોમર્શિયલ વપરાશના ગેસ ઉપર પ્રથમ ભાવવધારા થયા છે. અલબત્ત, તેની અસર લોકો ઉપર પડી રહી છે અને લોકોએ સમજદારીપૂર્વક આ સંજોગો સ્વીકાર્યા છે, પણ હવે અનિશ્ચિત સ્થિતિ હોવાથી વડાપ્રધાન મોદીએ સાત મહત્ત્વના મુદ્દા ટાંકીને અપીલ કરી છે. લોકો સ્વેચ્છાએ આ ક્ષેત્રમાં શિસ્ત જાળવીને સહકાર આપે એવી અપેક્ષા છે. વડાપ્રધાને 'અપીલ' કરી છે, ભાવવધારા જાહેર કરીને ફરજ પાડી નથી. એમણે વિદેશ પ્રવાસ મુલતવી રાખવા, ખાદ્યતેલનો વપરાશ ઘટાડવા તથા ખાનગી વાહનોને બદલે પબ્લિક વાહનો ઉપર આધાર રાખીને પેટ્રોલ-ડીઝલની ખપત ઘટાડવાની, ખેડૂતોને કેમિકલ ખાતરનો ઉપયોગ ઘટાડવાની અને લોકોને સોનાંની ખરીદી નહી કરવાની અપીલ કરી છે. આપણા વિદેશી હૂંડિયામણની બચત કરવા માટે અપીલ છે. પેટ્રોલ-ડીઝલ અને ખાદ્યતેલની આયાત પાછળ ધરખમ ખર્ચ થાય છે. સોનાંની ખરીદી તો સતત વધતી રહે છે. વર્ષ ૨૦૨૫-૨૬માં પેટ્રોલ-ક્રૂડતેલની પેદાશોની ખરીદી માટે ૧૭૩ બિલિયન ડોલર અને સોનાંની ખરીદી પાછળ ૭૧.૯ બિલિયન ડોલર વપરાયા છે. આપણે ફોરેન એક્સચેન્જનો વેડફાટ બંધ કરવાની જરૂર છે એટલું તો સમજવું અને સ્વીકારવું જોઈએ. વડાપ્રધાને સરળ ભાષામાં સમજાવ્યું છે - ખાદ્યતેલનો વપરાશ ઘટાડાય તો આપણા સ્વાસ્થ્ય અને દેશનાં અર્થતંત્ર માટે લાભ છે. કોવિડ વખતે ઘરબેઠાં વ્યવસાયનું કામ કરવાની ફરજ પડી હતી, કારણ કે, મોતનો ભય હતો. અત્યારે ભાવવધારાનો ભય ટાળવા માટે સ્વેચ્છાએ સહકાર આપવો જોઈએ. તાજેતરમાં પાંચ રાજ્યમાં ચૂંટણી થઈ ત્યારે વાહનો પાછળ રાજકીય નેતાઓએ

ધૂમ ખર્ચ કર્યો, ત્યારે કટોકટી યાદ આવી નહીં ? એવી ટીકા થાય છે, પણ લોકતંત્રમાં ચૂંટણી અનિવાર્ય છે અને જો મુલતવી રખાઈ હોત તો પણ વિરોધ પક્ષોએ ટીકા-પ્રહાર કર્યા હોત. રાસાયણિક ખાતરનો ઉપયોગ ઘટાડવો જોઈએ, પણ આ વર્ષે ચોમાસું નબળું જવાની આગાહી છે, ત્યારે ખાતર ઘટાડવાની અપીલ ખેડૂતોને ગળે ઊતરે એવી નથી. સોનાંની ભૂખ કદી ઓછી થતી નથી, તેથી તેના ઉપર દંડાત્મક જકાત નાખ્યા સિવાય છૂટકો નથી. અલબત્ત, દાણચોરી ઉપર સખત જાપ્તો હોવો જોઈએ. ભૂતકાળમાં વિદેશી આક્રમણ થયાં, ત્યારે લોકોએ સુવર્ણ અલંકારો સંરક્ષણ ભંડોળમાં આપ્યાં છે, એવી સ્વદેશી ભાવના આર્થિક કટોકટી ટાળવા માટે જગાવવી જોઈએ. સોનાંની ભૂખ ભાંગવા માટે ચોવીસ કેરેટના અલંકારોનાં સ્થાને કેરેટ ઘટાડવાની તૈયારી હોય છે. અલબત્ત, ભાવવધારો અને લૂંટફાટ - આ બે મુખ્ય ડર હોય છે. અત્યારે વડાપ્રધાને અપીલ કરી છે, ત્યારે સ્વેચ્છાએ સહકાર આપવો જોઈએ. વિરોધીઓનું કામ છે વિરોધ કરવાનું, પણ દેશનાં અર્થતંત્રની ચિંતા રાજતંત્ર કરતાં વધુ મહત્ત્વની છે. વિદેશ પ્રવાસ મુલતવી રાખવાની સલાહ વિપક્ષના નેતાને સ્વીકાર્ય નથી, તો તેઓ રાબેતા મુજબ લાંબા વિદેશ પ્રવાસે જઈ શકે છે. અર્થતંત્ર નહીં, તો રાજતંત્રને રાહત મળશે!

# કેરલમ્માં સતીશન

ચૂંટણી વખતે વિરોધીઓ-ડાબેરી પક્ષો તો ઠીક પોતાની પાર્ટીના જ નેતાઓએ પીઠ પાછળ જેની ઠેકડી ઉડાડી હોય એવા કેરલમ્ના વિરોધી પક્ષ નેતા વી.ડી. સતીશનને મુખ્યપ્રધાન બનાવવાનો કોંગ્રેસનો નિર્ણય દેર આયે મગર દુરસ્ત આયે એવો છે. વિધાનસભામાં યુનાઈટેડ ડેમોક્રેટિક ફ્રન્ટ (યુડીએફ)ને સૌથી ઓછી બેઠકો મળી, તો હું રાજકારણ છોડી દઈશ, એવો સતીશનનો વિશ્વાસ મશ્કરીનું કારણ બન્યું હોવા છતાં ૧૪૦માંથી ૧૦૨ બેઠક ગઠબંધનને અપાવવામાં તેમનું યોગદાન મોટું હતું. કોંગ્રેસ મોવડીમંડળે મુખ્યપ્રધાન પદનો નિર્ણય લેવામાં દસ દિવસ કાઢી નાખ્યા અને સ્થાનિક નેતાની જગ્યાએ દિલ્હીમાં ગાંધી પરિવારની નિકટની વ્યક્તિને મુખ્યપ્રધાન બનાવવાની હિલચાલ પણ ચાલી. દેશમાં માંડ ચાર રાજ્યમાં (કર્ણાટક, તેલંગાણા, હિમાચલ અને હવે કેરલમ્) સરકાર ધરાવતી કોંગ્રેસને આખરે કાર્યકર્તાઓની માંગ અને ગઠબંધનમાંના સાથી પક્ષોના આગ્રહ સામે ઝૂકવું પડયું હોય એવું જણાય છે. કેરલમ્માં કોંગ્રેસને ૧૦૨માંથી ૬૩ બેઠક મળી છે, પણ ચૂંટણી પહેલાંના મોરચા યુડીએફે રાજ્યમાં સદી કરી અને આમ બે તૃતીયાંશ કરતાં વધુ બહુમતી હોવા છતાં ચોથી મેએ આવેલાં ચૂંટણી પરિણામ બાદ દેશના સૌથી જૂના રાજકીય પક્ષે અનેક ચર્ચા-વિચારણાઓ બાદ સતીશનને નાયિક્કુમ એટલે કે, કેરલમ્ના નાયક બનાવ્યા છે. એમ તો રાહુલ ગાંધીના નિકટવર્તી અને દિલ્હીના દરબારી કે.સી. વેણુગોપાલનું નામ પણ સીએમની રેસમાં આગળ હતું. મક્કમ પીઠબળ ધરાવતા સ્થાનિક લોકપ્રિય નેતાને મુખ્યપ્રધાન પદ ન આપવું, કેમ કે, તે વધુ કદાવર થઈ જશે તો પક્ષના મોવડીઓને નહીં ગાંઠે એવી કોંગ્રેસની વર્ષો જૂની ગણતરી રહી છે, પણ સતીશનના કિસ્સામાં તેમને જૂની રૂઢિ તોડવી પડી છે, કેમ કે, એક તો સાથી પક્ષ મુસ્લિમ લીગે (જેની બાવીસ બેઠકો છે) સતીશનનાં નામને ટેકો આપ્યો હતો. બીજું, સ્થાનિક સ્તરે પણ મુખ્યપ્રધાન દિલ્હીનો નહીં એવી ભાવના હતી, જે કમને પણ સ્વીકારવાની ફરજ પડી છે. એમ તો રેસમાં અન્ય નામ પણ હતાં, પણ પસંદગીનો કળશ સતીશન પર ઢોળાયો. સતીશન સામે પડકારો અનેક છે. એક તો કેરલમ્ની આર્થિક વૃદ્ધિનો વેગ દક્ષિણનાં રાજ્યોમાં સૌથી ઓછો છે, આ ઉપરાંત, યુવાનોમાં બેરોજગારીનું ઊંચું પ્રમાણ, આ ઉપરાંત, ચૂંટણીમાં યુડીએફે આપેલાં વચનો પૂરાં કરવાં માટે સરકારી તિજોરી પર મોટી તાણ આવશે, એ માટે નાણાં ક્યાંથી ઊભાં કરવાં એ પ્રશ્ન પણ છે. રાજકીય પડકાર ડાબેરીઓ અને ભાજપ એમ બેતરફી રહેશે. રાજ્ય વિધાનસભામાં ભાજપે પહેલીવાર ત્રણ બેઠક અને ૧૧ ટકાથી વધુ મત હિસ્સો મેળવ્યો છે, તો, મુસ્લિમ લીગના ટેકાથી મુખ્યપ્રધાન બનેલા સતીશન માટે રાજ્યમાં ધાર્મિક સંતુલન જાળવવાનો પડકાર પણ છે. હવે, આ નવા કેરલમ્ મોડેલને સફળતા મળે એ કોંગ્રેસનાં ભાવિ માટે પણ મહત્ત્વની બાબત ઠરશે.

**! બંગાળ અને તામિલનાડુનાં પરિણામ પછી ઈન્ડિ મોરચાનાં ભાવિ સામે મોટો પ્રશ્નાર્થ ઊભો થયો છે.**

# કોંગ્રેસ મોરચાનો નવો અવતાર થશે ?

## આવી જ રીતે તામિલનાડુમાં ડીએમકેના હરીફ અન્ના ડીએમકેમાં પણ ભંગાણ પડયું છે

પશ્ચિમ બંગાળ, તામિલનાડુ અને આસામ વિધાનસભાઓની ચૂંટણીનાં પરિણામ આવ્યાં પછી કોંગ્રેસના ઈન્ડિ મોરચાનાં ભવિષ્ય સામે પ્રશ્નાર્થ ઊઠયો છે અને રાજકારણમાં તેની ચર્ચા શરૂ થઈ છે. જો કે, મોરચામાંથી 'આપ'ના અરવિંદ કેજરીવાલ અલગ થયા અને રાજ્યોની ચૂંટણી પહેલાં આમ આદમી પાર્ટીના સાત સંસદસભ્ય ભાજપમાં જોડાઈ ગયા ત્યારથી રાજકારણમાં ચર્ચા શરૂ થઈ હતી, પણ મહિલા આરક્ષણમાં વિપક્ષોએ એકતા બતાવીને મોદી સરકારનો ઠરાવ નામંજૂર કર્યો ત્યારે વિપક્ષી નેતાઓનો આત્મવિશ્વાસ ફરીથી જાગ્યો હતો, પણ મોદી સરકારને સંસદમાં હરાવવા પૂરતી જ એકતા હતી. આ પછી તરત રાહુલ ગાંધીએ સ્પષ્ટતા કરી કે ચૂંટણીમાં મમતાદીદી સાથે કોઈ સમજૂતી નહી થાય અર્થાત્ કોંગ્રેસી મોરચાની એકતા લોકસભાની ચૂંટણી માટે જ મોદીને હરાવવા માટે છે : વિધાનસભાની ચૂંટણીમાં એકતાની જરૂર નથી. પરિણામે બંગાળમાં કહેવાતા સેક્યુલરવાદીઓ - કોંગ્રેસ અને ડાબેરીઓ મમતા સામે ઊભા રહ્યા અને પડયા ! બંગાળમાં મમતાને હરાવવાનું લક્ષ્ય હતું, મોદીને નહી ! આખરે ડાબેરીઓ પછી સેક્યુલરવાદનાં દંભી, પણ હાડોહાડ કોમવાદી મમતા સત્તા ભ્રષ્ટ થયાં. આ સાથે જ તામિલનાડુમાં ૫૦ વર્ષથી દ્રવિડ પક્ષોનું શાસન હતું. રાહુલ ગાંધીના જમણા હાથ જેવા ડીએમકે મુખ્યપ્રધાન સ્ટાલીનને સત્તા ગુમાવી, પણ તેથી મોટો આઘાત તો રાહુલ ગાંધીની કોંગ્રેસે ડીએમકેનો સાથ છોડીને તથા પક્ષના નવા નેતા જોસેફ વિજયનો હાથ પકડયો તે લાગ્યો છે ! બંગાળ અને તામિલનાડુનાં પરિણામ પછી ઈન્ડિ મોરચાનાં ભાવિ સામે મોટો પ્રશ્નાર્થ ઊભો થયો છે. અલબત્ત, મમતા કહે છે હવે ભાજપને હરાવવા માટે નવેસરથી વિપક્ષી એકતા કરવા હું તૈયાર છું, પણ એમની તૈયારી મોરચાની નેતાગીરી લેવા માટે છે. રાહુલ ગાંધી અને કોંગ્રેસ કદી સ્વીકારે ? તામિલનાડુના ડીએમકે નેતા સ્ટાલીનને તો રાહુલ ગાંધીના 'દગા'નો બદલો લેવાના નિર્દેશ આપ્યા છે ! લોકસભામાં ડીએમકેના સભ્યો કોંગ્રેસ અને ઈન્ડિ મોરચા સાથે બેસવા માગતા નથી. ચેન્નઈમાં સ્ટાલીન અને ઉદયનિધિ - ડીએમકેના પિતા - પુત્રની મુલાકાત નવા મુખ્યપ્રધાન સાથે થઈ. બંનેએ એકબીજાને શાલ ઓઢાડીને હાથ મિલાવ્યા. સ્ટાલીને મુખ્યપ્રધાનને અનુરોધ કર્યો છે કે ડીએમકેની જનકલ્યાણ યોજનાઓ ચાલુ રાખજો. વાસ્તવમાં જૂની યોજનાઓ સુધારા - વધારા સાથે ચાલુ રખાઈ રહી છે. મુખ્યપ્રધાન વિજયે સ્ટાલીનની મુલાકાત લીધી તે રાહુલ ગાંધીના પાંચ કોંગ્રેસી વિધાનસભ્યના ટેકાથી વધુ મહત્ત્વની છે ! પણ રાહુલ ગાંધીએ જાહેર કર્યું છે કે ભાજપ - મોદીને હરાવવાની શક્તિ માત્ર કોંગ્રેસમાં અર્થાત્ રાહુલ ગાંધીમાં છે. આમ કહીને એમણે ઈન્ડિ મોરચાના નવા અવતારનો સંદેશ આપ્યો છે. હવે મોરચાનું અવસાન થાય છે કે નવા અવતારથી પુનર્જન્મ, તે જોવાનું છે ! અત્યારે રાજકારણમાં 'સમુદ્રમંથન' જેવી હાલત છે. બંગાળમાં મમતાના તૃણમૂલ કોંગ્રેસ પક્ષમાં ભંગાણની શરૂઆત થઈ છે ! છૂટા પડીને સભ્યો કોંગ્રેસમાં તો કેટલાક ભાજપમાં જવાની વેત - તૈયારીમાં છે ! આવી જ રીતે તામિલનાડુમાં ડીએમકેના હરીફ અન્ના ડીએમકેમાં પણ ભંગાણ પડયું છે અને સભ્યો સ્ટાલીન સાથે જઈ રહ્યા છે. ઈન્ડિ મોરચાની સ્થાપના પટણામાં ૨૦૨૩ના જુલાઈમાં થઈ અને તૂટવાની શરૂઆત પણ પટણાથી થઈ, ત્યારે કોંગ્રેસનો દાવો એવો હતો કે દેશના દરેક વિસ્તારમાં કોંગ્રેસ છે ! પશ્ચિમમાં રાજસ્થાન, પૂર્વમાં છત્તીસગઢ, ઉત્તરમાં હિમાચલ પ્રદેશ અને દક્ષિણમાં કર્ણાટકમાં 'હાજરી' છે, સત્તા છે. આ ઉપરાંત, બંગાળમાં તૃણમૂલ કોંગ્રેસ, બિહારમાં રાષ્ટ્રીય જનતા દળ, તામિલનાડુમાં ડીએમકે અને દિલ્હીમાં 'આપ' — કોંગ્રેસ મોરચાના ભાગીદાર પક્ષોના હાથમાં સત્તા હતી. રાષ્ટ્રવ્યાપી રાષ્ટ્રીય કોંગ્રેસનો મોરચો હતો. ઉપરાંત, આંધ્રમાં વાય. એસ. રેડ્ડીની કોંગ્રેસ અને ઓરિસ્સામાં બિજુ જનતા દળની સરકાર હતી. છેલ્લાં બે જ વર્ષમાં મોટાભાગના ભાગીદાર તથા સાથીદાર પક્ષો મોરચો છોડી ગયા છે. આપ, જેડીયુ અને તે પહેલાં આરજેડી ! તેજસ્વી યાદવ, કેજરીવાલ, શરદ પવાર, સ્ટાલીન અને મમતાની સત્તા અને શક્તિ ક્ષીણ થતી ગઈ. આમ છતાં મોરચો ટકી રહ્યો અને કેન્દ્રમાં સૌ સાથે, રાજ્યોમાં અલગ રહેવાની છૂટ એમ કહેવાયું. આજે પરિસ્થિતિ અને નક્શો બદલાઈ ગયો છે ! ડાબેરીઓ એકપણ રાજ્યમાં સત્તામાં નથી, છતાં તામિલનાડુમાં - ભાજપને સત્તામાં ભાગીદારી મળે નહીં એ માટે કોંગ્રેસ સાથે જોડાયા અને જોસેફ વિજયને 'બહુમતી' મળી - અલબત્ત, જમ્મુ - કાશ્મીરના મુખ્યપ્રધાન ઓમર અબ્દુલ્લાની ટકોર યોગ્ય છે કે ઈન્ડિ મોરચો વેન્ટિલેટર ઉપર છે ! હવે ઈન્ડિ મોરચાના મૂળ સ્તંભ ગણાતા કોંગ્રેસ, તૃણમૂલ કોંગ્રેસ, ડીએમકે અને ડાબેરીઓ -ના પગ નીચે ધરતી ખસી ગઈ છે. કોંગ્રેસને કેરલમનું આશ્વાસન મળ્યું હોવા છતાં મુખ્યપ્રધાનની પસંદગીમાં વિલંબથી વિજય ઝંખવાયો છે. ઈન્ડિ મોરચામાં હવે કોંગ્રેસ અર્થાત્ રાહુલ ગાંધી સુપ્રીમ - સર્વોચ્ચ છે. મમતાની મહેચ્છા હતી મોરચાનું નેતૃત્વ મેળવવાની. હવે પરાજય પછી પણ ભાજપને હઠાવવા માટે આગેવાની લેવા તૈયાર હોવાની જાહેરાત કરી, પણ અન્ય તમામ ઘટકોએ વિરોધ કર્યો છે. હવે મોરચાને મમતાની જરૂર નથી, પણ મમતાને મોરચામાં જોડાવાની તાલાવેલી લાગી છે ! તામિલનાડુના ડીએમકે નેતા સ્ટાલીનનો કેસ જુદો છે. રાહુલ ગાંધીએ 'દગો' કર્યો હોવાથી ધૂંધવાઈ રહ્યા છે. સંસદમાં અને બહાર પણ કોંકગ્રેસને કટોકટીમાંથી ઉગારવા બદલ આવો બદલો મળ્યો તે ભૂલશે નહીં. હજુ, સંસદમાં ડીએમકેના સભ્યો છે અને મોદી સરકાર મહત્ત્વના ઘણા ખરડા લાવનારી છે, ત્યારે વિપક્ષી એકતા કરવાનું આસાન નહીં હોય. ડીએમકેના બાવીસ સભ્યો લોકસભામાં છે, તેમાં તાત્કાલિક પક્ષપલટા થવાની આશા નથી. લોકસભામાં તામિલનાડુની ૩૯ બેઠક છે અને ચૂંટણીમાં કોંગ્રેસ - 'વિજય' સાથે સમજૂતી કરે તો પણ ડીએમકે કોંગ્રેસી ઉમેદવારોને હરાવવાના પ્રયાસ કરશે જ. ઉત્તરપ્રદેશમાં અખિલેશ યાદવ અને બિહારમાં તેજસ્વી હવે કોંગ્રેસ સાથે કેવી મૈત્રી રાખે છે તે જોવાનું છે ! મહારાષ્ટ્ર અને અન્ય રાજ્યોમાં પણ કોંગ્રેસ સિવાયનો મોરચો ઊભો કરવાની હિલચાલ થઈ રહી છે. બંગાળ, તામિલનાડુ અને કેરલમમાં દ્વિપક્ષી સિસ્ટમ હતી, તેમાં પણ હવે પરિવર્તન આવી રહ્યું છે ! ડાબેરીઓ ક્યાંયના નથી રહ્યા. આઝાદી પછી ભારતમાં સૌપ્રથમ સામ્યવાદી સરકાર કેરળમાં આવી હતી અને ઈન્દિરા ગાંધીએ નેહરુને કહીને બરખાસ્ત - બરતરફ કરાવી હતી. કેરળ હાથમાંથી ગયું અને કોંગ્રેસના હાથમાં ગયા પછી સામ્યવાદીઓ તામિલનાડુમાં કોંગ્રેસના હાથા બનીને 'હાથ' મજબૂત કરી રહ્યા છે. કોંગ્રેસની પહેલ પછી વિજયને ટેકો આપ્યો છે ! કોંગ્રેસે ડીએમકે છોડીને ટીવીકે - મુખ્યપ્રધાન વિજયને ટેકો આપ્યો, કારણ કે લોકોએ ડીએમકેનો અસ્વીકાર કર્યા પછી કોંગ્રેસ માટે ડીએમકે શું કામના ? મોરચાની એકતા કરતાં રાજ્યની સત્તામાં ભાગીદારી મહત્ત્વની છે ! દાયકાઓથી ડીએમકે સાથે રહેવા છતાં કોંગ્રેસને સત્તામાં ભાગીદારી મળી નહીં તે ખોટ હતી, હવે પુરાઈ છે. છતાં ડીએમકે આખરે મોરચામાં પાછા આવશે એવી આશા કોંગ્રેસને છે. પણ વિજયની બહુમતી થવા પહેલાં શતરંજના ખેલ ખેલાયા હતા. બંને ડીએમકે એકત્ર થઈ જાય એવી હિલચાલ હતી, પણ અન્ના ડીએમકેના એનડીએ મોરચામાં ભાજપ સામેલ હોવાથી સત્તામાં ભાગીદારી મેળવે તો ? સ્ટાલીનને ભડકાવવામાં આવ્યા. સેક્યુલરવાદ જાગી ઊઠયો ! આ દરમિયાન ડીએમકે - નંબર ટુમાં સત્તાનો કીડો સળવળ્યો અને પક્ષ છોડવા બહુમતી સભ્યો તૈયાર થયા.

**સ્મૃતિવનનું આ જંગલ કાળઝાળ ગરમી અને તાપમાં શીતળતાનો અનુભવ કરાવે છે.**

# વિશ્વનાં શ્રેષ્ઠ સંગ્રહાલયોમાં ગણના પામ્યું છે સ્મૃતિવન

- એ અઢી કલાકની જર્નીમાંથી પસાર થઈને બહાર આવતા સંવેદનશીલ પ્રવાસીની એક આંખમાં ભૂકંપની વેદના, વિનાશની પીડાની સ્મૃતિ હોય છે,

દીપક માંકડ : થોડાં વર્ષ પહેલાં પેરિસનાં લૂવર મ્યુઝિયમની મુલાકાત લીધી, ત્યારે વિસ્મિત થવાયું હતું કે આટલી ભવ્યતા ? અને સાચવણ ? પ્રશ્ન એ પણ ઉદ્ભવ્યો કે આવાં વર્લ્ડ ક્લાસ સંગ્રહાલય આપણે ત્યાં કદી થઈ શકશે ? લૂવર મ્યુઝિયમે વર્ષોથી વિશ્વનાં સૌથી વધુ મુલાકાત લેવાયેલાં મ્યુઝિયમમાં ટોચનું સ્થાન જાળવ્યું છે. ગયાં વર્ષે ૨૦૨૫માં ૯૦ લાખ લોકો એ મ્યુઝિયમ નિહાળવા પહોંચ્યા હતા. એ ઘટનાનાં થોડાં વર્ષોમાં જ મનને સંતોષ થયો. આપણે પણ કોઈથી પાછળ નથી. ૨૮મી ઓગસ્ટ, ૨૦૨૨ના કચ્છની ધરતી પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 'સ્મૃતિવન'નું ઉદ્ઘાટન કર્યું, એ સાથે કચ્છ અને ગુજરાતની ધરતી પર ઈતિહાસ રચાયો. આ વિશ્વસ્તરીય અર્થક્વેક મેમોરિયલ એન્ડ મ્યુઝિયમે ટૂંકાગાળામાં લાંબી છલાંગ મારી અને ભારતનાં સૌથી પ્રભાવશાળી સંગ્રહાલયોમાં સ્થાન મેળવી લીધું છે. સાડા ત્રણ વર્ષમાં કેટકેટલાય એવોર્ડ અને સન્માન પ્રાપ્ત કર્યાં છે. સ્મૃતિવનની મુલાકાત લેનારા પ્રવાસીઓ કહે છે કે કચ્છમાં જોવા જેવું ઘણું છે, પણ આ સ્થળ અનુભવવાનું છે.

એ અઢી કલાકની જર્નીમાંથી પસાર થઈને બહાર આવતા સંવેદનશીલ પ્રવાસીની એક આંખમાં ભૂકંપની વેદના, વિનાશની પીડાની સ્મૃતિ હોય છે, તો બીજી આંખમાં પુનર્નિર્માણની ભવ્યતા અને ગૌરવ છલકતાં દેખાય... સ્મૃતિવન મ્યુઝિયમને ૨૦૨૪માં તેનાં ઈન્ટિરિયર્સ માટે યુનેસ્કોનું સન્માન મળ્યું હતું. યુનેસ્કોએ તેનો વિશ્વનાં શ્રેષ્ઠ સાત સંગ્રહાલયની યાદીમાં સમાવેશ કર્યો છે. અઢી વર્ષમાં દસેક લાખ પ્રવાસી સ્મૃતિવનના સાક્ષી બની ચૂક્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો આ ડ્રીમ પ્રોજેક્ટ છે. મોદીજી કહે છે સ્મૃતિવન ભૂકંપ સ્મારક અને સંગ્રહાલય માત્ર એક સંરચના કે માળખું નથી, બલ્કે ૨૦૦૧ના ધરતીકંપમાં જીવન ગુમાવનારાઓને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ તેમજ કચ્છના લોકોની અસાધારણ હિંમત અને પુરુષાર્થનું પ્રતીક છે. આવતીકાલે ૧૮મી મેના 'વર્લ્ડ મ્યુઝિયમ દિવસ' છે, એ નિમિત્તે ફરી એક લટાર મારીએ સ્મૃતિવનની સ્મૃતિઓમાં... કચ્છ ઐતિહાસિક ધરોહર સાચવીને બેઠેલો પ્રદેશ છે. અહીં કેટલાંય સ્મારક અને સંગ્રહાલય આવેલાં છે. રાજાશાહી વખતની સ્મૃતિઓ, ભવ્ય ભૂતકાળનાં પ્રતીક ચિહ્નો સચવાયેલાં છે. એ સિવાય ભૌગોલિક વિશિષ્ટતા ધરાવતી આ ધરતીને ધમરોળીને અને વીરલાઓએ ઈતિહાસની કડી જોડવાનો અથવા તો સેંકડો - હજારો વર્ષ પૂર્વેની જીવસૃષ્ટિ કે માનવ સભ્યતાનાં પ્રતીકોને ફંફોસી ફંફોસીને ભાવિ પેઢી માટે સાચવવાની મથામણ કરનારા વીરલાઓ કચ્છની ભૂમિ પર પાક્યા છે. મોહનસિંહ સોઢાએ સેંકડો ફોશિલ્સ ભેગાં કર્યાં અને જાતમહેનતથી ફોશિલ પાર્ક ઊભો કર્યો. મોહનસિંહ આજે આપણી વચ્ચે નથી, પરંતુ તેમનું યોગદાન ભૂલી શકાય તેમ નથી... ભુજ ખાતેનું કચ્છ સંગ્રહાલય પણ અનેક અલભ્ય - ઐતિહાસિક તવારીખનું સ્મારક બનીને ઊભું છે. આયના મહેલ, ભારતીય સંસ્કૃતિ દર્શન કચ્છ મ્યુઝિયમ પણ અનોખી વિરાસત સાચવી બેઠું છે. સ્મૃતિવન નરેન્દ્રભાઈનો ડ્રીમ પ્રોજેક્ટ હોવાથી તેનું નિર્માણ મબલખ નાણાં ખર્ચીને થઈ શક્યું છે. આજે તેની ભારતનાં સૌથી મોટાં અત્યાધુનિક મ્યુઝિયમના ગણના થાય છે. અલગ અલગ સાત બ્લોકમાં પુનર્જન્મથી લઈને પુનનિર્માણની ગાથા સચવાયેલી છે. જીએમડીસીએ સંચાલિત આ મ્યુઝિયમ માટેનાં તથ્યો અને સામગ્રી પૂરી પાડવામાં કચ્છમિત્રએ સહયોગી રહ્યું છે,

એનું જન્મભૂમિ ગ્રુપને ગૌરવ છે. ૨૦૦૧ના ધરતીકંપને ગઈ ૨૬ જાન્યુઆરીએ ૨૫ વર્ષ થયાં, એ નિમિત્તે 'સ્મૃતિ વંદના' કાર્યક્રમ સ્મૃતિવન પરિસરમાં યોજાયો હતો, જેમાં ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ખાસ ઉપસ્થિત રહીને ભૂકંપપીડિતોને શ્રદ્ધાંજલિ અર્પિત કરી હતી. ભુજિયો ડુંગર ૪૭૦ એકરમાં પથરાયેલો છે, જેમાંથી ૧૭૫ એકરમાં સ્મૃતિવન છે. આ ભૂમિ ખડકાળ હોવા છતાં વૈજ્ઞાનિક ઢબે હરિયાળું જંગલ ઊભું થયું છે. જાપાનની મિયાવાકી પદ્ધતિથી અહીં પાંચેક લાખ વૃક્ષ વાવવામા આવ્યાં છે.

સ્મૃતિવનનું આ જંગલ કાળઝાળ ગરમી અને તાપમાં શીતળતાનો અનુભવ કરાવે છે. ૫૦ જેટલા ચેકડેમ જળસંચય માટે ઉપયોગી છે. સ્મૃતિવન પ્રવાસનનું અદ્યતન આકર્ષણ છે. સનસેટ પોઈન્ટ, આઠ કિ.મી. લંબાઈના આંતરિક રસ્તાઓ, સોલાર પાવર પ્લાન્ટ, વિશાળ પાર્કિંગ, વોક - વે ઉપરાંત સ્મૃતિવનને અડીને આવેલું રિજિયોનલ સાયન્સ સેન્ટર પણ મુલાકાત લેવા જેવું સ્થાન છે. દેશ - વિદેશના પ્રવાસીઓ - અભ્યાસુ સ્મૃતિવનની મુલાકાતે આવે છે. સ્થાનિક કચ્છીઓએ પણ તેનો લાભ અવશ્ય લેવો જોઈએ...

**આ સ્થાનને મસ્જિદ ગણાવે છે પણ ધારમાં મુસ્લિમો બહુ મોડા આવ્યા.**

# ધારની ભોજશાળા મંદિર જાહેર, હિંદુઓ માટે ઐતિહાસિક ચુકાદો કેમ?


## સિહોરમાં મા અંબિકાના મંદિરની પ્રતિમા ભોજશાળામાં મળેલી પ્રતિમા જેવી જ હોવાથી ભોજશાળાને જૈન તીર્થ જાહેર કરવું જોઈએ.

મધ્ય પ્રદેશ હાઈ કોર્ટની ઈન્દોર બેન્ચે ધારમાં આવેલી ભોજશાળાના મંદિરને મા વાગ્દેવી એટલે કે મા દેવી સરસ્વતીના મંદિર તરીકે સ્વીકાર્યું એ સાથે જ ધર્મસ્થાનોનો મુદ્દો ફરી ચર્ચામાં છે. ભોજશાળા બહુ મોટું સંકુલ છે અને તેમાં આવેલા મા સરસ્વતીના મંદિરને તોડીને કમાલ મૌલા મસ્જિદ બનાવાઈ હોવાના દાવાને પગલે હાઈ કોર્ટે ૨૦૨૪માં આર્કિયોલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા (એએસઆઈ)ને સમગ્ર ભોજશાળાનો સર્વે કરવા આદેશ આપ્યો હતો. આ સર્વેમાં મસ્જિદનું નિર્માણ મંદિર તોડીને કરાયું હોવાના પુરાવા મળતાં હાઈ કોર્ટે ભોજશાળાને મા સરસ્વતી દેવીનું મંદિર હોવાનું જાહેર કરીને હિંદુઓને પૂજાનો અધિકાર આપ્યો છે. હાઈ કોર્ટે આ મંદિરને મા વાગ્દેવીનું મંદિર જાહેર કર્યુ પણ મંદિરમાં કોઈ પ્રતિમા નથી કેમ કે અંગ્રેજો આ દેશને લૂંટી ગયા ત્યારે મા વાગ્દેવીની પ્રતિમા પણ લઈ ગયેલા. મા વાગ્દેવીની પ્રતિમા અત્યારે લંડનના મ્યુઝીયમમાં છે. આ પ્રતિમા પાછી લાવવા માટે પણ સુપ્રીમ કોર્ટમાં અરજી થઈ છે. હિંદુ પક્ષકારોએ સુપ્રીમ કોર્ટમાં કરેલી બે અરજીમાં એક અરજી મા વાગ્દેવીની પ્રતિમા પાછી લાવવાની પણ છે. હિંદુઓને અધિકાર મળ્યો પછી શનિવારથી જ ભોજશાળામાં દર્શન અને પૂજા-અર્ચના શરૂ થઈ ગયાં અને શનિવારે તો હનુમાન ચાલીસાનો પાઠ પણ કરાયો. વરસો પછી મંદિરમાં પૂજાની મંજૂરી મળી તેથી હિંદુઓ ઠેર ઠેરથી મોટી સંખ્યામાં ઊમટી રહ્યા છે. ભોજશાળા બહુ મોટું સંકુલ છે અને તેમાં મા સરસ્વતીનું મંદિર આવેલું છે. અત્યારે ભોજશાળાનો વહીવટ આર્કિયોલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા (એએસઆઈ)ને હસ્તક છે તેથી હાઈ કોર્ટે ભોજશાળા મંદિરનું સંચાલન કઈ રીતે કરવું તેનો નિર્ણય કેન્દ્ર સરકાર અને એએસઆઈ પર છોડ્યો છે. હિંદુઓ જેને મા સરસ્વતીનું મંદિર માને છે તેને મુસ્લિમો કમાલ મૌલા મસ્જિદ માને છે અને આ મસ્જિદમાં નમાઝ પણ પઢાતી હતી. આર્કિયોલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા (એએસઆઈ)એ ૭ એપ્રિલ ૨૦૦૩ના રોજ આદેશ આપેલો કે, મુસ્લિમ સમુદાય શુક્રવારે બપોરે નમાઝ પઢી શકે છે પણ ભોજશાળામાં હિંદુઓને પૂજાનો અધિકાર આપ્યો ન હતો. હાઈ કોર્ટે મુસ્લિમોને શુક્રવારે નમાઝ પઢવાની અપાયેલી મંજૂરી રદ કરીને એએસઆઈના આદેશને પણ રદ કરી દીધો છે. હાઈ કોર્ટના આદેશથી હિંદુઓ ખુશ છે જ્યારે મુસ્લિમો નારાજ છે તેથી આ મામલો સુપ્રીમ કોર્ટમાં જશે એ નક્કી છે. મુસ્લિમોની દલીલ છે કે, પ્લેસીસ ઓફ વર્શિપ એક્ટ, ૧૯૯૧ હેઠળ કોઈ પણ ધર્મસ્થાનની સ્થિતિ ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ની સ્થિતીએ જાળવી રાખવી જરૂરી છે. આ કાયદો ધારની ભોજશાળાને પણ લાગુ પડે છે તેથી ભોજશાળામાં હિંદુઓને પૂજાની મંજૂરી ના મળવી જોઈએ. હિંદુઓનું કહેવું છે કે, ૧૯૯૧માં કેન્દ્રની નરસિંહરાવ સરકારે દેશનાં તમામ ધાર્મિક સ્થળોને લગતા વિવાદોમાં યથાસ્થિતિ જાળવી રાખવા માટે પ્લેસીસ ઓફ વર્શિપ એક્ટ, ૧૯૯૧ બનાવ્યો ત્યારે અયોધ્યાના રામ જન્મભૂમિ સંકુલ સિવાયનાં તમામ ધર્મસ્થાનોને આ કાયદા હેઠળ રક્ષણ આપ્યું હતું એ વાત સાચી છે પણ ભોજશાળાને વર્શિપ એક્ટ લાગુ ના પડે. તેનું કારણ એ કે, ભોજશાળા ધર્મસ્થાન નથી પણ પુરાતત્ત્વીય રીતે સંરક્ષિત સ્થળ છે. હાઈ કોર્ટે આ દલીલે માન્ય રાખી છે પણ તેને સુપ્રીમ કોર્ટમાં પડકારી શકાય છે. મુસ્લિમો એ કરશે જ તેથી આ મુદ્દો સુપ્રીમ કોર્ટમાં જવાનો તેમાં મીનમેખ નથી. સુપ્રીમ કોર્ટમાં આ મુદ્દો જશે એ માટે બીજું પણ કારણ છે. ભોજશાળાના મંદિરનો વિવાદ હિંદુ અને મુસ્લિમ એ બે ધર્મના પક્ષકારો વચ્ચેનો જ નથી પણ જૈનો પણ તેમાં પક્ષકાર છે. જૈન સમાજ આ મંદિરને મા અંબિકાનું મંદિર ગણાવે છે. જૈનોનું કહેવું છે કે, હિંદુઓ જે પ્રતિમાને મા વાગ્દેવીની ગણાવે છે એ વાસ્તવમાં જૈનોનાં આરાધ્ય મા અંબિકાની છે.

સિહોરમાં મા અંબિકાના મંદિરની પ્રતિમા ભોજશાળામાં મળેલી પ્રતિમા જેવી જ હોવાથી ભોજશાળાને જૈન તીર્થ જાહેર કરવું જોઈએ. મા અંબિકા જૈનોના ૨૪મા તીર્થંકર ભગવાન નેમિનાથનાં રક્ષક હતાં એવી જૈનોની માન્યતા છે. જૈનો પણ ભોજશાળા પર પોતાનો અધિકાર બતાવે છે તેથી આ ચુકાદા સામે જૈનો પણ સુપ્રીમ કોર્ટમાં જશે જ.

જો કે હિંદુઓનો પક્ષ વધારે પ્રબળ છે એ સ્વીકારવું પડે. ધાર માલવાના પરમાર વંશના રાજવીઓની રાજધાની હતી. પરમાર વંશના મહાન રાજા ભોજ લગભગ ૧૦મી સદીમાં થઈ ગયા. રાજા ભોજે ગોળાકાર શહેર ધારની મધ્યમાં આ સ્મારક બનાવ્યું હોવાનું મનાય છે. આ શહેરનું નામ ધાર એટલે રખાયેલું કે, અહીં પરમારોના લશ્કર માટે તલવારો બનાવાતી હતી. ધારનગર એટલે કે તલવારોનું શહેર તેનું મૂળ નામ હતું ને પછી નગર નિકળી જતાં માત્ર ધાર જ રહ્યું. ધાર માટે યાદવો, સોલંકીઓ અને પરમાર વચ્ચે અનેક યુદ્ધો થયા. આ યુદ્ધો દરમિયાન ધારને વારંવાર સળગાવી દેવાયું અને ઘણી ઈમારતો તોડી પડાઈ પણ ભોજશાળાને કશું ના કરાયું કેમ કે તેમાં મા સરસ્વતીનું મંદિર હતું.મુસ્લિમો આ સ્થાનને મસ્જિદ ગણાવે છે પણ ધારમાં મુસ્લિમો બહુ મોડા આવ્યા. ભારતમાં મોટા ભાગના વિસ્તારોમાં ૧૪મી સદીની શરૂઆતમાં મુસ્લિમ શાસનનો યુગ શરૂ થયો. માલવા પણ ૧૪મી સદીના શરૂઆતના વર્ષોમાં મુસ્લિમ શાસન હેઠળ આવ્યું અને ૧૩૦૪-૦૫માં આયન અલ-મુલ્ક મુલતાનીની સૂબાગીરી હેઠળ દિલ્હી સલ્તનતનો ભાગ બન્યું . એ વખતે મંદિર તોડીને તેના પર મસ્જિદના ગુંબજ લગાવાયા હતા.જેના નામ પરથી આ મસ્જિદ બની એ કમાલ મૌલા સુફી સંત હતા. ૧૩૩૧માં ચિશ્તી સૂફી સંત કમાલ-અલ-દીનના મૃત્યુ પછી તેમની કબર મસ્જિદની બાજુમાં બનાવાઈ તેથી આ મસ્જિદ તે કમાલ મૌલા મસ્જિદ તરીકે જાણીતી થઈ. મતલબ કે, આયન અલ-મુલ્ક મુલતાનીના સૂબા તરીકેના કાર્યકાળની શરૂઆત એટલે કે ૧૩૦૪થી શરૂ કરીને ૧૩૩૧માં કમાલ-અલ-દીનનું મૃત્યુ એ વચ્ચેના ગાળામાં મસ્જિદ બની હતી. ભોજ રાજાના શાસનકાળના લગભગ ચારસો વર્ષ પછી આ મસ્જિદ બની એ જોતાં મુસ્લિમો તેના પર દાવો કરી શકે તેમ જ નથી.હાઈ કોર્ટનો ચુકાદો હિંદુઓ માટે બહુ મોટી જીત છે તેમાં શંકા નથી. આ ચુકાદાને સુપ્રીમ કોર્ટ માન્ય રાખશે કે નહીં એ ખબર નથી પણ હાઈ કોર્ટના ચુકાદાને પગલે હિંદુ પક્ષકારો માટે એક નવી દિશા ખૂલી ગઈ છે. આ દેશમાં મંદિરો તોડીને મસ્જિદો બનાવાઈ હોય એવાં ઘણાં સ્થાનોને ઐતિહાસિક સંરક્ષિત ઈમારતો તરીકેનો દરજ્જો મળેલો છે. ઉદાહરણ તરીકે તાજમહાલને હિંદુઓ ધર્મસ્થાન ગણાવે છે પણ કાનૂની રીતે એ ધર્મસ્થાન નહીં પણ ઐતિહાસિક સંરક્ષિત ઈમારત છે. આર્કિયોલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા (એએસઆઈ)ના તાબા હેઠળની આવી ઘણી ઈમારતોને ધર્મસ્થાન ના ગણી શકાય તેથી તેમને નરસિંહરાવની સરકારે બનાવેલો વર્શિપ એક્ટ લાગુ ના પડે તેથી ત્યાં હિંદુઓનો અધિકાર માન્ય રખાય એવું બને.

# કાન્સ ફેસ્ટિવલ : આરતીએ રેડ કાર્પેટ પર સનાતન ધર્મનો ભગવો લહેરાવ્યો



જેની ગ્લેમર વર્લ્ડમાં ચર્ચા ચાલી રહી છે એવા ફ્રાન્સના કાન્સ ફિલ્મ ફેસ્ટિવલની રેડ કાર્પેટ પર સનાતન ધર્મ અને ભારતીય પરંપરાઓ ચમકી છે. ભારતમાં જે રીતનું રાજકીય વાતાવરણ ચાલી રહ્યું છે, તેના અનુસંધાને સનાતન ધર્મની બાબત કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં ચમકી છે. આમ તો આલિયા ભટ્ટ પહેલા દિવસથી જ કાન્સ ફિલ્મ ફેસ્ટિવલના રેડ કાર્પેટ પર સતત ચમકી રહી છે, ત્યારે આરતી ખેતરપાલ રૂપે બીજું એક નામ હેડલાઈન્સમાં આવ્યું છે.

આરતી ખેતરપાલ નામની ઓછી જાણીતી હીરોઈને વૃંદાવન થીમ આધારિત પ્રદર્શનથી બધાને મોહિત કર્યા હતા. શ્રીમદ્ ભગવદ્ ગીતાની નાનકડી પુસ્તિકા સાથે કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં તેની એન્ટ્રીએ ખૂબ જ હલચલ મચાવી છે અને તેની વ્યાપક ચર્ચા થઈ રહી છે. આરતીએ પોતાની અનોખી શૈલીથી ગ્લેમર જગતના દિગ્ગજોને ટક્કર આપી છે, અને આલિયા ભટ્ટ કરતાં વધુ તેના વિશે ચર્ચા થઈ રહી છે.

આરતી ખેતરપાલ મૂળ ભજન ગાયિકા છે. ૨૦૧૮ માં, તે મીકા સિંહના ગીત "સામા" માં દેખાઈ હતી, જેનાથી તેને ઓળખ મળી. વૃંદાવનમાં રહીને, તે ભારતીય સંસ્કૃતિ અને આધ્યાત્મિકતાના પ્રસારનું કાર્ય કરી રહી છે. "કુતુબ મિનાર", "રાગિની એમએમએસ રિટર્ન્સ", "પ્યાર ઈશ્ક રેન્ટ", "મુસ્કુરાહતેં" અને "ઈનસાઈડ એજ" જેવા શોમાં પણ આરતી જોવા મળી હતી.

આરતી ખેતરપાલ કાન્સ ફિલ્મ ફેસ્ટિવલના તેના પ્રદર્શનથી રેડ કાર્પેટ પર હાલમાં સોશિયલ મીડિયા પર ચર્ચામાં છે.

જ્યારે આલિયા ભટ્ટ પહેલા દિવસથી જ કાન્સ ફિલ્મ ફેસ્ટિવલના રેડ કાર્પેટ પર ચમકી રહી છે, ત્યારે તાજેતરમાં જ તેણીએ ભગવદ ગીતા સાથે ઈવેન્ટમાં પ્રવેશ કર્યો હતો, જે પહેલા ક્યારેય ન દર્શાવાયેલી વસ્તુ લઈને આવી હતી. આરતીએ કાન્સના રેડ કાર્પેટ પર ભારતીય પરંપરાઓ, સનાતન ધર્મ, વૃંદાવનની ઝલક, ભગવદ ગીતા, જાપ કરતી થેલી અને હરે કૃષ્ણ મંત્રનું પ્રદર્શન કરીને એક ઉદાહરણ બેસાડ્યું છે. આ વખતે, કાર્યક્રમમાં પહેલાં ક્યારેય ન હોય તેવું કંઈક બન્યું: તેના હાથમાં ભગવદ ગીતા પુસ્તિકા હોવી એ અર્થપૂર્ણ હતું.

રેડ કાર્પેટ પર સનાતન ધર્મનું પ્રતિનિધિત્વ કરવા બાબતે આરતીએ સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરી, જેમાં કેપ્શન આપ્યું, "અને પછી, કાન્સના ઈતિહાસમાં પહેલીવાર, તેણે ગર્વથી કાન્સના રેડ કાર્પેટ પર સનાતન ધર્મનું પ્રતિનિધિત્વ કર્યું, જેમાં વૈષ્ણવ ધર્મ અને કૃષ્ણને સમર્પિત અભિવ્યક્તિ હતી. આ ભગવાનમાં વિશ્વાસ રાખનારા દરેક માનવી માટે છે."

પોતાની પોસ્ટમાં આરતીએ લખ્યું છે કે "હે કૃષ્ણ, તમે મને ગમે તે પ્લેટફોર્મ આપો, રાધા રાણી દ્વારા મને આપવામાં આવેલી દરેક ક્ષમતામાં તમારી સેવા કરવી અને સનાતન ધર્મનું પ્રતિનિધિત્વ કરવું એ મારી ફરજ છે. હે ભગવાન, હું તમારો ઋણી છું કારણ કે તમે મારું બધું છો." તેણે એવું પણ જણાવ્યું છે કે "કાન્સ રેડ કાર્પેટ પર સનાતન ધર્મ લાવવો એ એક ગર્વની ક્ષણ છે."

# અમૃતા શેરગિલ પર આધારિત 'અમરી'માં પ્રિયંકા-જયદીપ

## મીરા નાયર પોતાની નવી ફિલ્મ 'અમરી' દ્વારા વિખ્યાત ચિત્રકાર અમૃતા શેરગિલના જીવન અને કલાને મોટા પડદા પર લાવી રહ્યા છે



'અમરી' ફિલ્મ ભારતના આધુનિક કલા જગતમાં આગવી ઓળખ ઉભી કરનાર અમૃતા શેર-ગિલના જીવન અને સર્જનથી પ્રેરિત છે. ફિલ્મમાં અંજલી સિવરામન અમૃતા શેર-ગિલની ભૂમિકામાં જોવા મળશે, જ્યારે એમિલી વોટસન તેમની માતા મેરી-એન્ટોનેટ ગોટ્સમેન અને જયદીપ આહ્લાવત તેમના પિતા ઉમરાવ સિંહ શેર-ગિલની ભૂમિકામાં છે.

પ્રોડ્યુસર માઈકલ નોઝિકે જણાવ્યું, "ભલે ફિલ્મનો સમયગાળો બે વિશ્વયુદ્ધો વચ્ચેનો છે, પરંતુ અમૃતા સમયથી આગળની એક દીર્ઘદૃષ્ટિ ધરાવતી કલાકાર અને સામાજિક ક્રાંતિકારી મહિલા હતી. તેમની જીવનકથા પ્રેરણાનું પ્રતિક છે." તેમણે ઉમેર્યું, "મીરા નાયરના દિગ્દર્શન હેઠળ અંજલિનું અમૃતાનું પાત્ર યુવાનીની જિજ્ઞાસા અને બળવાખોરીની ભાવનાને જીવંત બનાવે છે."

ફિલ્મમાં ક્રિસ્ઝટિયન સકવારી વિક્ટર ઈગાન તરીકે,અંજના વસન ઈંદિરા શેર-ગિલ તરીકે ,જીમ સરભ કાર્લ ખંડાલાવાલા અને પ્રિયંકા ચોપરા મેડમ અજુરી તરીકેની ભૂમિકામાં જોવા મળશે. પ્રિયંકા ચોપરા આ ફિલ્મની એક્ઝિક્યુટિવ પ્રોડ્યુસર તરીકે પણ જોડાઈ છે.મીરા નાયરે જણાવ્યું હતું કે, "ભારતના સામાન્ય લોકોના જીવનને રંગો અને ફ્રેમિંગ દ્વારા રજૂ કરવાની તેમની હિંમતભરી શૈલી મને હંમેશા સ્પર્શતી રહી છે."

પ્રોડ્યુસર સમુદ્રિકા અરોરાએ જણાવ્યું કે, "અમૃતા શેર-ગિલનું જીવન અને તેમની કૃતિઓ આજની પેઢીની ઓળખ અને નિર્ભય આત્મઅભિવ્યક્તિને પ્રતિબિંબિત કરે છે. બે સંપૂર્ણ ભિન્ન દુનિયાઓમાંથી આવવાની સ્થિતિ અને બંનેમાં હોવા છતાં સંપૂર્ણપણે ક્યાંય ન હોવાનો સંઘર્ષ ખૂબ માનવીય છે."તેમણે ઉમેર્યું, "મને આ ફિલ્મ બનાવવાની પ્રેરણા એ વાતથી મળી કે અમૃતા બંને દુનિયાના શ્રેષ્ઠ તત્વોને પોતાની અંદર સમાવી શકી અને વચ્ચેની ખાલી જગ્યામાં પોતાને ગુમાવી નહોતી. મીરા સાથે મળીને આ વાર્તાને સાકાર કરવાનું સન્માનની વાત છે, કારણ કે સંસ્કૃતિઓ વચ્ચેની વાર્તાઓ રજૂ કરવાની તેમની કળા બેજોડ છે." ૨૦૨૭ દરમિયાન અમૃતા શેરગિલની કૃતિઓના વિશાળ પ્રદર્શન વિશ્વભરમાં યોજાનાર છે. તેની શરૂઆત પેરીસથી થશે, ત્યારબાદ લોસ એંજલસ અને દોહામાં યોજાશે. અંતે તેનું સમાપન નવી દિલ્હીમાં થશે, જ્યાં તેમની કૃતિઓનું કાયમી પ્રદર્શન યોજવાની યોજના છે.

# અમદાવાદની ચિત્રકાર બાંસુરી ચોક્સીનું પેઇન્ટિંગ કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં આલિયા ભટ્ટના ગાઉન ઉપર ચમક્યું

લગભગ એક મહિના પહેલાં, રિયા કપૂરનો ફોન આવ્યો. "તેણે કહ્યું, 'હું આલિયાના કેન્સ લુક પર કામ કરી રહી છું અને હું ઈચ્છું છું કે તમે ફ્રેન્ચ રિવિયેરાનું તમારું વર્ઝન તેમાં લાવો,''' બાંસુરી એ વાત યાદ કરતાં કહે છે અને હસતાં ઉમેરે છે, "હું તો તરત જ તૈયાર થઈ ગઈ. આવી તક મળતી હોય તો કોણ ના કહે?"

આલિયા ભટ્ટના કેન્સ ફિલ્મ ફેસ્ટિવલના ગાઉન દ્વારા પોતાની કલા વિશ્વભરમાં પહોંચે તે પહેલાંથી જ



અમદાવાદની કલાકાર બાંસુરી ચોકસી હાથથી બનાવેલાં મ્યુરલ્સ, લક્ઝરી વૉલપેપર્સ અને નિરીક્ષણની ધીમી ગતિમાં પોતાની એક અલગ દુનિયા ઊભી કરી ચૂકી હતી. આજે, અભિનેત્રી આલિયા ભટ્ટના કેન્સના ઓપનિંગ લુક માટે રિયા કપૂર અને That Antique piece સાથેના સહકાર પછી, બાંસુરીની વૈશ્વિક ફેશન ચર્ચાના કેન્દ્રમાં આવી ગઈ છે.લગભગ ૧૧૦ કલાક સુધી ચોકસીએ ફેબ્રિક પર રિવિયેરાના વાદળી રંગો, લવેન્ડર રંગના ખેતરો અને ભૂમધ્યસમુદ્રીય સૂર્યપ્રકાશને પેઈન્ટ કર્યો. આ ગાઉન આખરે ક્યાં પહોંચશે તે વિશે તેમણે કામ દરમિયાન બહુ વિચાર્યું જ નહોતું. પછી જ્યારે કેન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં આલિયા ભટ્ટ આ ગાઉન પહેરીને વિશ્વના સૌથી ચર્ચિત રેડ કાર્પેટ્સમાંથી એક પર દેખાઈ અને તેના ફોટોગ્રાફ્સ વાયરલ થયા, ત્યારે બધું બદલાઈ ગયું.જો કે, અચાનક મળેલી લોકપ્રિયતા છતાં બાંસુરીનો સ્વભાવ યથાવત્ શાંત રહ્યો છે. તેઓ સેલિબ્રિટી ગ્લેમર કરતાં ચિત્રકળાની શૈલી, વાતાવરણ અને લાગણીઓમાં વધુ રસ ધરાવે છે. "'ગ્લોબલ સ્ટાર' શબ્દ મારા માટે થોડો ભારે લાગે છે," તેઓ હસતાં કહે છે. "પણ હા, આ અનુભવ અદ્ભુત છે. ડ્રેસને અમે જેમ કલ્પ્યો હતો અને જે ભાવના સાથે બનાવ્યો હતો, તે લોકો સુધી પહોંચ્યું એ વાતથી હું ખૂબ ખુશ છું."અમદાવાદમાં જન્મેલી અને ઉછરેલી ૩૫ વર્ષીય બસુરી આજે જ્યારે ભૂતકાળ યાદ કરે છે ત્યારે સમજાય છે કે કલા કદાચ હંમેશાં તેમની આસપાસ મૌન સ્વરૂપે હાજર હતી. "મારી મમ્મીનું કુટુંબ ભગવાન કૃષ્ણને માને છે. એટલે દર ૧૫ દિવસે ઘરના મંદિરમાં વિધિઓ, સજાવટ અને સુંદર દૃશ્યો જોવા મળતા. હું એ બધું જોઈને મોટી થઈ છું," તેઓ કહે છે. "મારા પિતા સોનાના દાગીનાના વેપારી છે. મેં તેમને અને મારા દાદાને જ્વેલરીના સ્કેચ બનાવતાં જોયા છે. હવે બધું જોડું છું ત્યારે લાગે છે કે હું હંમેશાં દૃશ્ય, સૌંદર્ય અને ડિઝાઈનની દુનિયામાં જ હતી."

# ફેમિલી એન્ટરટેઇનર બનતા - બનતા રહી ગઈ ફિલ્મ 'પતિ પત્ની ઔર વો દો'

બોલિવૂડમાં 'ધ કોમેડી ઓફ એરર્સ' જેવાં જોનર માટે 'પતિ પત્ની ઔર વો' વાળો એન્ગલ હંમેશાથી ફિલ્મ નિર્માતાઓનો મનપસંદ રહ્યો છે. આ જ કારણ છે કે આ જોનર પર રંગ બિરંગી, પતિ પત્ની ઔર વો, જેવી ઘણી ફિલ્મો બની છે.

આ જ વિષય પર ૨૦૧૯માં મુદસ્સર અઝીઝ નિર્દેશિત 'પતિ પત્ની ઔર વો' ખૂબ હિટ રહી હતી. તે જ સફળતાને કેશ કરવા માટે મુદસ્સર અઝીઝ 'પતિ પત્ની ઔર વો દો' લઈને આવ્યાં છે, પરંતુ અફસોસ કે નબળી સ્ક્રિપ્ટ, લાઉડ કોમેડી અને લોજિકના અભાવને કારણે આ હસાવવા વાળી ફિલ્મ એક ફેમિલી એન્ટરટેઈનર બનતા-બનતા રહી ગઈ.



વાર્તા પ્રયાગરાજના ફોરેસ્ટ વિભાગનાં ઈન્ચાર્જ પ્રજાપતિ પાંડે (આયુષ્માન ખુરાના)ની છે, જે પોતાની પત્રકાર પત્ની અપર્ણા (વામિકા ગબ્બી) સાથે ખુશહાલ જીવન જીવી રહ્યો હોય છે. તેમના જીવનમાં ત્યારે હલચલ થાય છે, જ્યારે બનારસથી પ્રજાપતિની જૂની મિત્ર ચંચલ (સારા અલી ખાન) મદદ માંગવા આવે છે અને થોડા દિવસો માટે તેનો નકલી બોયફ્રેન્ડ બનવા માટે કહે છે.

નિર્દેશક મુદસ્સર અઝીઝની આ સિક્વલ એક ફેમિલી કોમેડીનું વચન આપે છે અને અમુક અંશે તેના પર ખરી પણ ઉતરે છે. ફિલ્મમાં ઘણાં તર્ક વગરના પરંતુ મનોરંજક દ્રશ્યો છે, જે હસાવે છે, જો કે વાર્તાની મૂળભૂત નબળાઈઓ તેને સંપૂર્ણપણે અસરકારક બનતા અટકાવે છે. પહેલો ભાગ ઘણો સપાટ છે.

સેકન્ડ હાફમાં વાર્તા ગતિ પકડે છે અને કોમેડી ઓફ એરર્સથી પેદા થતી મૂંઝવણ ઘણી જગ્યાએ દર્શકોને હસાવવામાં સફળ રહે છે. કેટલાક વન-લાઈનર્સ ખરેખર રમુજી બન્યાં છે. ટ્રીટમેન્ટ ઘણી જગ્યાએ જરૂરિયાત કરતાં વધુ લાઉડ એટલે કે અતિશયોક્તિભરી લાગે છે.

નિર્દેશક પાત્રોને અપેક્ષિત ઊંડાણ આપી શક્યાં નથી. સંગીતની વાત કરીએ તો 'હમને દિલ વહીં લગાયા' અને 'રૂપ દી રાની' જેવા ગીતો જ યાદ રહી જાય છે. પરંતુ બે કલાકથી ઓછો તેનો રનટાઈમ તેને કંટાળાજનક થવાથી બચાવી લે છે. આખી ફિલ્મ આયુષ્માન ખુરાનાના ખભા પર ટકેલી છે, જેને તેણે પોતાની અદભુત કોમિક ટાઈમિંગથી મજબૂતીથી ઉપાડી લીધી છે.

અપર્ણાના રોલમાં વામિકાને ફિલ્મમાં સારો એવો સ્ક્રીન ટાઈમ મળ્યો છે, જેનો તેણે પૂરો ફાયદો ઉઠાવીને પોતાની ભૂમિકાને યાદગાર બનાવી છે. સારા અલી ખાન ચંચલની નૌટંકી વાળી ભૂમિકામાં એકદમ ફિટ બેસે છે. રકુલ પ્રીત નીલોફરની ભૂમિકા સાથે પૂરો ન્યાય કરે છે. સહાયક કલાકારોમાં વિજય રાઝ, તિગ્માંશુ ધૂલિયા અને વિજય વશિષ્ઠ મનોરંજનની પળોમાં ઉમેરો કરે છે, પરંતુ બુઆજીના રોલમાં આયશા રઝા ખૂબ હસાવે છે.

# અરિજિત સિંહના સમર્થનમાં આવ્યો અદનાન સામી

## કહ્યું- પ્લેબેક સિંગિંગ છોડવાનો નિર્ણય વિચારીને લીધો છે, સમય આવશે ત્યારે ખબર પડી જશે

સિંગર અને કમ્પોઝર અદનાન સામીએ અરિજિત સિંહના પ્લેબેક સિંગિંગમાંથી સંન્યાસ લેવાના નિર્ણયને સમર્થન આપ્યું છે. અદનાને કહ્યું કે અરિજિતના આ પગલાનું સન્માન થવું જોઈએ અને તેના પર કોઈ પણ પ્રકારની અટકળો ન લગાવવી જોઈએ. અરિજિતે આ જ વર્ષે સોશિયલ મીડિયા પર અચાનક સંન્યાસની જાહેરાત કરીને ફિલ્મ ઈન્ડસ્ટ્રી અને ચાહકોને ચોંકાવી દીધા હતા.

ન્યૂઝ એજન્સી પીટીઆઈ (PTI) ને આપેલા એક ઈન્ટરવ્યુમાં ૫૪ વર્ષીય અદનાન સામીએ કહ્યું, અરિજિતે પ્લેબેક સિંગિંગમાંથી સંન્યાસ લેવાનો નિર્ણય પૂરા હોશમાં કર્યો છે. આપણે તેના આ નિર્ણયનું સન્માન કરવું જોઈએ. આ કોઈ ઉતાવળિયો નિર્ણય નથી, પરંતુ તેની પાછળ ઊંડી વિચારસરણી હશે. અદનાને આ વાત જી મ્યુઝિક કંપની હેઠળ રિલીઝ થયેલા તેના નવા સિંગલ 'લિપસ્ટિક લગા કે, નજર ઉતાર લે'ના લોન્ચ દરમિયાન કહી.

અદનાને આગળ કહ્યું કે અરજીત માટે જનતાને પોતાનું કારણ જણાવવું બિલકુલ જરૂરી નથી. તેણે કહ્યું, તેની પાછળ ચોક્કસ કોઈ મોટું કારણ હશે, જેને તે પોતે વધુ સારી રીતે જાણે છે. દુનિયાને તેને તરત જ જણાવવાની કોઈ જરૂર નથી. સમય આવ્યે બધાને ખબર પડી જ જશે. આ તેનું જીવન છે, જ્યારે તે સહજ અનુભવશે, પોતે કારણ શેર કરશે. ત્યાં સુધી આપણે તેને પર્સનલ સ્પેસ આપવી જોઈએ.



૨૫ એપ્રિલ ૧૯૮૭ના રોજ અરિજિત સિંહનો જન્મ પશ્ચિમ બંગાળના જિયાગંજમાં થયો હતો. તેની માતા શાસ્ત્રીય ગાયિકા હતા. બાળપણથી જ તેની રુચિ ગાયકીમાં હતી. શાસ્ત્રીય સંગીત શીખ્યા પછી અરિજિત સિંહે ૧૮ વર્ષની ઉંમરે વર્ષ ૨૦૦૫માં સિંગિંગ રિયાલિટી શો 'ફેમ ગુરુકુલ'માં ભાગ લીધો હતો.

અરિજિત આ શો જીતી શક્યા ન હતા, જોકે તેમના પર્ફોર્મન્સથી પ્રભાવિત થઈને સંજય લીલા ભણસાલીએ તેમને ફિલ્મ સાવરિયાનું ગીત 'યૂં શબનમી' ઓફર કર્યું હતું. અરિજિતે આ ગીત ગાયું હતું, જોકે કેટલાક ફેરફારોને કારણે તે ગીતમાંથી સિંગરને બદલી દેવામાં આવ્યા હતા.

આગળ તેણે બેકગ્રાઉન્ડ સિંગર તરીકે કામ કર્યું. ગોલમાલ ૩, ક્રૂક, એક્શન રીપ્લે જેવી ફિલ્મોમાં મ્યુઝિક કોલેબોરેશન પછી અરિજિત સિંહે મર્ડર ૨ ના ગીત 'ફિર મોહબ્બત કરને ચલા હૈ' થી પ્લેબેક સિંગર તરીકે ડેબ્યૂ કર્યું. આ ગીતની લોકપ્રિયતા પછી તેને એજન્ટ વિનોદનું ગીત 'રાબતા' મળ્યું. આ ગીત પણ હિટ રહ્યું અને અરિજિતે સમય જતાં બેસ્ટ સોન્ગ આપીને સ્ટારડમ હાંસલ કર્યું.

અરિજિત સિંહે પોતાની મ્યુઝિકલ કારકિર્દીમાં ૫૩૨ હિન્દી, ૧૪૪ બંગાળી અને ૨૫ તેલુગુ સહિત અનેક ભાષાઓમાં ૭૦૦થી વધુ ગીતો ગાયા છે. તે ૨ નેશનલ એવોર્ડ, ૮ ફિલ્મફેર સહિત કુલ ૧૨૨ એવોર્ડ જીતી ચૂક્યો છે. અરિજિત સિંહને પહેલો નેશનલ એવોર્ડ વર્ષ ૨૦૧૮માં પદ્માવતના ગીત બિનતે દિલ માટે અને બીજો નેશનલ એવોર્ડ ૨૦૨૨માં ફિલ્મ બ્રહ્માસ્ત્રના ગીત કેસરિયા માટે મળ્યો છે. વર્ષ ૨૦૧૫માં અરિજિત સિંહને પદ્મશ્રીથી સન્માનિત કરવામાં આવ્યો છે.

# હુમા-અદિતિનો સંસ્કારી બાદ બોલ્ડ અવતાર!

૭૯મા કાન ફિલ્મ ફેસ્ટિવલમાં ભારતીય સિતારાઓ પોતાના લુક અને અંદાજથી વૈશ્વિક મંચ પર ધમાલ મચાવી રહ્યા છે. આ પ્રતિષ્ઠિત મહોત્સવમાં પહોંચેલી બોલિવૂડ એક્ટ્રેસ અદિતિ રાવ હૈદરી, હુમા કુરેશી અને ઉર્વશી રૌતેલા અત્યારે સોશિયલ મીડિયા પર જોરદાર ચર્ચામાં છે. કોઈ પોતાના પરંપરાગત લુકને બદલીને બોલ્ડ અંદાજ અપનાવવા માટે વાહવાઈ લૂંટી રહ્યું છે, તો કોઈ નકલ કરીને ટ્રોલર્સના નિશાના પર આવી ગયું છે.

૧૨ મેથી શરૂ થયેલા કાન ફેસ્ટિવલમાં અદિતિ રાવ હૈદરીએ પોતાની સ્ટાઈલ અને આકર્ષણથી બધાનું ધ્યાન ખેંચ્યું છે. પહેલા દિવસે અદિતિ એકદમ સાદગીભર્યા લુકમાં સાડી પહેરીને જોવા મળી હતી, જેના ચાહકોએ ખૂબ વખાણ કર્યા હતા. જોકે, બીજા દિવસે તેણે રેડ કાર્પેટ પર ઉતરીને પોતાના બોલ્ડ લુકથી બધાને ચોંકાવી દીધા હતા.મોર્ડન લુક: અદિતિ એક વન શોલ્ડર નિયોન મેટાલિક ગ્રીન ગાઉનમાં જોવા મળી હતી. આ થાઈ-હાઈ સ્લિટ લોંગ ગાઉન ડ્રેસ 'ટોની વોર્ડ કોચુર'ના સ્પ્રિંગ/સમર ૨૦૨૫ના સંગ્રહમાંથી હતો. આ લુક સાથે તેણે હળવો મેકઅપ અને ખુલ્લા વાળ રાખ્યા હતા, જે જૂની હોલીવુડ શૈલીને આધુનિક સ્પર્શ આપતો હતો.ટ્રેડિશનલ લુક: આ પહેલા અદિતિએ 'મોનિકા અને કરિશ્મા' બ્રાન્ડ ઝેડની ઓર્ગેન્ઝા સાડી પહેરી હતી, જેના પર સોનેરી ટીલડી અને સિતારાનું ઝીણું નકશીકામ હતું. આ લુકને તેણે ઈન્દ્રિયા જ્વેલ્સના બે સોનેરી હાર તથા હીરાની વીંટી સાથે પૂર્ણ કર્યો હતો, જેમાં તેણે ચોટી વાળી હેરસ્ટાઈલ કરી હતી.





# રાજસ્થાન રોયલ્સ સામે દિલ્હી કેપિટલ્સનો ૫ વિકેટે વિજય

## રાજસ્થાન રોયલ્સ ૧૯૩/૮, દિલ્હી કેપિટલ્સ ૧૯૭/૫




દિલ્હી કેપિટલ્સે અહીં રમાયેલી મેચમાં મહેમાન ટીમ રાજસ્થાન રોયલ્સને ૫ વિકેટે પરાજય આપી પ્લે ઓફમાં પ્રવેશવાની આશા જીવંત રાખી છે. રાજસ્થાન રોયલ્સે પ્રથમ બેટિંગ કરતાં ૮ વિકેટના નુકસાને ૧૯૩ રન બનાવ્યા હતા જેના જવાબમાં દિલ્હીની ટીમે લોકેશ રાહુલ અને અભિષેક પોરેલ વચ્ચે પ્રથમ વિકેટ માટે નોંધાયેલી શતકીય ભાગીદારીની મદદથી ૧૯.૨ ઓવરમાં પાંચ વિકેટના નુકસાને મેચ જીતી લીધી હતી. આ જીત સાથે દિલ્હીના ૧૩ મેચમાં ૧૨ પોઈન્ટ થઈ ગયા છે જ્યારે રાજસ્થાનના ૧૨ મેચ બાદ ૧૨ પોઈન્ટ સાથે છઠ્ઠા ક્રમે ધકેલાઈ ગઈ છે. રાજસ્થાનને પ્લે ઓફમાં પહોંચવા માટે હવે તેની બાકીની બંને મેચ જીતવી જરૂરી બની ગઈ છે.

રાજસ્થાન રોયલ્સના આક્રમક ઓપનર વૈભવ સૂર્યવંશી અને યશસ્વી જયસ્વાલે ઈનિંગનો પ્રારંભ કર્યો હતો. જોકે, જયસ્વાલ માત્ર ૧૨ રન બનાવી આઉટ થયો હતો. જ્યારે વૈભવ સૂર્યવંશીએ પોતાના અંદાજમાં આક્રમક બેટિંગ શરૂ કરતાં ટીમનો સ્કોર પાવરપ્લેમાં ૭૫ રને પહોંચાડી દીધો હતો. સૂર્યવંશી અર્ધીસદીથી ચાર રન દૂર હતો ત્યારે માધવ તિવારીએ મિલરના હાથે કેચ કરાવી પેવેલિયન મોકલ્યો હતો. સૂર્યવંશી આઉટ થયા બાદ ધ્રુવ જુરેલ અને કેપ્ટન રિયાન પરાગે ટીમને સંભાળી હતી. જોકે, ૧૫મી ઓવરમાં સ્ટાર્ક ત્રાટક્યો હતો અને તેણે એક જ ઓવરમાં રિયાન પરાગ, ડેનોવાન ફેરેઈરા અને રવિ સિંઘને આઉટ કરી રાજસ્થાન રોયલ્સને બેકફૂટ પર ધકેલી દીધું હતું. સ્ટાર્કના તરખાટ બાદ રાજસ્થાન રોયલ્સની બેટિંગ ધીમી પડી ગઈ હોય તેમ છેલ્લી પાંચ ઓવરમાં માત્ર ૨૨ રન બનાવ્યા હતા અને ટીમ ૨૦ ઓવરના અંતે ૮ વિકેટ ગુમાવી ૧૯૩ રન બનાવી શકી હતી. દિલ્હી તરફથી મિચેલ સ્ટાર્કે ચાર ઓવરમાં ૪૦ રન આપી ચાર વિકેટ ઝડપી હતી જ્યારે લુંગી એન્ગિડી અને માધવ તિવારીને ૨-૨ વિકેટ મળી હતી.

૧૯૪ રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી દિલ્હીની ટીમના ઓપનર લોકેશ રાહુલ અને અભિષેક પોરેલે મજબૂત શરૂઆત અપાવતાં પાવર પ્લેમાં વિકેટ ગુમાવ્યા વિના ૭૨ રન બનાવી લીધા હતા. પોરેલ અને રાહુલે ત્યારબાદ પણ સ્કોરબોર્ડ ફરતું રાખતાં પ્રથમ વિકેટ માટે શતકીય ભાગીદારી નોંધાવી દીધી હતી. આ દરમિયા અભિષેક પોરેલે અર્ધી સદી પૂર્ણ કરી ત્યારે બ્રિજેશ શર્માએ તેને આઉટ કરી રાજસ્થાનને પ્રથમ સફળતા અપાવી હતી. ત્રીજા નંબરે આવેલો સાહિલ પરખ પણ હાથ ખોલે તે પહેલાં આર્ચરે વિકેટકીપર જુરેલના હાથે કેચ કરાવી દિલ્હીને બીજો ઝટકો આપ્યો હતો. તે પછી રાહુલ, મિલર અને સ્ટબ્સ આઉટને આઉટ કરી રાજસ્થાને મેચમાં વાપસીનો પ્રયાસ કર્યો હતો. પરંતુ અક્ષર પટેલે એક છેડો સાચવી રાખી ૧૯.૨ ઓવરમાં ટીમને જીત અપાવી હતી. અક્ષર પટેલ ૩૪ અને આશુતોષ શર્મા ૧૮ રને અણનમ રહ્યો હતો.

# પંજાબને હરાવી આરસીબી પ્લેઓફમાં



વ્યંક્ટેશ ઐયરના ૪૦ બોલમાં તોફાની ૭૩★ રન તથા વિરાટ કોહલીની અર્ધી સદી તેમજ દેવદત્ત પડિકલના ઉપયોગી ૪૫ રનની મદદથી રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુએ પંજાબ કિંગ્સને ૨૩ રને પરાજય આપી આઈપીએલની પ્લેઓફમાં સ્થાન મેળવી લીધું છે. આરસીબીની ટીમ ૧૩ મેચમાં ૧૮ પોઈન્ટ સાથે પ્લે ઓફમાં સ્થાન મેળવનારી પ્રથમ ટીમ બની ગઈ છે. આરસીબીએ પ્રથમ બેટિંગ કરતાં નિર્ધારિત ૨૦ ઓવરમાં ૪ વિકેટના નુકસાને ૨૨૨ રન બનાવ્યા હતા જેના જવાબમાં પંજાબ કિંગ્સની ટીમ ૨૦ ઓવરમાં ૮ વિકેટ ગુમાવી ૧૯૯ રન બનાવી શકી હતી.

ટોસ હારી પ્રથમ બેટિંગમાં ઉતરેલી આરસીબીની ટીમે ઓપનર જેકબ બેથેલની વિકેટ ૨૧ રનના સ્કોરે ગુમાવ્યા બાદ વિરાટ કોહલી અને દેવદત્ત પડિકલે બીજી વિકેટ માટે ૭૬ રનની ભાગીદારી નોંધાવી હતી. દેવદત્ત પડિકલના ૪૫ રન બનાવી આઉટ થયા બાદ કોહલીનો સાથ આપવા વ્યંક્ટેશ ઐયર આવ્યો હતો. બંનેએ ત્રીજી વિકેટ માટે ૬૦ રન જોડ્યા હતા. કોહલી ૫૮ રન બનાવી આઉટ થયો હતો. ૧૫મી ઓવરમાં આરસીબીએ ત્રીજી વિકેટ ગુમાવ્યા બાદ વ્યંક્ટેશ ઐયર અને ટિમ ડેવિડે પંજાબના બોલરોને ચારેતરફ ફટકારતાં છેલ્લી ૫ ઓવરમાં ૬૫ રન ઝુડ્યા હતા. ડેવિડ ૨૦મી ઓવરના અંતિમ બોલે આઉટ થયો હતો જ્યારે વ્યંકટેશ ઐયર ૪૦ બોલમાં ૭૩★ રન બનાવી અણનમ રહ્યો હતો.

૨૨૩ રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી પંજાબની ટીમને ભુવનેશ્વરકુમારે શરૂઆતમાં જ બે ઝટકા આપતાં પ્રિયાંશ આર્યા અને પ્રભસિમરન સિંઘને આઉટ કરી બેંગ્લુરુને બેવડી સફળતા અપાવા હતી. પંજાબ હજુ બેવડા ઝટકામાંથી બહાર આવે તે પહેલાં રસિખ સલામે કેપ્ટન શ્રેયસ ઐયરને આઉટ કરતાં ૧૯ રનમાં ૩ વિકેટ ગુમાવી દીધી હતી.

લોઅર ઓર્ડરમાં શશાંકસિંહ અને માર્કસ સ્ટોઈનિસે ટીમને સંભાળવાનો પ્રયાસ કર્યો હતો. જેમાં શશાંક સિહે ૫૬ રન અને સ્ટોઈનિસે ૩૭ રન બનાવ્યા હતા પરંતુ આરસીબીએ આપેલા વિશાળ લક્ષ્ય સામે પંજાબની ટીમ ૨૦ ઓવરના અંતે ૮ વિકેટ ગુમાવી ૧૯૯ રન બનાવી શકી હતી.

જેને કારણે પંજાબની પ્લે ઓફમાં પહોંચવાની આશા ધૂંધળી બની છે. પંજાબના ૧૩ મેચમાં ૧૩ પોઈન્ટ છે અને તેને પોતાની છેલ્લી મેચ લખનૌ સુપર જાયન્ટસ સામે રમવાની છે.

પ્લેઓફમાં પહોંચવાની આશા જીવંત રાખવા માટે મેચ જીતવી જરૂરી બની ગઈ છે.

સાથે જ અન્ય ટીમો જે પ્લે ઓફમાં પહોંચવાની દાવેદારી ધરાવે છે તેમના પરિણામ પંજાબની અનુકૂળ આવે.

# આજે ચેન્નઈ-હૈદરાબાદ વચ્ચે મેચ, પ્લેઓફમાં સ્થાન મેળવવાના લક્ષ્ય સાથે બંને ટકરાશે

## હૈદરાબાદ ૧૪ પોઇન્ટ સાથે ત્રીજા અને ચેન્નઈ ૧૨ પોઇન્ટ સાથે છઠ્ઠા ક્રમે છે



ચેન્નઈ સુપર કિંગ્સ અને સનરાઈઝર્સ હૈદરાબાદ વચ્ચે આજે યોજાનારા કરો યા મરોના મુકાબલામાં ટકરાશે ત્યારે બંનેની નજર મેચમાં જીત મેળવી પ્લે ઓફમાં પોતાનું સ્થાન મેળવવા પર રહેશે. સનરાઈઝર્સ હૈદરાબાદ ૧૨ મેચમાં ૧૪ પોઈન્ટ સાથે ત્રીજા ક્રમે જ્યારે ચેન્નઈ સુપર કિંગ્સ ૧૨ મેચમાં ૧૨ પોઈન્ટ સાથે છઠ્ઠા ક્રમાંકે છે. સનરાઈઝર્સ હૈદરાબાદ આજે પાંચ વખતની ચેમ્પિયન ચેન્નઈ સુપર કિંગ્સ સામે ટકરાશે ત્યારે તેની નજર પોતાની બેટિંગ વિસંગતતાઓ દૂર કરવાનો પ્રયાસ કરશે જ્યારે ચેન્નઈ સુપર કિંગ્સ પણ પ્લે ઓફમાં સ્થાન મેળવવા માટે મેદાને ઉતરશે. હૈદરાબાદને પોતાની છેલ્લા બે મેચ પૈકી આજે ચેન્નઈ સામે અને તે પછી રાજસ્થાન રોયલ્સ સામે ટકરાશે. આથી નોકઆઉટમાં પહોંચવા માટે બંને મેચો જીતવી જરૂરી બની ગઈ છે. બીજી તરફ હૈદરાબાદ ભલે બે પૈકી એક મેચ હારી જાય તો પણ અંતિમ ચારમાં સ્થાન મેળવી શકે તેમ છે. પરંતુ તે માટે હૈદરાબાદે એ આશા રાખવી પડશે કે, રાજસ્થાન રોયલ્સ અને પંજાબ બંને ટીમો પોતાની બાકીની બે મેચ પૈકી ઓછામાં ઓછી એક મેચ હારી જાય. જોકે, હૈદરાબાદનું પ્રદર્શન સાસત્યપૂર્ણ રહ્યું નથી. છેલ્લી ત્રણ પૈકી બે મેચમાં હૈદરાબાદને હારનો સામનો કરવો પડ્યો છે. પોતાની છેલ્લી મેચમાં હૈદરાબાદે ગુજરાત ટાઈટન્સને ૧૬૮ રન સુધી સિમિત રાખ્યું હતું પરંતુ બેટિંગમાં નબળા દેખવાને કારણે માત્ર ૮૬ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. બીજી તરફ ઝઝીદ્ધ માટે આગળનો રસ્તો પણ સરળ નથી, ભલે તેમની પાસે ૧૬ પોઈન્ટ સાથે સમાપ્ત કરવાની તક હોય, પરંતુ તે માટે તેમને તેમની બાકીની બે મેચ જીતવી પડશે. ઋતુરાજ ગાયકવાડની આગેવાની હેઠળની ટીમ તેમની છેલ્લી મેચમાં લખનૌ સુપર જાયન્ટ્સ સામેની હાર બાદ છઠ્ઠા સ્થાને સરકી ગઈ હતી, અને હાલમાં તેમના પાસે એટલી જ મેચોમાં ૧૨ પોઈન્ટ છે. બીજી તરફ ચેન્નઈ માટે પણ પ્લેઓફમાં સ્થાન મેળવવા માટે પોતાની બાકીની બંને મેચ જીતવી જરૂરી છે. ચેન્નઈનો નેટ રનરેટ પણ રાજસ્થાન રોયલ્સ કરતાં ઓછો છે અને રાજસ્થાનને ૩ મેચ રમવાની છે. પંજાબના ૧૩ મેચમાં ૧૩ પોઈન્ટ થયા છે અને તેને પ્લેઓફની રેસમાં રહેવા પોતાની અંતિમ મેચ જીતવી જરૂરી બની છે ત્યારે ચેન્નઈ આજે હૈદરાબાદ સામે જીત મેળવે તો તે ૧૪ પોઈન્ટ થઈ જાય અને પ્લે ઓફમાં પ્રવેશવાની આશા જાગે તેમ છે. બીજી તરફ ચેન્નઈનું પ્રદર્શન હૈદરાબાદ સામે ઘણું સારું રહ્યું છે. બંને ટીમો અત્યાર સુધી કુલ ૨૪ વખત ટકરાઈ છે જેમાંથી ચેન્નઈએ ૧૬ મેચ જીતી છે જ્યારે હૈદરાબાદની ટીમ ૮ વખત જીતવામાં સફળ રહી છે.

# એશિયન સિનિયર વેઇટલિફ્ટિંગ ચેમ્પિયનશિપમાં ચીનની યાન લીએ 3 ગોલ્ડ મેડલ જીત્યા



ગાંધીનગરમાં યોજાયેલી એશિયન સિનિયર વેઈટલિફ્ટિંગ ચેમ્પિયનશિપના અંતિમ દિવસે ચીનની યાન લીએ શાનદાર પ્રદર્શન કરતાં મહિલા +૮૬ કિગ્રા શ્રેણીમાં ત્રણેય ગોલ્ડ મેડલ જીત્યા હતા. યાન લીએ સ્નેચમાં ૧૪૫ કિગ્રા, ક્લીન એન્ડ જર્કમાં ૧૭૮ કિગ્રા મળી કુલ ૩૨૩ કિગ્રા વજન ઉપાડીને ચેમ્પિયનશિપમાં ચીન માટે યાદગાર પ્રદર્શન કર્યું હતું. યાન લીએ સ્નેચમાં ૧૪૫ કિગ્રા ઉંચકીને વર્લ્ડ અને એશિયન રેકોર્ડ પણ બનાવ્યો હતો. મહિલા +૮૬ કિગ્રા શ્રેણીમાં યાન લીએ સ્નેચ, ક્લિન એન્ડ જર્ક તથા કુલ એમ ત્રણેયમાં પ્રથમ સ્થાને રહી ગોલ્ડ મેડલ જીત્યા હતા જ્યારે કતરની ઈખ્લેફ કોઈસલે સ્નેચમાં બ્રોન્ઝ મેડલ અને ક્લિન એન્ડ જર્ક તથા કુલમાં સિલ્વર મેડલ જીત્યા હતા. આ ઉપરાંત સાઉથ કોરિયાની હ્યેજોંગ પાર્કે સ્નેચમાં સિલ્વર તથા ક્લિન એન્ડ જર્ક તેમજ કુલમાં બે બ્રોન્ઝ મેડલ જીત્યા હતા.



# વૈભવ સૂર્યવંશીનો વિસ્ફોટક રેકોર્ડ : IPL ૨૦૨૬માં સિક્સરનો નવો કિંગ

૧૫ વર્ષના યુવા બેટ્સમેને દિલ્હી સામે મચાવી ધમાલ, અભિષેક શર્માનો રેકોર્ડ તોડી રચ્યો નવો ઈતિહાસક્રિકેટ જગતમાં ઘણા ખેલાડીઓ આવ્યા અને ગયા, પરંતુ જો કોઈએ નાની ઉંમરે મોટા ખેલાડીનો દરજ્જો મેળવ્યો હોય, તો તે ૧૫ વર્ષનો વૈભવ સૂર્યવંશી છે. બિહારનો રહેવાસી આ યુવા બેટ્સમેન, જોકે, ગયા IPL સીઝનમાં જ તેણે ૧૪ વર્ષની ઉંમરે ગુજરાત ટાઈટન્સ સામે સદી ફટકારીને બધાનું દિલ જીતી લીધું હતું. પરંતુ હવે તે IPL ૨૦૨૬ ની દરેક મેચ પછી એક નવો રેકોર્ડ બનાવી રહ્યો છે. મોટી ઈનિંગ હોય કે નાની, સૂર્યવંશી કોઈને કોઈ રેકોર્ડ બનાવીને મેદાન છોડી રહ્યો છે. તાજેતરની મેચ દિલ્હી સામે હતી, જ્યાં રાજસ્થાન હારી ગયું હતું, પરંતુ પછી વૈભવે T20 ક્રિકેટમાં બે મોટા રેકોર્ડ બનાવ્યા. દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમ ખાતે યજમાન દિલ્હી કેપિટલ્સ સામેની મહત્વપૂર્ણ IPL મેચમાં, રાજસ્થાન રોયલ્સ માટે વૈભવ સૂર્યવંશીએ પ્રથમ બેટિંગ કરીને મજબૂત શરૂઆત કરી. તેણે પહેલા બોલ પર છગ્ગો ફટકારીને ઈનિંગની શરૂઆત કરી. જ્યારે તે ફિફ્ટી ફટકારવા ચૂકી ગયો. વૈભવ સૂર્યવંશીએ પોતાની ઈનિંગની શરૂઆત એક છગ્ગાથી કરી, જેમાં તેણે ૨૧ બોલમાં ૪૬ રન બનાવ્યા અને ત્રણ છગ્ગા ફટકાર્યા, જે એક જ IPL સિઝનમાં સૌથી વધુ છગ્ગા મારનાર ભારતીય ખેલાડી બન્યો. ઈન્ડિયન પ્રીમિયર લીગની એક સિઝનમાં સૌથી વધુ છગ્ગા ફટકારવાનો રેકોર્ડ દિગ્ગજ ખેલાડી ક્રિસ ગેઈલના નામે છે, જેમણે ૨૦૧૨ની સિઝનમાં કુલ ૫૯ છગ્ગા ફટકાર્યા હતા. વૈભવ સૂર્યવંશી હવે આ યાદીમાં છઠ્ઠા સ્થાને પહોંચી ગયો છે. જો વૈભવ IPL ૨૦૨૬માં ૫૦ કે તેથી વધુ છગ્ગા ફટકારવામાં સફળ થાય છે, તો તે ક્રિસ ગેઈલ અને આન્દ્રે રસેલ પછી આ સિદ્ધિ મેળવનાર ફક્ત ત્રીજો ખેલાડી બનશે.

# IPL માં કરકસર થઈ શકે! એક ટીમ પાછળ ૫૦૦૦૦ લીટર ઈંધણનો ધુમાડો

જેમ જેમ તમે આ સમાચાર વાંચી રહ્યા છો, તેમ તેમ IPL ટીમ કદાચ ફ્લાઈટ પકડવાની તૈયારી કરી રહી હશે અથવા એક શહેરથી બીજા શહેરની મુસાફરી કરી રહી હશે. ૩૧ માર્ચે ઈન્ડિયન પ્રીમિયર લીગ શરૂ થઈ ત્યારથી, ટીમો લગભગ દસ લાખ કિલોમીટર હવાઈ માર્ગે મુસાફરી કરી ચૂકી છે.

ટીમોના સમયપત્રક અને વિવિધ શહેરોમાં યોજાનારી મેચોને જોતાં, આ મુસાફરી વાજબી છે. જો કે, વર્તમાન પરિસ્થિતિઓમાં, આ હવાઈ મુસાફરી ભારત સરકાર પર વધારાનું દબાણ લાવી શકે છે.

જ્યારે દરેક સરકારી વિભાગ, રાજકારણી, અધિકારી અને સામાન્ય નાગરિક વડા પ્રધાન નરેન્દ્ર મોદીની સલાહ પર બિનજરૂરી ખર્ચ ટાળવાનો પ્રયાસ કરી રહ્યા છે, ત્યારે IPL એકમાત્ર એવી ઈવેન્ટ છે જે હાલમાં કોઈપણ કટોકટી દેખાતી નથી.

૧૩ અલગ અલગ શહેરો માટે ફ્લાઈટ્સ IPL ૨૦૨૬ સીઝન ૨૮ માર્ચે શરૂ થઈ હતી અને ૩૧ મે સુધી ચાલુ રહેશે. આ સમયગાળા દરમિયાન, દેશભરના ૧૩ શહેરોમાં ૭૪ મેચ રમાશે. આ શહેરો ઉત્તરપૂર્વમાં ગુવાહાટીથી પશ્ચિમમાં અમદાવાદ અને ઉત્તરમાં ધર્મશાળાથી દક્ષિણમાં બેંગલુરુ સુધીના છે.

આ ટીમો મોટે ભાગે કોમર્શિયલ ફ્લાઈટ્સને બદલે ચાર્ટર્ડ ફ્લાઈટ્સ દ્વારા મુસાફરી કરે છે. આમાં ટીમના ખેલાડીઓ, તેમના કિટ્સ, ફિઝિયો, કોચિંગ સ્ટાફ અને અન્ય યુનિટ સ્ટાફનો સમાવેશ થાય છે.

નોંધનીય છે કે દર રવિવારે, દરેક ટીમ બીજી ટીમના શહેરમાં સાત લીગ સ્ટેજ મેચ રમે છે. પરિણામે, તેમની મુસાફરી યોજનાઓ ખૂબ જ કડક હોય છે. ટીમો સામાન્ય રીતે મેચ સમાપ્ત થયા પછી બીજા જ દિવસે તેમના આગામી સ્થળ માટે રવાના થાય છે.

ગયા સીઝનના ચેમ્પિયન, રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (RCB) એ ગયા વર્ષે સૌથી વધુ હવાઈ મુસાફરી કરી હતી - ૧૭,૦૦૦ કિમીથી વધુ. જોકે, આ વર્ષે, ઘરઆંગણે શ્રેણીબદ્ધ મેચો રમવાને કારણે તેમનું મુસાફરીનું અંતર ઘટાડી દેવામાં આવ્યું છે.

આમ છતાં, એ ચોક્કસ છે કે તેમને સીઝન દરમિયાન ઓછામાં ઓછા ૧૦ વખત ઉડાન ભરવી પડશે. આ મુસાફરીનો સરેરાશ સમયગાળો દોઢ થી બે કલાકનો છે. IPL ટીમો દ્વારા ઉપયોગમાં લેવાતા ચાર્ટર્ડ એરક્રાફ્ટ, જેમ કે બોઈંગ ૭૩૭ અથવા એરબસ છ૩૨૦, સામાન્ય રીતે પ્રતિ કલાક સરેરાશ ૨,૪૦૦ થી ૩,૦૦૦ લિટર ઈંધણનો વપરાશ કરે છે.



# આઇપીએલનો બાઉન્ડ્રી કિંગ..... વિરાટ કોહલીના નામે સર્વાધિક 'ચોક્કા'

ક્રિકેટમાં છગ્ગાની ચર્ચા ઘણી વાર થાય છે, પરંતુ ભૂલશો નહીં કે ચોગ્ગા પણ મહત્વપૂર્ણ છે. શું તમે જાણો છો કે IPL ઈતિહાસમાં કયા બેટ્સમેને સૌથી વધુ ચોગ્ગા ફટકાર્યા છે? રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (RCB) ના અનુભવી વિરાટ કોહલી યાદીમાં સૌથી આગળ છે. IPL માં ૨૭૯ મેચ રમી અને ૯૧૪૫ રન બનાવનાર કોહલીએ આ ૨૦ લીગમાં અત્યાર સુધી સૌથી વધુ ૮૨૪ ચોગ્ગા ફટકાર્યા છે. નોંધનીય છે કે, તે IPL માં ૮૦૦ ચોગ્ગા ફટકારનાર એકમાત્ર બેટ્સમેન છે...




# સુંવાલી દરિયાઇ કાંઠા વિસ્તારમાં મરીન ટાસ્કફોર્સ દ્વારા 'સઘન કોસ્ટલ પેટ્રોલીંગ'

સુરત, તા.૧૮

આજ તારીખ ૧૮/૦૫/૨૦૨૬ના રોજ સુવાલી બીચ અને તેની આસપાસના દરિયાકાંઠા વિસ્તારમાં મરીન ટાસ્ક ફોર્સના ADGP શ્રી અમિત વિશ્વકર્મા સાહેબ અને DIGP શ્રી એ.એમ.મુનિયા સાહેબના માર્ગદર્શન હેઠળ મરીન ટાસ્ક ફોર્સ-હજીરાના પોલીસ અધિક્ષક અને મરીન સેકટર કમાન્ડર શ્રી એસ.જે.પરમારના નેતૃત્વમાં પો.ઈન્સ.શ્રી એમ.એમ.જાંબુકીયા, પી.એસ.આઇ. શ્રી બી.આર.તડવી અને પી.એસ.આઇ. શ્રી એસ.બી.પટેલ અને મરીન સેકટર હજીરાના તમામ મરીન કમાન્ડો દ્વારા અલગ અલગ ટીમ બનાવી "સઘન કોસ્ટલ પેટ્રોલીંગ" કરવામાં આવેલ.આ "સઘન કોસ્ટલ પેટ્રોલીંગ" દરમિયાન મરીન કમાન્ડોની અલગ અલગ ટીમો દ્વારા શંકાસ્પદ ઈસમો,શંકાસ્પદ બોટો, તેમજ અવાવરૂ જગ્યાઓ-ઝાડી ઝાંખરાનું સઘન ચેકીંગ હાથ ધરવામાં આવેલ તેમજ શંકાસ્પદ ઈસમોની પુછપરછ હાથ ધરવામાં આવેલ હતી.

અત્રે નોંધનીય છે,કે "સઘન કોસ્ટલ પેટ્રોલીંગ" દરમ્યાન તમામ ઉચ્ચ કક્ષાના પોલીસ અધિકારીઓ દ્વારા ફૂટ પેટ્રોલીંગ હાથ ધરવામાં આવે છે.

આ સઘન કોસ્ટલ પેટ્રોલીંગનો હેતુ શાંત પરિસ્થિતિમાં પણ સતત એલર્ટ રહેવાનો છે અને પૂરતી તકેદારી રાખવાનો છે. તેમજ કોઈપણ પ્રકારની આતંકવાદી ઘટનાને રોકવાનો છે. જેથી, આતંકવાદી ઘટના જેવા કટોકટીપૂર્ણ સમયગાળામાંથી પસાર થવું ન પડે.

# ભારતના ઈતિહાસની પ્રથમ ડિજિટલ વસ્તી ગણતરીનો સુરતમાં શુભારંભ



**રાજ્યસભા સાંસદશ્રી ગોવિંદભાઈ ધોળકિયાએ ઓનલાઈન વિગતો ભરી નાગરિકોને ડિજિટલ 'સ્વ-ગણતરી'માં જોડાવા કરી અપીલ**

સુરત, તા.૧૮

દેશના વિકાસના આયોજન માટે અત્યંત મહત્વપૂર્ણ એવા વસ્તીગણતરી ૨૦૨૬ના પ્રથમ તબક્કાનો આજથી સમગ્ર દેશ અને રાજ્ય સાથે સુરત ખાતે પણ મંગલ પ્રારંભ થયો છે. ભારત સરકાર દ્વારા પૂરી પાડવામાં આવેલી વિશેષ ડિજિટલ સુવિધા 'સ્વ-ગણતરી' (Self-Enumeration) અભિયાન અંતર્ગત સુરતના સાંસદશ્રી ગોવિંદભાઈ ધોળકિયાએ આજે અભિયાનના પ્રથમ દિવસે જ પોતાના નિવાસસ્થાનેથી ઓનલાઈન પોર્ટલ પર પરિવારની વિગતો ભરીને આ રાષ્ટ્રીય કાર્યમાં પોતાનું સક્રિય યોગદાન આપ્યું હતું.

સાંસદશ્રીએ આ પ્રસંગે સુરત અને ગુજરાતના તમામ નાગરિકોને પોતાની રાષ્ટ્રીય ફરજ સમજીને આ ડિજિટલ અભિયાનમાં ઉત્સાહભેર જોડાવા માટે જાહેર અપીલ કરી હતી.જનગણના ૨૦૨૭ એ દેશના ઉજ્જવળ ભવિષ્ય અને જનકલ્યાણકારી આયોજનનો મજબૂત પાયો છે એમ જણાવી સાંસદશ્રી ગોવિંદભાઈ ધોળકિયાએ જણાવ્યું હતું કે, ભારત સરકાર દ્વારા હાથ ધરાતી એક અત્યંત મહત્વપૂર્ણ રાષ્ટ્રીય પ્રક્રિયા છે. આ આંકડાઓનો ઉપયોગ આગામી સમયમાં નવનિર્માણ, યોગ્ય સંસાધનોનું વિતરણ, શિક્ષણ, આરોગ્ય, આવાસ, રોજગાર અને પરિવહન જેવી અનેક જનકલ્યાણકારી યોજનાઓને છેવાડાના અને સાચા લાભાર્થીઓ સુધી અસરકારક રીતે પહોંચાડવા માટે કરવામાં આવશે. સરકાર જયારે વિકાસનો આ અવસર લઈને આપણા દ્વાર આવી છે, ત્યારે આ રાષ્ટ્રીય મહાયજ્ઞમાં ભાગ લેવો એ આપણી પવિત્ર ફરજ બની રહે છે.

સાંસદશ્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, ટેકનોલોજીના માધ્યમથી નાગરિકો માટે ઘરબેઠા જ 'સ્વ-ગણના' (Self-Enumeration) કરવાની એક પ્રશંસનીય કડી શરૂ કરાઈ છે. તા. ૧૭ મે થી ૩૧ મે સુધી ચાલનારી આ પ્રક્રિયામાં લોકો સુરક્ષિત રીતે ઓનલાઈન માધ્યમથી પોતાની સાચી અને સંપૂર્ણ વિગતો નોંધી શકે છે. નાગરિકોને આશ્વસ્ત કરતા તેમણે સ્પષ્ટ કર્યું કે, આ પ્રક્રિયામાં કોઈ પણ પ્રકારના બેંક એકાઉન્ટ નંબર જેવી સંવેદનશીલ માહિતી માંગવામાં આવતી નથી અને કાયદા મુજબ તમામ વિગતો તદ્દન ગુપ્ત રાખવામાં આવે છે. પોતાના પરિવારની ઓનલાઈન નોંધણી પૂર્ણ કરી સાંસદશ્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, પોતાના અનોખા મિજાજ માટે જાણીતા આપણા 'સુરતી લાલાઓ' આ પ્રક્રિયામાં ૧૦૦ ટકા ભાગીદારી નોંધાવીને સુરતને સમગ્ર દેશમાં મોખરે રાખશે અને સચોટ તેમજ સર્વસમાવેશી રાષ્ટ્રનિર્માણમાં પોતાનું અમૂલ્ય યોગદાન આપશે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે એડિશનલ સિટી સેન્સસ ઓફિસર રાકેશ મોદી સહિત સુરત મહાનગરપાલિકાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



# નવજીવન માનવ સેવા ટ્રસ્ટ દ્વારા મફત નોટબુકનું વિતરણ

સુરત, તા.૧૮

માનવતા ના પ્રવિત્ર સેવાકીય પ્રવૃતિ ને પ્રોત્સાહન આપવા માટે નવજીવન માનવ સેવા ટ્રસ્ટ ના તમામ ટીમ ના સભ્યો દ્વારા ગઇ કાલે જરૂરીયાતમંદ પરિવાર ના બાળકો ને વિના મૂલ્યે નોટ બુક વિતરણ કાર્યક્રમ વેડ રોડ ગોપીનાથ ખાતે ગઇ કાલે કરવામાં આવ્યો હતો જેમાં સંસ્થા ને હમેશાં સહયોગ કરતા સામાજિક અગ્રણી શ્રી જેસિંગભાઈ બાબરિયા તેમજ મહિલા સુરક્ષા વિભાગ ના સલાહકાર વંદના બેન તોમર હાજર રહ્યા હતા. સંસ્થા ના પ્રમુખ પૂર્વ કોર્પોરેટર અનિલભાઈ ભોજ એ જણાવ્યું કે સતત ૫ મિ વાર નોટ બુક વિતરણ કરવા માં આવી રહ્યું છે ૧૦૦૦ થી વધુ નોટ બૂક નું વિતરણ દાતા શ્રી ઓ ના સહયોગથી સેવાકીય પ્રવૃતિ કરવા માં આવે છે જે માટે સહયોગ કરનાર તમામ દાતા શ્રી ઓ નોં પણ ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# કોંગ્રેસ વિરોધી પ્રવૃત્તિ અંગે પ્રદેશ કોંગ્રેસને ફરિયાદ થશે

**સુરતમાં એક જ દિવસે કોંગ્રેસના બે જુદા-જુદા કાર્યક્રમો યોજાયા**

સુરત, તા.૧૮

કોંગ્રેસ પક્ષમાંથી અગાઉ સસ્પેન્ડ કરાયેલા કેટલાક બળવાખોર કાર્યકરો દ્વારા રવિવારે ભટાર રોડ સ્થિત કાપડિયા વાડી ખાતે કાર્યક્રમનું આયોજન કરવામાં આવતા શહેર કોંગ્રેસમાં રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છો સુરત શહેર કોંગ્રેસના ઉપાધ્યક્ષ અને વરિષ્ઠ નેતા હરિશ સૂર્યવંશી એ આક્ષેપ કર્યો કે મહાનગરપાલિકા, નગરપાલિકા, જિલ્લા પરિષદ અને તાલુકા પરિષદની ચૂંટણી દરમિયાન કોંગ્રેસ વિરોધી પ્રવૃત્તિ કરનારાઓને પાર્ટીમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. તેમ છતાં, આ જ કાર્યકરો હવે કોંગ્રેસના ઉચ્ચ નેતાઓ અને વર્તમાન નેતૃત્વ વિરુદ્ધ નિવેદનો આપી રહ્યા છો તેમણે જણાવ્યું કે વિપુલ ઉધના વાલા દ્વારા કતારગામ ખાતે મહાનગરપાલિકા ચૂંટણીમાં અપેક્ષિત પરિણામ ન મળવાના મુદ્દે સમીક્ષા બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં છૈંઝઝના સેક્રેટરી અને દક્ષિણ ગુજરાતના પ્રભારી શ્રીનિવાસન ની આગેવાની હેઠળ "કોંગ્રેસ નવનિર્માણ અભિયાન – દક્ષિણ ગુજરાત કાર્યકર પરામર્શ કાર્યક્રમ" યોજાવાનો હતો। આ કાર્યક્રમમાં સુરત શહેર, જિલ્લા તેમજ દક્ષિણ ગુજરાતના કોંગ્રેસ આગેવાનો હાજર રહેવાના હતા. જોકે, તે જ સમયે પક્ષ વિરોધી ગણાતા કાર્યકરો દ્વારા સમાનાંતર કાર્યક્રમનું આયોજન કરવામાં આવતા આંતરિક ગૃપબાજી ફરી સપાટી પર આવી છો હરિશ સૂર્યવંશીએ વધુમાં જણાવ્યું કે આ સમગ્ર મામલે પ્રદેશ કોંગ્રેસ સમક્ષ રજૂઆત કરીને પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરનારાઓ સામે યોગ્ય કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવશો

# શ્રી સુરતી મોઢ વણિક દ્વારા 'વસિયત અને વારસાઈ' વિષય પર સેમિનાર યોજાયો

સુરત, તા.૧૮

મોઢ વણીક ભવન ખાતે એક અત્યંત સફળ અને જ્ઞાનવર્ધક સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સમાજના સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

કાર્યક્રમના આરંભે પંચના પ્રમુખ યોગેશ પપૈયાં એ સ્વાગત પ્રવચન કર્યું અને સમાજમાં આવા જાગૃતિ મૂલક કાર્યક્રમોની આવશ્યકતા ઉપર ભાર મૂક્યો હતો. મુખ્ય વક્તા શ્રી નજમુદીન મેઘાણીનો પરિચય સહમંત્રી નલિન ગાંધી દ્વારા આપવામાં આવ્યો હતો. શ્રી નજમુદીન મેઘાણીએ "વસિયત અને વારસાઈ" વિષયને અત્યંત સરળ ભાષામાં, રસપ્રદ ઉદાહરણો અને કાનૂની સમજ સાથે વિસ્તારપૂર્વક રજૂ કર્યો હતો. તેમણે રામાયણ અને મહાભારતના ઉદાહરણોથી વારસાઈના પ્રશ્નોની સમજ આપી હતી.સેમીનારમાં વીલ અને વારસાઈ હક, સક્સેશન એક્ટ, ૨૦૦૫ બાદ દીકરીના હક્કો, યુનિફોર્મ એક્ટનો અભાવ,સ્વસ્થ માનસિક અવસ્થામાં વીલ બનાવવાની જરૂરિયાત, વીલ અને વારસાઈ વચ્ચેનો તફાવત, જટિલ કુટુંબ સમસ્યાઓ, વીલ બનાવતી વખતે રાખવાની કાળજી, વીલમાં ગમે ત્યારે ફેરફાર કરવાની સગવડ તેમજ સુધારાના બિલ "કોડીસીલ" અંગે મહત્વપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

કાર્યક્રમના અંતે શ્રોતાઓ સાથે પ્રશ્નોતરી યોજાઈ હતી.આ પ્રસંગે અઠવા પંચ ના ભુતપૂર્વ પ્રમુખ સુરેશ ગાંધી અને હોદ્દેદારો એ વક્તા સાથે અન્યો નું શાલ, સ્મૃતી ભેટ અને પુષ્પ ગુચ્છ થી સન્માન કર્યું હતું.સમગ્ર કાર્યક્રમનું સંચાલન તેજસ ગાંધી એ કર્યું અને આભાર વિધિ ઉપ પ્રમુખ દેવરાજ મોદી એ કર્યો હતો

# આજે આંતરરાષ્ટ્રીય મ્યુઝિયમ દિવસ

સુરત, તા.૧૮

સમાજના વિકાસમાં મ્યુઝિયમનું મહત્વ , સાંસ્કૃતિક આદાન-પ્રદાન અને ઐતિહાસિક વારસાની જાળવણી અંગે લોકોમાં જાગૃતિ લાવવાના હેતુથી દર વર્ષે ૧૮ મે ના દિવસને આંતરરાષ્ટ્રીય મ્યુઝિયમ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. ઈન્ટરનેશનલ કાઉન્સિલ ઓફ મ્યુઝિયમ દ્વારા આ દિવસ મનાવવા માટે દર વર્ષે કોઈ થીમ નક્કી કરવામાં આવે છે કે જે વૈશ્વિક મુદ્દા અથવા સામાજિક પરિપ્રેક્ષ્યને પ્રતિબિંબિત કરે છે. મ્યુઝિયમના માધ્યમથી ધાર્મિક , સાંસ્કૃતિક અને ઐતિહાસિક દ્રષ્ટિએ ખૂબ જ મહત્વ ધરાવતી વસ્તુઓને એકત્રિત કરીને તેને સુરક્ષિત રાખવામાં આવે છે. સંગ્રહાલય એ જાહેર જનતા માટે શૈક્ષણિક અને જ્ઞાન વર્ધક સ્થળ છે. શાળા અને કોલેજના વિદ્યાર્થીઓ માટે દર વર્ષે મ્યુઝિયમની એજ્યુકેશનલ ટુરનું શૈક્ષણિક સંસ્થાઓએ આયોજન કરવું જોઈએ. આપણા દેશના વડાપ્રધાનશ્રી જણાવે છે તે મુજબ : " મ્યુઝિયમ હકીકતો અને પુરાવાઓ આધારિત વાસ્તવિકતા રજૂ કરે છે. તે આપણને ભૂતકાળમાંથી પ્રેરણા પૂરી પાડે છે અને ભવિષ્ય પ્રત્યેની આપણી ફરજો પ્રત્યે આપણને સભાન કરે છે. " મ્યુઝિયમ એ ફક્ત જૂની કે પુરાણી વસ્તુઓ રાખવાની જગ્યા નથી. સાચા અર્થમાં આપણી સંસ્કૃતિ અને ઈતિહાસનું જીવંત દર્શન સંગ્રહાલય કરાવે છે. કોઈકે સરસ કહ્યું છે કે મ્યુઝિયમ એ સમયની એવી બારી છે કે જ્યાંથી આપણે ભૂતકાળના ઈતિહાસને જોઈને ભવિષ્યનું નિર્માણ કરી શકીએ છીએ. આપણા ગુજરાતમાં વડનગર ખાતેનો આર્કિયોલોજીકલ એક્સપેન્સિયલ મ્યુઝિયમ , ભૂજનું સ્મૃતિ વન સ્મારક , શ્યામજી કૃષ્ણ વર્મા મેમોરિયલ , સ્ટેચ્યુ ઓફ યુનિટી મ્યુઝિયમ...વગેરે સંગ્રહાલયો કે જે ગુજરાતના ઈતિહાસ , વારસો અને સંસ્કૃતિ પ્રદર્શિત કરે છે તેની મુલાકાત અવશ્ય લેવી જોઈએ. દિવ્ય અને ભવ્ય ભૂતકાળને પ્રતિબિંબિત કરતાં વિશ્વ સંગ્રહાલય દિવસની સૌને હૃદયપૂર્વક શુભકામના પાઠવું છું.

લેખક : ડો. જે.એચ. નાયક

# કુરૂક્ષેત્ર સ્મશાન ભૂમિ ટ્રસ્ટને દાન




**શ્રીમતી આઈ.વી.પટેલ ફાઉન્ડેશન ફોર એજ્યુકેશન લર્નિંગ એન્ડ રિસર્ચ સુરત ટ્રસ્ટના પ્રેરણામૂર્તિ સ્વ ઈન્દિરાબેન વિષ્ણુભાઈ પટેલ ના સ્મરણાર્થે ટ્રસ્ટ દ્વારા કુરુક્ષેત્ર સ્મશાન ભૂમિને અધિક માસના પાવન દિવસે રૂપિયા ૫૧,૦૦૦ નું અનુદાન ટ્રસ્ટના ચેરમેન શ્રી સનીલ પટેલ અને મેનેજીંગ ટ્રસ્ટી શ્રી તિમિરભાઈ પટેલ ના વરદહસ્તે કરવામાં આવ્યું.આ પ્રસંગે કુરુક્ષેત્ર સ્મશાન ભૂમિ ટ્રસ્ટના પ્રમુખ શ્રી કમલેશભાઈ સેલર અને મંત્રી શ્રી સમીરભાઈ વ્યાસ હાજર રહ્યા હતા.**

# અંકલેશ્વરના કોંગ્રેસના મહિલા કોર્પોરેટરનો વીડિયો વાયરલ

**રેલ્વે ટ્રેક પર રીવોલ્વર સાથે વીડિયો વાયરલ થતા રેલ્વે પોલીસ દ્વારા તપાસ**

અંકલેશ્વર, તા.૧૮

અંકલેશ્વર નગર પાલિકાના વોર્ડ નં.૯માંથી કોંગ્રેસપેનલમાંથી જીતેલા ઉમેદવાર ખુશ્બુ કુમારી વસાવા (ખુશ્બુબેન પરમાર)નો એક જોખમી વિડિઓ સોશિયલ મિડીયામાં વાયરલ થયો છે. આ જોખમી વીડિયો ૨૦૨૧માં અપલોડ કરાયો હતો,જે ૨૦૨૬ ની ચુટણીમાં ચૂંટાયા બાદ વાયરલ થયો છે



સોસિયલ મીડિયા ઈન્જન્ફ્લુઅન્સર તરીકે જાણીતી ખુશબૂ વસાવાએ ભરૂચ રેલ્વે સ્ટેશન ખાતે નર્મદા નદીના સિલ્વર બ્રિજ ઉપર બે રેલવે ટ્રેકની વચ્ચે હાથમાં રીવોલ્વર સાથે વિડીયો બનાવ્યો છે.રેલવેના કાયદાના પંજાગરા ઉઠાવીને બનાવાયેલા વિડિઓથી હાલ અનેક સવાલ ઉભા થયા છે. ખુશી પરમારના સોશિયલ મીડિયા આઈડી પર આ વિડીયો તા. ૧૯ ઓગષ્ટ ૨૦૨૧ના રોજ અપલોડ કરાયો હતો પરંતુ હાલમાં તેઓ કોંગ્રેસમાંથી ચૂંટાઈ આવતાં આ જૂનો વિડીયો ફરી વાયરલ થયો. રેલવે પોલીસ કાર્યવાહી કરે તેવી શક્યતા છે. ભરૂચ રેલ્વે સ્ટેશન પર નર્મદા નદીના સિલ્વર બ્રિજના ટ્રેક ઉપર ખુશ્બુ વસાવાએ વિડિયો બનાવ્યો હોવાનું વાયરલ થતાં તપાસ ચાલી રહી છે.પોલીસે ખુશ્બુ વસાવ ન શોષખોળ કરી ફરિયાદ દાખલ કરવાની કામગીરી ચાલુ છે. રેલ્વેની હઠમાં વિડીયો બનાવવોએ ગંભીર બાબત છે. તેથી લોકોએ કાયદાના દાયરામાં રહેવું જોઈએ તેમ રેલવે પોલીસ પીએસઆઈ સુરેન્દ્રસિંહ રાણાએ જણાવ્યુ હતું.

**ફતેહપુરમાં ગેસ**
**પહેલા પાનાનું ચાલુ**

ઘાયલોને ગ્રીન કોરિડોર દ્વારા કાનપુર લઈ જવામાં આવ્યા હતા, જ્યાં તેઓ હાલમાં સારવાર હેઠળ છે.પોલીસ અધિક્ષક અભિમન્યુ માંગલિકે જણાવ્યું હતું કે પિલખીની ગામમાં એક ઘરમાં ગેસ સિલિન્ડર લીક થવાથી વિસ્ફોટ થયો હતો. ઘરની અંદરના છ લોકો અને તેમને બચાવવા આવેલા ત્રણ લોકો દાઝી ગયા હતા. કુલ નવ લોકો ઘાયલ થયા હતા. માહિતી મળતાં જ પોલીસ અને એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે પહોંચી હતી અને તમામ ઘાયલોને તાત્કાલિક માલવાન મેડિકલ કોલેજ લઈ જવામાં આવ્યા હતા. પ્રાથમિક સારવાર આપ્યા બાદ, આઠ ઘાયલોની હાલત ગંભીર હોવાથી તેમને કાનપુર રિફર કરવામાં આવ્યા હતા. ઘાયલોને ગ્રીન કોરિડોર દ્વારા ઝડપથી કાનપુર લઈ જવામાં આવ્યા હતા, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે પ્રારંભિક તપાસમાં જાણવા મળ્યું છે કે વિસ્ફોટ ગેસ લીક ??થવાથી થયો હતો, સિલિન્ડર વિસ્ફોટથી નહીં. જિલ્લા મેજિસ્ટ્રેટ અને હું બંને ઘટનાસ્થળે પહોંચ્યા હતા. અમે માલવાન મેડિકલ કોલેજના ડોકટરો પાસેથી ઘાયલોની સારવાર વિશે પૂછપરછ કરી છે અને તેમને શ્રેષ્ઠ શક્ય તબીબી સંભાળ પૂરી પાડવા સૂચના આપી છે. ઘાયલોની સ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે. અકસ્માતની તપાસ ચાલુ છે.કલ્યાણપુર પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ સુમિત દેવ પાંડેએ જણાવ્યું હતું કે ગંભીર રીતે ઘાયલ થયેલા તમામ પીડિતોને વિશેષ સારવાર માટે કાનપુરની હેલેટ હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા છે. તેમણે વધુમાં જણાવ્યું કે અન્ય અધિકારીઓ ઘટનાસ્થળે હાજર છે અને આ મામલાની તપાસ કરવામાં આવી રહી છે.

**બિહારના સાસારામમાં**
**પહેલા પાનાનું ચાલુ**

આગ ટ્રેનના છC કોચ B-૧માં આલોટ પાસે લૂણી રીછા-વિક્રમગઢ સ્ટેશન વચ્ચે સવારે લગભગ ૫:૧૫ વાગ્યે લાગી હતી.

ઘટનાની જાણ તરત જ રેલવે કર્મચારીઓને કરવામાં આવી. તરત જ આરપીએફ અને ફાયર વિભાગની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ અને આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો.

તમામ મુસાફરોને ડબ્બામાંથી સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા અને કોઈના ઘાયલ થયાના સમાચાર નથી. જે ડબ્બામાં આગ લાગી હતી, તેને ટ્રેનથી અલગ કરવામાં આવ્યો છે. ત્યારબાદ ટ્રેન ઓપરેશનને સામાન્ય કરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી. પ્રાથમિક તપાસમાં ટેકનિકલ ખામી અથવા શોર્ટ સર્કિટથી આગ લાગી હોવાનું કહેવામાં આવી રહ્યું છે.

**કેરળના મુખ્યમંત્રી**
**પહેલા પાનાનું ચાલુ**

અને આ જીત કાર્યકર્તાઓની મહેનતનું પરિણામ છે.એમ. લિજુ, કે.એમ. શાજી, પી.કે. બશીર અને વી.ઈ. અબ્દુલ ગફૂરે કેરળ સરકારમાં કેબિનેટ મંત્રી પદના શપથ લીધા હતા.કેરળ કોંગ્રેસના નેતા મોન્સ જોસેફે મંત્રી પદના શપથ લીધા હતા. જોસેફ વકીલ છે, અને અગાઉ મંત્રી તરીકે સેવા આપી ચૂક્યા છે. તેમના પછી ઈજીના નેતા શિબુ બેબી જોન, અનૂપ જેકબ અને સીપીએમના નેતા સીપી જોનમેંત્રી પદના શપથ લીધા હતા.

કેરળના નવા મુખ્યમંત્રીના શપથ ગ્રહણ સમારોહમાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, વિપક્ષના નેતા રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી પહોંચ્યા છે. આ બધા નેતાઓ સ્ટેજ પર હાજર છે. કેરળના ભૂતપૂર્વ મુખ્યમંત્રી પિનરાઈ વિજયન પણ હાજર છે.

**કેન્દ્રીય જળશક્તિ મંત્રી**
**પેજ-૨ પાનાનું ચાલુ**

વધી શકીએ છીએ, કારણ કે 'આપણી વસ્તી ગણતરી, આપણા વિકાસ માટે' અનિવાર્ય છે એમ તેમણે ઉમેર્યું હતું. આ પ્રસંગે મહાનગરપાલિકા કમિશનર એમ. નાગરાજન, એડિશનલ સિટી સેન્સસ ઓફિસરરાકેશ મોદી, સંગઠન પ્રદેશ પ્રમુખ પરેશ પટેલ સહિત સેન્સસના અધિકારી-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**કવિયત્રિ**
**પેજ-૨ પાનાનું ચાલુ**

હેમાંગિનીબેને શબ્દ વાવેતર સાહિત્ય પરિવારના શ્રી પિનાકિન પારેખ, કિરણબેન શર્મા, શ્રી નિશિથ ભાઈ બક્ષી, જીવતીબેન પિપલિયા, તરલિકાબેન પ્રજાપતિ, શોભાબેન મિસ્ત્રી, વિજય પરમાર, મિત્તલ પરમાર, આ તમામ એડમિન શ્રી નો આભાર વ્યક્ત કર્યો હતો.

**૧૭થી ૩૧ મે**
**પેજ-૨ પાનાનું ચાલુ**

કોઈ કારણસર ઓનલાઈન 'સ્વ-ગણતરી' કરવા માટે અસમર્થ હશે, તો પણ ચિંતા કરવાની કોઈ જરૂર નથી. નિયત સમયપત્રક મુજબ વસ્તીગણતરી કરનાર કર્મચારીઓ દરેક નાગરિકના ઘરે રૂબરૂ આવીને વિગતો નોંધશે. આ પ્રથમ તબક્કા બાદ આગામી ૧લી જૂન થી ૩૦મી જૂન, ૨૦૨૬ દરમિયાન 'મકાનયાદી' (Housing Census) તૈયાર કરવાની કામગીરી હાથ ધરવામાં આવશે.

**અભંટે ગામે**
**પેજ-૨ પાનાનું ચાલુ**

બપોર બાદ અંભેટા ગામના એક ખેડૂતના ખેતરમાંથી ટેમ્પા નં:જીજે-૧૯, વાય-૭૭૨૮ ડાંગર પરાણીની બરખી ઓ ભરીને ગામ નજીકથી પસાર થઈ રહ્યો હતો.આ ટેમ્પો ગામની પ્રા.શા.પાછળના ભાગે ત્રણ રસ્તા નજીકના નવાપરા ફળિયાના રોડ પરથી પસાર થઈ રહ્યો હતો,ત્યારે રોડ ક્રોસ કરતી દ. ગુ.વીજ કંપનીની એચ.ટી.લાઈનના તારમાંથી વહી રહેલ વીજ પ્રવાહનો કરંટ સૂકી પરાણીની બરખીઓને અડતા ટેમ્પામાં અચાનક આગ ભભૂકી ઉઠી હતી.જો કે ટેમ્પા ચાલકે સમય સૂચકતા વાપરી ટેમ્પો રોડ ઉપર ઉભો રાખી ટેમ્પા ક્લિનર સાથે કેબીનમાંથી કૂદી પડતા બંન્નેનો બચાવ થયો હતો. જ્યારે આગ દુર્ઘટનાથી અફરા-તફરીના માહોલ વચ્ચે સ્થાનિકોએ ફાયર બ્રિગેડને કોલ કરતા ઘટના સ્થળે આવેલ ફાયર જવાનોએ આગને કાબુમાં લેવા સળગતી પરાણીની બરખીઓ ઉપર સતત પાણીનો મારો ચલાવ્યો હતો.જો કે ટેમ્પામાં ખીચોખીચ ભરેલ બરખીઓ અંદરથી સળગી રહી હોવાથી જવાનોએ જે.સી.બી.મશીન ની મદદ લઈ બરખીઓ બહાર કાઢી હતી.પરંતુ કેટલીક બરખીઓ સળગી રહી હોવાથી ફાયર જવાનોએ ટેમ્પામાંથી બરખીઓ જાતે બહાર ખેંચી પાણીનો મારો ચલાવી આગને સંપૂર્ણ કાબુમાં લીધી હતી.પરંતુ ઘાસચારો બળીને ભસ્મિભૂત થઈ ગયો હતો.જો કે આગ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ ન થવાથી સ્થાનિક લોકોએ રાહતનો દમ લીધો હતો.

જ્યારે ટેમ્પાને આગથી નુકસાન ઉપરાંત પશુપાલક નો ઘાસચારો બળી જવાથી કુલ રૂ.બે લાખનું નુકસાન થયાનો અંદાજ સેવાય રહ્યો છે.

**સુરતમાં હેરિટેજ**
**પેજ-૨ પાનાનું ચાલુ**

વિકસાવવા માટે સુચન કરેલ. માન. પોલીસ કમિશનરશ્રી દ્વારા જણાવવામાં આવેલ કે સુરત શહેરમાં મહત્ત્વપૂર્ણ ઐતિહાસિક ધરોહર છે અને સુરત શહેરના સ્થાપના દિવસની ઉજવણી કરવી જોઈએ. માન. પૂર્વ કેન્દ્રિય રાજ્યમંત્રી, વસ્ત્ર અને રેલવે મંત્રાલય, ભારત સરકાર શ્રીમતી દર્શનાબેન જરદોશ દ્વારા આ પહેલ માટે મ્યુનિ. કમિશનરશ્રીને અભિનંદન આપતા જણાવેલ કે સુરત શહેરના ઐતિહાસિક વારસાને સાચવવા માટે પબ્લીક પાર્ટીસીપેશન જરૂરી છે, તેમજ સુરત શહેરના જોવાલાયક સ્થળોની યાદી તૈયાર કરવા જણાવેલ. શ્રી મૃગાંક પટેલ દ્વારા સુરત શહેરના લોકોને હેરિટેજ સાથે કનેક્ટ કરવા માટેના પ્રયત્ન કરવા જણાવેલ અને સુરત શહેરનું બ્રાન્ડીગ કરવા જણાવેલ છે. શ્રી સંજય ચોકસી દ્વારા સુરત શહેરના સ્થાપના દિવસની ઉજવણી કરવા જણાવેલ. ડો. મુકુલ ચોકસી દ્વારા સુરતના કલાકારોને પ્રતિભાગી બનાવવા તેમજ મનોરંજન અને સંસ્કૃતિને જોડી પ્રયત્નો કરવા જણાવેલ.

આજરોજની થયેલ મીટીંગમાં મળેલ પ્રતિસાદ તથા સૂચનોને ધ્યાને લઈ સુરત શહેરના અલૌકીક વારસાને સાચવવા, સંરક્ષિત કરવા તથા તેને પ્રમોટ કરી ભવિષ્યની પેઢી સાથે જોડવા શક્યતા ચકાસી, શહેરીજનોને પ્લેટફોર્મ પૂરા પાડવાના આશય સાથે ટૂંક સમયમાં ફરી મીટીગ ગોઠવી આ ક્ષેત્રે આગળ વધવાનો નિશ્ચય મા. મ્યુનિ. કમિશનરશ્રીએ દર્શાવ્યો હતો.

**દ.ગુજરાત પ્રજાપતિ**
**પેજ-૨ પાનાનું ચાલુ**

વંદનાબેનનુ સમાજ દ્વારા સન્માન કરવામા આવ્યુ હતુ. આ પ્રસંગે વૈજ્ઞાનિક પરેશભાઇ પ્રજાપતિ, કોર્પોરેટરશ્રી પરિમલભાઇ ચોસિયા, દિગ્વિજયસિંહ બારડ, કેયુરભાઇ ચપટવાલા, ડો. વર્ધોની પ્રજાપતિ તથા અન્ય સંસ્થાના પ્રતિનિધિઓસહીત અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

**નામ બદલેલ છે**

મારુ જુનુ નામ **વિજયકુમાર મનસુખભાઈ સાવલીયા** હતું જે બદલીને નવું નામ **વિજયભાઈ મનસુખભાઈ સાવલીયા** રાખેલ છે. જેની સર્વે નોંધ લેવી.

**સહી : વિજયભાઈ મનસુખભાઈ સાવલીયા**

**સરનામું : ૪, પરમેશ્વર પાર્ક સોસાયટી, શ્યામ ધામ ચોક પાસે, પૂણાગામ, સુરત-૩૯૫૦૧૦**

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક
# પ્રતાપ દર્પણ
સોમવાર, તા.૧૮ મે ૨૦૨૬ | E-mail : pratap_darpan@yahoo.co.in | મો.નં.: ૯૮૨૫૫ ૩૨૫૦૫

# ટપોરી ગેંગ દ્વારા ભાજપ યુવા અગ્રણીની હત્યા

## ઉધનામાં 'ચકલી' અને પંકજ પાટીલની ગેંગના ગુંડાઓ દ્વારા ચપ્પુના ઘા ઝીંકી જય દલાલની ઘાતકી હત્યા

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૮**

સુરતના ઉધના વિસ્તારમાં યુવકની કરપીણ હત્યાની ઘટનાએ ભારે ચકચાર મચાવી છે. મૃતક યુવકની ઓળખ જય નગીનભાઈ દલાલ તરીકે થઈ છે. જય દલાલ ભાજપના મહિલા આગેવાન જયશ્રીબેન દલાલનો પુત્ર હોવાનું સામે આવ્યું છે અને મૃતક યુવક ભાજપ યુવા મોરચાનો આગેવાન હોવાનું જાણવા મળે છે. ઘટનાને લઈને વિસ્તારમાં ભારે તણાવનો માહોલ સર્જાયો હતો. પ્રાથમિક માહિતી મુજબ ગઈકાલે રાત્રે જય દલાલ પોતાના મિત્રને મળવા માટે ઘરેથી નીકળ્યો હતો. તે દરમિયાન "ચકલી" અને પંકજ પાટીલ તરીકે ઓળખાતા શખ્સો સહિત ૮થી ૧૦ જેટલા ટપોરીઓએ મળીને તેના પર જીવલેણ હુમલો કર્યો હતો. હુમલાખોરોએ ચપ્પુના ઘા ઝીંકી જય દલાલને ગંભીર રીતે ઈજાગ્રસ્ત કરી દીધો હતો. બાદમાં તેનું મોત નીપજ્યું હતું.



સ્થાનિકોમાં ચર્ચા છે કે આરોપી પંકજ પાટીલ અને "ચકલી" સહિતના શખ્સો સામે અગાઉ પણ અનેક ગુનાઓ નોંધાયેલા છે અને પોલીસ દ્વારા તેમની સામે પાસા જેવી કાર્યવાહી પણ કરવામાં આવી હતી. જય દલાલે પોલીસને આરોપીઓ અંગે માહિતી આપી હોવાની શંકાને આધારે હત્યા કરવામાં આવી હોવાની પણ ચર્ચા ચાલી રહી છે. જોકે પોલીસ દ્વારા આ મુદ્દે સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી. ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો દોડી આવ્યો હતો અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવ્યો હતો. હત્યાની ઘટનાથી પરિવારજનોમાં શોકનો માહોલ છવાઈ ગયો છે. મૃતકની માતા અને ભાજપ મહિલા આગેવાન જયશ્રીબેન દલાલે આરોપીઓને કડક સજા આપવા તથા ન્યાયની માંગણી કરી છે.



રાષ્ટ્રીય વસતિ ગણતરી કાર્યક્રમમાં તા.૧૭મી મેથી સરકારના સત્તાવાર પોર્ટલ પર જોડાઈને સ્વગણતરીની સુવિધાનો આરંભ કરાયો છે. આજે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ પોતાના ઘરે વસતિ ગણતરીનું ફોર્મ ભરીને સ્વ.ગણતરી કાર્યક્રમમાં લોકોને જોડાવા અપીલ કરી હતી. (તસવીર : હનીફ મલેક)



ગુજરાત સરકાર દ્વારા નિયુક્ત સુરતના નવા કલેક્ટર તેજસ પરમાર દ્વારા આજે સવારથી વિધિવત રીતે કલેક્ટરનો ચાર્જ સંભાળી લીધો હતો. નવા કલેક્ટરના આગમન સાથે સુરતના પૂર્વ કલેક્ટર ડો. સૌરભ પારધીને માનભેર વિદાય આપવામાં આવી છે. (તસવીર : હનીફ મલેક)

# સુરતમાં આજે પણ ઉંચુ તાપમાન હાલ રાહતની સંભવનાઓ નથી

## સુરતમાં વહેલી સવારનું તાપમાન થોડું ઘટીને નોંધાયું

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૮**

સુરત શહેર સહિત દક્ષિણ ગુજરાતમાં ઉનાળાની ગરમીનો પ્રકોપ યથાવત રહ્યો છે. શહેરમાં મહત્તમ તાપમાન ૪૧ ડિગ્રી સેલ્સિયસની આસપાસ પહોંચી જતા બપોરના સમયે રસ્તાઓ સૂમસામ જોવા મળી રહ્યા છે. ગરમ અને સૂકા પવનોને કારણે લોકોને ભારે અકળામણનો સામનો કરવો પડી રહ્યો છે. હવામાન વિભાગના અનુમાન મુજબ હાલ વરસાદની કોઈ તાત્કાલિક શક્યતા નથી અને દક્ષિણ પશ્ચિમ ચોમાસું આવવામાં હજી અંદાજે ૨૦થી ૨૫ દિવસ જેટલો સમય લાગી શકે છે. હવામાન વિભાગે જણાવ્યું છે કે ગુજરાત પ્રદેશ, સૌરાષ્ટ્ર-કચ્છ તેમજ દીવ, દમણ અને દાદરા નગર હવેલી વિસ્તારમાં વાતાવરણ સૂકું રહ્યું હતું. દક્ષિણ ગુજરાત અને કચ્છના કેટલાક ભાગોમાં મહત્તમ તાપમાનમાં વધારો નોંધાયો છે. દક્ષિણ ગુજરાતના વિસ્તારોમાં તાપમાન સામાન્ય કરતા વધુ નોંધાતા ગરમીનો અહેસાસ વધી ગયો છે.

હાલ પશ્ચિમથી ઉત્તર-પશ્ચિમ દિશાના ગરમ પવનો ફૂંકાઈ રહ્યા છે. આગામી પાંચ દિવસ દરમિયાન ગુજરાત રાજ્યના કેટલાક વિસ્તારોમાં મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીથી વધુ રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. જોકે આગામી બે દિવસ બાદ તાપમાનમાં ધીમે ધીમે ૨થી ૩ ડિગ્રીનો ઘટાડો થવાની સંભાવના પણ દર્શાવવામાં આવી છે.

બીજી તરફ દક્ષિણ પશ્ચિમ ચોમાસું આગળ વધવા માટે અનુકૂળ પરિસ્થિતિ સર્જાઈ રહી હોવાનું હવામાન વિભાગે જણાવ્યું છે. કેરળમાં ચોમાસું ૨૬ મે આસપાસ બેસવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે, પરંતુ ગુજરાત સુધી પહોંચતા તેને હજુ સમય લાગશે.

# અઠવાલાઈન્સ પોલીસ હેડ ક્વાટરના ફ્લેટમાંથી રૂા.૧.૯૨ લાખની ચોરી

## પોલીસના ઘરે ચોરે ચોરી કરતા પોલીસ બેડામાં ચકચાર

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૮**

સુરતના અઠવાલાઈન્સ વિસ્તારમાં આવેલા પોલીસ હેડક્વાર્ટરના ક્વાર્ટરમાં ચોરીની ઘટના સામે આવતા પોલીસ બેડામાં પણ ચકચાર મચી જવા પામી છે. પોલીસ કર્મચારીના નિવાસસ્થાને અજાણ્યા તસ્કરે હાથફેરો કરી રોકડ રકમ અને સોનાના દાગીના મળી કુલ રૂ.૧.૯૨ લાખની મત્તા ચોરી કરી ફરાર થઈ ગયો હતો. આ અંગે અઠવાલાઈન્સ પોલીસ દ્વારા ગુનો નોંધી તપાસ શરૂ કરવામાં આવી છે. પ્રાપ્ત માહિતી મુજબ જયાબેન ભાવેશભાઈ રામસીંગભાઈ ભીલ (ઉં.વ.૩૧), રહે. ડી/૫૩, પ્રથમ માળ, ૧૧૨ ક્વાટર્સ, પોલીસ હેડક્વાર્ટર્સ, અઠવાલાઈન્સે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ અનુસાર તા.૧૬ મે ૨૦૨૬ના રોજ સાંજે ૭:૩૦થી રાત્રે ૧૧ વાગ્યાના સમયગાળા દરમિયાન અજાણ્યો તસ્કર તેમના ફ્લેટ સુધી પહોંચ્યો હતો.

તસ્કરે ફ્લેટના દરવાજાને બહારથી મારેલો સ્ટોપર ખોલી ઘરમાં પ્રવેશ કર્યો હતો. બાદમાં બેડરૂમમાં રાખેલા કબાટના ખાનામાંથી રોકડા રૂ.૫૨ હજાર તથા ભાવેશભાઈની ત્રણ સોનાની જેન્ટસ વીટી ચોરી કરી લીધી હતી. ત્રણેય વીટીનું કુલ વજન આશરે દસ ગ્રામ જેટલું હોવાનું અને તેની કિંમત અંદાજે રૂ.૧.૪૦ લાખ જેટલી હોવાનું પોલીસ ફરિયાદમાં જણાવાયું છે.

# ડોક્ટરની બેદરકારી અંગે ૧૫.૫૦ લાખના વળતરની માંગણી રદ

## સ્મીમેરના તબીબે જમણીને બદલે ડાભી દાઢ કાઢી નાખતા ગ્રાહક કોર્ટમાં દાવો કરાયો હતો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૮**

સુરત સ્મીમેર હોસ્પિટલના દાંત વિભાગના ડોક્ટરોએ બેદકરારી દાખવી જમણી બાજુને બદલે ડાબી બાજુની દાઢ કાઢી નાંખી હોવાનો આક્ષેપ કરી રૂ.૧૫.૫૦ લાખનુ વળતર મેળવવા દર્દીના પિતાએ કરેલી અરજી ગ્રાહક કોર્ટે નકારી કાઢી હતી.

સુરત શહેરમાં રહેતા અશોક વર્માએ સ્મીમેર હોસ્પિ.ના દાંત વિભાગના ડોક્ટરો ડો.તેજલ ચૌધરી અને ડો.મોહન અરોરા વિરૂદ્ધ ફરિયાદ કરી હતી. ફરિયાદમાં જણાવ્યું હતું કે, આ તબીબોએ તેમની પુત્રી નીતુની જમણી બાજુને બદલે ડાબી બાજુની સારી દાઢ કાઢી નાખી બેદરકારી દાખવી હતી. જેથી વળતર પેટે રૂ ૧૫.૫૦ લાખ મેળવવા માગ કરી હતી. જેથી ડો. મોહન અરોરા વતી એડવોકેટ શ્રેયસ દેસાઈ અને ડો. તેજલ ચૌધરીએ દલીલ કરી હતી કે એક્સ-રે મુજબ દર્દીને બંને બાજુની દાઢમાં સડો હતો અને નિયમ મુજબ જ સારવાર કરાઈ હતી. આ ઉપરાંત ટેકનિકલ એક્સપર્ટ કમિટી' અને 'ગુજરાત સ્ટેટ ડેન્ટલ કાઉન્સિલ' એ પણ તબીબોને ક્લીન ચીટ આપી હતી. કમિશનના પ્રમુખ ન્યાયાધીશ આર. એલ. ઠક્કર અને સભ્ય પૂર્વીબેન જોષીની બેન્ચે ચુકાદો આપ્યો કે સારવારમાં કોઈ બેદરકારી સાબિત થતી નથી. દર્દીના પિતાની અરજી રદ કરી દીધી હતી.

# રિક્ષામાં સવાર વૃદ્ધની ચેઈન અને રોકડ મળી ૧.૦૫ લાખની ચોરી

## રિક્ષા લઈને ફરતી ચોર ટોળકીએ મહિધરપુરામાં વધુ એક નિશાન પાર પાડ્યું

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૮**

મહિધરપુરા વિસ્તારમાં વૃદ્ધને રીક્ષામાં બેસાડી ચોરી કરનાર ગેંગ ફરી સક્રિય થઈ હોવાનું સામે આવ્યું છે. અજાણ્યા રીક્ષા ચાલક અને ત્રણ શખ્સોએ મળીને ૮૨ વર્ષીય વૃદ્ધ પાસેથી સોનાની ચેઈન અને રોકડ રકમ મળી કુલ રૂ.૧.૦૫ લાખની મત્તા ચોરી કરી ફરાર થઈ ગયા હતા. બનાવ અંગે મહિધરપુરા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ અલથાણ ભીમરાડ કેનાલ રોડ સ્થિત સિદ્ધિ એલીપ એપાર્ટમેન્ટમાં રહેતા નિવૃત્ત રમેશચંદ્ર ઠાકોરદાસ ટેલર (ઉ.વ.૮૨) એ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ તા.૧૫ મે ૨૦૨૬ના રોજ સાંજે પોણા છથી સવા છ વાગ્યાના અરસામાં તેઓ ઘરે જવા માટે નીકળ્યા હતા. તે દરમિયાન ભટ્ટીશેરીના નાકેથી દિલ્હીગેટ જવા માટે ભાગળ ચાર રસ્તા તરફથી આવતી પીળા રંગની હુડવાળી રીક્ષામાં તેઓ બેસ્યા હતા. રીક્ષામાં પહેલેથી ત્રણ અજાણ્યા શખ્સો બેઠેલા હતા. દરમિયાન મહિધરપુરાના નાકે પીરછડી રોડ પર રિદ્ધિ ક્રેકર્સની દુકાન નજીક પહોંચતા રીક્ષા ચાલક અને અન્ય શખ્સોએ મળીને વૃદ્ધની સોનાની ચેઈન ચોરી લીધી હતી. ચેઈનમાં લક્ષ્મીજીના ચિન્હવાળું પેન્ડલ તથા સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના સ્ટારનું નિશાન હોવાનું જણાવાયું છે.

# એમ્બ્રોઈડરી જોબવર્કના બહાને વેપારી દ્વારા ૧.૪૧ કરોડની ઠગાઈ

## દુકાન અને મોબાઈલ ફોન બંધ કરી વેપારીએ કરેલું ઉઠમણું

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૮**

અમરોલી વિસ્તારમાં એમ્બ્રોડરી જોબવર્કના બહાને કરોડો રૂપિયાની છેતરપીડીનો ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. અમરોલી ખાતે સિયારામ એમ્બ્રો આર્ટ ચલાવતા પવન ધીરુભાઈ ચાંદપરા (ઉ.વ.૨૭)એ અમરોલી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં સલાબતપુરા રીંગરોડ સ્થિત સાઈદર્શન માર્કેટમાં જય જીન ફેબ નામની દુકાન ચલાવતા નિતેશ સાવરમલ અગ્રવાલ, દલાલ સુરેશભાઈ લાખણકિયા, મુકેશભાઈ પોપટભાઈ બલ્લર સહિત અન્ય લોકોને આરોપી તરીકે દર્શાવવામાં આવ્યા છે.

ફરિયાદ મુજબ આરોપી નિતેશ અગ્રવાલે દલાલો મારફતે ફરીયાદીની સિયારામ એમ્બ્રો આર્ટ ખાતે સાડીના કાપડ ઉપર એમ્બ્રોડરી, ડાયમંડ સ્ટોન વર્ક તથા સીલાઈનું જોબવર્ક કરાવ્યું હતું. તા.૧૪ નવેમ્બર ૨૦૨૫થી તા.૦૫ મે ૨૦૨૬ દરમિયાન અલગ અલગ ઓર્ડર આપી માલ તૈયાર કરાવી લેવામાં આવ્યો હતો. ફરીયાદી પાસેથી કુલ રૂ.૪૮.૦૬ લાખથી વધુનું કામ કરાવી માલ મેળવી લેવામાં આવ્યો હતો, પરંતુ તેની ચુકવણી કરવામાં આવી ન હતી. આરોપીઓએ અન્ય ૧૮ વેપારીઓ પાસેથી પણ જોબવર્ક તથા તૈયાર માલ મેળવ્યો હતો. તમામ વેપારીઓને મળીને કુલ રૂ.૧.૪૧ કરોડથી વધુની રકમ બાકી હોવા છતાં આરોપીઓએ દુકાન બંધ કરી દીધી હતી અને મોબાઈલ ફોન સ્વીચ ઓફ કરી ફરાર થઈ ગયા હતા.

# ચેક રિટર્ન કેસમાં વેપારીને એક વર્ષની સજા કરતી કોર્ટ

## ભાઈના દેવાની જવાબદારી લેનાર ભાઈ ચેક રિટર્ન કેસમાં ફસાયો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૮**

ભાઈના યાર્નના દેવાની જવાબદારી લઈ પેમેન્ટ પેટે ચેક આપનાર સગા ભાઈને ચેક રિટર્ન કેસમાં કોર્ટે ૧ વર્ષની કેદની સજા કરી હતી.

રિંગરોડ ખાતે ત્રિવિધ ચેમ્બર્સમાં યશશ્વી પોલીયેસ્ટર્સના નામે રાકેશ શશીકાંત મોદી યાર્નનો વેપાર કરે છે. રાકેશ મોદી પાસેથી જલારામ ટેક્સટાઈલ્સના માલિક કેનીથ નવીનચંદ્ર જાખરૂવાલાએ યાર્નનો માલ ઉધારીમાં ખરીદ્યો હતો. દરમિયાન કેનીથ જાખરૂવાલાએ ૨૬.૦૩ લાખ ચૂકવ્યા અને બાકીના રૂ.૧૮.૫૭ લાખની રકમ ચૂકવવાની બાકી નિકળતી હતી. જેથી કેનીથ જાખરૂવાલાના સગાભાઈ દિપક જાખરૂવાલા કે જેઓ જ્યોતિ ટેક્સટાઈલ્સના માલિક છે તેઓએ બાકીની રકમ રૂ.૧૮.૫૭ લાખ ચૂકવવાની જવાબદારી લીધી હતી અને બાદમાં દિપક જાખરૂવાલાએ રૂ.૧૮.૫૭ લાખનો ચેક રાકેશ મોદીને આપ્યો હતો. જે ચેક રિટર્ન થયો હતો. જેથી રાકેશ મોદીએ વકીલ નરેશ ગોહિલ મારફતે ચેક રિટર્નનો કેસ કર્યો હતો. કોર્ટે ચેક રિટર્નના કેસમાં દિપક જાખરૂવાલાને ૧ વર્ષની સજા અને ચેકની રકમ વ્યાજ સાથે ચૂકવવા આદેશ કર્યો હતો.

# સુરતની કાર સાપુતારામાં પલટી

## ટેબલ પોઈન્ટ પર ચઢતી વખતે અકસ્માત : સુરતના પરિવારનો બચાવ

**સાપુતારા, તા.૧૮**

ગિરિમથક સાપુતારામાં પ્રવાસીઓ માટે લોકપ્રિય ગણાતા ટેબલ પોઈન્ટ વિસ્તારમાં એક ગંભીર અકસ્માત સર્જાતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ટેબલ પોઈન્ટના ઊંચા ચઢાણ પર એક અર્ટિગા કાર કાબૂ ગુમાવતા રિવર્સમાં આવીને પલટી મારી ગઈ હતી. જોકે, સદનસીબે કારમાં સવાર સુરતના તમામ ૭ પ્રવાસીઓનો ચમત્કારિક બચાવ થતા મોટી જાનહાનિ ટળી હતી. પ્રાથમિક માહિતી અનુસાર, સુરતનો એક પરિવાર મારુતિ સુઝુકી કંપનીની અર્ટિગા કારમાં શિરડી ખાતે દર્શન કરવા ગયો હતો. શિરડીથી પરત ફરતી વખતે આ પરિવાર સાપુતારાના પ્રખ્યાત ટેબલ પોઈન્ટની મુલાકાતે પહોંચ્યો હતો.



ટેબલ પોઈન્ટ તરફ જતા ઊભા ચઢાણવાળા રસ્તા પર ડ્રાઈવરે અચાનક કાર પરનો કાબૂ ગુમાવી દીધો હતો. ડ્રાઈવરે કારને નિયંત્રિત કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ કાર પાછળ સરકીને રસ્તા પર જ પલટી મારી ગઈ હતી. આ ઘટનામાં કારને ભારે નુકસાન થયું હતું. અકસ્માત થતાં જ આસપાસના લોકો તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા અને કારમાં ફસાયેલા તમામ ૭ પ્રવાસીઓને સુરક્ષિત બહાર કાઢ્યા હતા. આ દુર્ઘટનામાં કોઈને ગંભીર ઈજા થઈ ન હતી. સામાન્ય ઈજા પામેલા પ્રવાસીઓને સ્થળ પર જ પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ અને રાહતની ટીમ પણ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આ ઘટનાએ પહાડી અને ઘાટવાળા વિસ્તારોમાં વાહન ચલાવતી વખતે રાખવી પડતી સાવચેતીની જરૂરિયાત ફરી એકવાર ઉજાગર કરી છે. સ્થાનિક વહીવટી તંત્ર અને નાગરિકોએ પ્રવાસીઓને અજાણ્યા તેમજ ઊંચા ઢોળાવવાળા રસ્તાઓ પર ધીમી ગતિએ વાહન ચલાવવા અને વાહનની ટેકનિકલ સ્થિતિ (બ્રેક વગેરે) ચકાસીને જ મુસાફરી કરવાની સલાહ આપી છે.

# ઉધનામાં વધુ એક યુવાન પર કરાયેલો જીવલેણ હુમલો

## ઈજાગ્રસ્ત યુવક ગંભીર હાલતમાં હોસ્પિટલમાં દાખલ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૮**

ઉધના વિસ્તારમાં જાણે પોલીસનો કોઈ ખોફ જ ન હોય તેમ ગુનેગારો બેફામ બનીને જીવલેણ હુમલો કરવામાં જરાય અચકાઈ રહ્યા નથી. ભાજપના જ સક્રિય મહિલા કાર્યકર્તાના પુત્રની હત્યાના સમાચાર વચ્ચે વધુ એક યુવક ઉપર જીવલેણ હુમલો થયો હોવાની ઘટના પણ પ્રકાશમાં આવતા ઉધના પોલીસ ઉપર અનેક સવાલો ઉભા થઈ રહ્યા છે.

ઉધના વિસ્તારમાં આવેલા કૈલાસનગરથી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે, જ્યાં એક યુવક પર જીવલેણ હુમલો કરવામાં આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. અંગત અદાવત કે અન્ય કોઈ કારણોસર થયેલા આ હુમલામાં યુવકને શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી છે.

લોહીલુહાણ હાલતમાં ભોગ બનનાર યુવકને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો છે, જ્યાં તેની સ્થિતિ અત્યંત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે.

ઘટનાની જાણ થતાં જ ઉધના પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસે ગુનો નોંધીને આસપાસના સીસીટીવી ફૂટેજ ચકાસવા સહિત આરોપીઓને પકડવા માટે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

# લીંબાયતમાં ૧૬ વર્ષિય પરિણીતાનો આપઘાત

## રહસ્યમય રીતે મોતને વ્હાલુ કરનાર પરિણીતાની સાચી ઉંમર અંગે પોલીસે તપાસ શરૂ કરી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૮**

લિંબાયત ખાતે રહેતી ૧૬ વર્ષીય પરિણીતાએ રહસ્મય સંજોગોમાં ફાંસો ખાઈ મોતને વ્હાલું કર્યું હતું. તેણીએ ક્યાં કારણોસર પગલું ભર્યું તે જાણવા મળ્યું નથી. લિંબાયત પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

લિંબાયત પોલીસ સ્ટેશન તરફથી મળતી માહિતી અનુસાર લિંબાયત રત્નપ્રભા સોસાયટીમાં રહેતા અને ડિઝાઈનર તરીકે કામ કરતા દિપક રાજુ નાઈએ તેના નજીકના સંબંધીની દીકરી એશ્વર્યા નાઈ(જેની ઉમર ૧૬ વર્ષ) સાથે લગ્ન કર્યા હતા.

દરમિયાન ગઈ કાલે બપોરે ઐશ્વર્યાએ ઘરમાં ફાંસો લગાવી આત્મહત્યા કરી લીધી હતી. લિંબાયત પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. તપાસ કરનાર અધિકારીએ જણાવ્યું હતું કે તેણીએ ક્યાં કારણોસર પગલું ભર્યું તે જાણવા માટેની તપાસ ચાલી રહી છે. મૃતકના પરિવારના કેટલાક સંબંધીઓ તેની ઉંમર ૧૮ વર્ષ પણ બતાવી રહ્યા છે જેથી તેણીના ઉંમરના પુરાવાના ડોક્યુમેંટની વેરીફાઈ કરવામાં આવી રહી છે. મૃતકની સાચી ઉમર શું છે તેની તપાસ કરાઈ રહી છે.

# પાંડેસરામાં વાહન અકસ્માતમાં ૧૩ વર્ષના છોકરાનું કરૂણ મોત થયું

## ચાર બહેનોનો એકનો એક ભાઈ મોતને ભેટતા સમગ્ર વિસ્તારમાં અરેરાટી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૮**

સુરતના પાંડેસરા વિસ્તારમાં વેકેશનની ખુશીઓ માતમમાં ફેરવાઈ ગઈ છે. મૂળ બિહારના ભોજપુર જિલ્લાના વતની અને હાલ પાંડેસરામાં રહેતા ચંદુ શાહના પરિવાર પર આભ તૂટી પડ્યું છે. ચંદુ શાહને સંતાનમાં ચાર દીકરીઓ અને તેમની વચ્ચે એકનો એક લાડકવાયો ૧૩ વર્ષનો દીકરો સંજીત હતો. ચાર બહેનોના આ એકમાત્ર ભાઈનું અકસ્માતમાં કરૂણ મોત નીપજ્યું છે.

હાલ શાળામાં વેકેશન હોવાથી સંજીત ખૂબ ખુશ હતો અને ગઈકાલે પોતાના મિત્રો સાથે ઘર નજીક રમવા માટે નીકળ્યો હતો. રમત-ગમતમાં વ્યસ્ત સંજીતને રસ્તા પરથી પસાર થઈ રહેલા એક અજાણ્યા વાહન ચાલકે જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માત એટલો ભયાનક હતો કે ગંભીર ઈજાઓ થવાના કારણે સંજીતનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું.

ઘટનાની જાણ થતાં જ પરિવારમાં ચીસાચીસ થઈ ગઈ હતી. વેકેશનની મસ્તી વચ્ચે ચાર બહેનોના એકના એક લાડકવાયા ભાઈનું અચાનક અવસાન થતાં સમગ્ર પરિવાર અને સ્થાનિક વિસ્તારમાં ઘેરા શોકનો માહોલ છવાઈ ગયો છે. પોલીસે આ મામલે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરીહતી.